# પંદરમી ગુજરાત વિધાનસભા

## બીજું સત્ર, ૨૦૨૩

## તારાંકિત પ્રશ્નોત્તરી

### મંગળવાર, ૨૧મી માર્ચ, ૨૦૨૩

**જવાબ આપનાર મંત્રીશ્રીઓ :**

**(૧) માનનીય મંત્રીશ્રી** **:** કૃષિ, પશુપાલન, ગૌસંવર્ધન, મત્સ્યોદ્યોગ, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ

**(૨) માનનીય મંત્રીશ્રી** **:** આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ

# ૧

**વડોદરા જિલ્લામાં ધો.-૯માં અભ્યાસ કરતી અનુસૂચિત જનજાતિની વિદ્યાર્થિનીઓને સાયકલ આપવાની યોજના**

* ૨૩૮૩ **શ્રી કેયુર રોકડિયા** (સયાજીગંજ) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં ધોરણ-૯માં અભ્યાસ કરતી અનુસૂચિત જનજાતિની વિદ્યાર્થિનીઓને સાયકલ આપવા માટે યોજના અમલમાં છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં આ યોજના અંતર્ગત કેટલી વિદ્યાર્થિનીઓને સાયકલ ભેટ આપવામાં આવી છે, અને | (૨) કુલ ૧૬૬૫ વિદ્યાર્થિનીઓને સાયકલ ભેટ આપવામાં આવી છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ તેની પાછળ કેટલો ખર્ચ થયો ? | (૩) કુલ ખર્ચ રૂ. ૭૩.૦૦ લાખ. |

---------

# ૨

**ખેડા જિલ્લામાં ખાણદાણ સહાય યોજના**

* ૨૪૨૮ **શ્રી યોગેન્દ્રસિંહ પરમાર** (ઠાસરા) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં પશુપાલકોના ગાભણ પશુઓ (ગાય/ભેંસ) માટે ખાણદાણ સહાય યોજના હેઠળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૧) રૂ. ૧,૦૩,૧૮,૩૭૫ /- |
| (૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલા પશુપાલકોને તેનો લાભ આપવામાં આવ્યો ? | (૨) ૨૮૧૪ |

---------

# ૩

**દાહોદ જિલ્લામાં આદિજાતિના લોકો માટેની આવાસ યોજના**

* ૨૩૯૦ **શ્રી શૈલેષભાઈ ભાભોર** (લીમખેડા) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં આદિજાતિ વ્યક્તિઓને આવાસ આપવાની યોજના અમલમાં છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજના હેઠળ શાં લાભ આપવામાં આવે છે, અને | (૨) આ યોજના હેઠળ રૂ. ૧,૨૦,૦૦૦/- ની સહાય આપવામાં આવે છે. |

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં આ યોજના અંતર્ગત કેટલી સહાય આપવામાં આવેલ છે ?

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં આ યોજના અંતર્ગત કુલઃ- ૯૧૩.૭૭ લાખની સહાય આપવામાં આવેલ છે.

---------

# ૪

## જામનગર જિલ્લામાં ગુણોત્સવ-૨ અંતર્ગત પ્રાથમિક શાળાઓનું મૂલ્યાંકન

* ૨૩૯૬ **શ્રીમતી રિવાબા જાડેજા** (જામનગર ઉત્તર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન ગુણોત્સવ-૨ અંતર્ગત જામનગર જિલ્લાની પ્રાથમિક શાળાઓના મૂલ્યાંકનની શું સ્થિતિ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મૂલ્યાંકન સંદર્ભે સરકાર દ્વારા શાં પગલાં લેવામાં આવ્યા ?

**જવાબ**

(૧)

| જિલ્લો | શૈક્ષણિક વર્ષ | મૂલ્યાંકન માટે નિયત થયેલ શાળાઓ | મૂલ્યાંકનની કામગીરી પૂર્ણ થયેલ શાળાઓ |
|---|---|---|---|
| જામનગર | ૨૦૨૧-૨૨ | ૭૧૦ | ૭૧૦ |
| | ૨૦૨૨-૨૩ | ૭૧૩ | ૫૬૨ |

(૨) • મૂલ્યાંકન થયેલ તમામ શાળાઓને ગુણોત્સવ-૨.૦ અંતર્ગત રીપોર્ટ કાર્ડ આપવામાં આવ્યા છે. જેમાં મુખ્યક્ષેત્ર અને પેટાક્ષેત્ર પ્રમાણે તેમની શાળાની સારી બાબતો અને શાળાની સુધારાત્મક બાબતો ઉપરાંત શાળાને પ્રાપ્ત થયેલ ગ્રેડ અને ટકા પણ દર્શાવવામાં આવે છે.

• રાજ્ય કક્ષાએથી રાજ્યના તમામ જિલ્લાઓના જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, પ્રાચાર્યશ્રી, ડાયટ, બી.આર.સી કૉ.-ઑર્ડિનેટરને મૂલ્યાંકન થયેલ શાળાઓની ગુણાત્મક સુધારણા માટે માર્ગદર્શન આપવામાં આવ્યું. સમયાંતરે જિલ્લા અને રાજ્ય કક્ષાએથી રીવ્યુ કરવામાં આવે છે.

• ગુણોત્સવ-૨.૦ અંતર્ગત વિદ્યાર્થીઓની હાજરી એક માપદંડ છે. વિદ્યા સમીક્ષા કેન્દ્ર દ્વારા રાજ્ય કક્ષાએથી હાજરી અંતર્ગત અનિયમિતતા માટે મોનીટરીંગ દ્વારા સુધારાત્મક પગલાં માટે શાળાઓને માર્ગદર્શન આપવામાં આવે છે.

•વિદ્યા સમીક્ષા કેન્દ્ર પાસેથી મેળવેલ વિષયવાર સામયિક કસોટીના ગુણની વિગતો રીપોર્ટ કાર્ડમાં લેવામાં આવે છે. જેનાથી સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન કરીને ઉપચારાત્મક કાર્ય થાય છે.

---------

# ૫

## અમદાવાદ જિલ્લામાં ધો.-૯માં અભ્યાસ કરતી અનુસૂચિત જનજાતિની વિદ્યાર્થિનીઓને સાયકલ આપવાની યોજના

* ૨૩૭૯ **શ્રીમતી કંચનબેન રાદડિયા** (ઠક્કરબાપાનગર) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં ધોરણ-૯માં અભ્યાસ કરતી અનુસૂચિત જનજાતિની વિદ્યાર્થિનીઓને સાયકલ આપવા માટે યોજના અમલમાં છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં આ યોજના અંતર્ગત કેટલી વિદ્યાર્થિનીઓને સાયકલ ભેટ આપવામાં આવી છે, અને

**જવાબ**

(૧) હા, જી.

(૨) કુલ ૩૧૮ વિદ્યાર્થિનીઓને સાયકલ ભેટ આપવામાં આવી છે.

(૩) ઉક્ત સ્થિતિએ તેની પાછળ કેટલો ખર્ચ થયો ? (૩) કુલ ખર્ચ રૂ. ૧૩.૭૬ લાખ.

---------

# ૬

## મહેસાણા જિલ્લામાં ચોખાપાક નિદર્શન યોજના

* ૨૪૩૩ **શ્રી સરદારભાઈ ચૌધરી** (ખેરાલુ) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં સીસ્ટેમિક રાઇસ ઇન્ટેન્સીવફીકેશન પદ્ધતિથી ચોખાપાક નિદર્શન યોજના હેઠળ કેટલા નિદર્શન ગોઠવવામાં આવ્યા, અને | (૧) ૩૦૦ |
| (૨) તે માટે કુલ કેટલી સહાયની રકમ ચૂકવવામાં આવી ? | (૨) રૂ. ૮,૭૪,૯૮૪ /– |

---------

# ૭

## ગાંધીનગર જિલ્લામાં ગુણોત્સવ–૨ અંતર્ગત પ્રાથમિક શાળાઓનું મૂલ્યાંકન

* ૨૩૯૭ **શ્રીમતી રિટાબેન પટેલ** (ગાંધીનગર ઉત્તર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન ગુણોત્સવ–૨ અંતર્ગત ગાંધીનગર જિલ્લાની પ્રાથમિક શાળાઓના મૂલ્યાંકનની શું સ્થિતિ છે, અને

**જવાબ**

(૧)

| જિલ્લો | શૈક્ષણિક વર્ષ | મૂલ્યાંકન માટે નિયત થયેલ શાળાઓ | મૂલ્યાંકનની કામગીરી પૂર્ણ થયેલ શાળાઓ |
|---|---|---|---|
| ગાંધીનગર | ૨૦૨૧–૨૨ | ૬૧૧ | ૬૧૧ |
| | ૨૦૨૨–૨૩ | ૬૧૩ | ૫૧૩ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મૂલ્યાંકન સંદર્ભે સરકાર દ્વારા શાં પગલાં લેવામાં આવ્યા ?

(૨)

- મૂલ્યાંકન થયેલ તમામ શાળાઓને ગુણોત્સવ–૨ અંતર્ગત રીપોર્ટ કાર્ડ આપવામાં આવ્યા છે. જેમાં મુખ્યક્ષેત્ર અને પેટાક્ષેત્ર પ્રમાણે તેમની શાળાની સારી બાબતો અને શાળાની સુધારાત્મક બાબતો ઉપરાંત શાળાને પ્રાપ્ત થયેલ ગ્રેડ અને ટકા પણ દર્શાવવામાં આવે છે.
- રાજ્ય કક્ષાએથી રાજ્યના તમામ જિલ્લાઓના જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, પ્રાચાર્યશ્રી, ડાયટ, બી.આર.સી કૉ.–ઑર્ડિનેટર, સી.આર.સી. કૉ.–ઑર્ડિનેટરને મૂલ્યાંકન થયેલ શાળાઓની ગુણાત્મક સુધારણા માટે માર્ગદર્શન આપવામાં આવ્યું. સમયાંતરે જિલ્લા અને રાજ્ય કક્ષાએથી રીવ્યુ કરવામાં આવે છે.
- ગુણોત્સવ–૨ અંતર્ગત વિદ્યાર્થીઓની હાજરી એક માપદંડ છે. વિદ્યા સમીક્ષા કેન્દ્ર દ્વારા રાજ્ય કક્ષાએથી હાજરી અંતર્ગત અનિયમિતતા માટે મોનીટરીંગ દ્વારા સુધારાત્મક પગલાં માટે શાળાઓને માર્ગદર્શન આપવામાં આવે છે.
- વિદ્યા સમીક્ષા કેન્દ્ર પાસેથી મેળવેલ વિષયવાર સામયિક કસોટીના ગુણની વિગતો રીપોર્ટ કાર્ડમાં લેવામાં આવે છે. જેનાથી સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન કરીને ઉપચારાત્મક કાર્ય થાય છે.

---------

# ૮

## સાબરકાંઠા અને ખેડા જિલ્લામાં ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારો બાબત

* ૩૨૯૯ **ડૉ. તુષાર ચૌધરી** (ખેડબ્રહ્મા) : **માનનીય ગ્રામ, ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ સાબરકાંઠા અને ખેડા જિલ્લામાં જિલ્લાવાર ગરીબી રેખાથી નીચે જીવતા ૦ થી ૧૬ ગુણાંકવાળા અને ૧૭ થી ૨૦ ગુણાંકવાળા પરિવારોની સંખ્યા કેટલી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર, જિલ્લાવાર ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારોમાં કેટલા પરિવારોનો વધારો કે ઘટાડો થયો ?

**જવાબ**

(૧)

| જિલ્લો | ૦ થી ૧૬ ગુણાંકવાળા પરિવારો | ૧૭ થી ૨૦ ગુણાંકવાળા પરિવારો |
|---|---|---|
| સાબરકાંઠા | ૪૨૭૭૬ | ૫૪૭૯૭ |
| ખેડા | ૬૩૦૮૩ | ૮૯૫૦૨ |

(૨)

| જિલ્લો | ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારોમાં થયેલ વધારો | | ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારોમાં થયેલ ઘટાડો | |
|---|---|---|---|---|
| | તા. ૧–૧–૨૦૨૧ થી ૩૧–૧૨–૨૦૨૧ | તા. ૧–૧–૨૦૨૨ થી ૩૧–૧૨–૨૦૨૨ | તા. ૧–૧–૨૦૨૧ થી ૩૧–૧૨–૨૦૨૧ | તા. ૧–૧–૨૦૨૨ થી ૩૧–૧૨–૨૦૨૨ |
| સાબરકાંઠા | ૧૨૯ | ૧૭૨ | ૦ | ૦ |
| ખેડા | ૦૩ | ૦૨ | ૦ | ૦ |

---------

# ૯

## બનાસકાંઠા જિલ્લામાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના (વૉટરશેડ કમ્પોનન્ટ) ખેતરપાળા

* ૨૩૬૭ **શ્રી પ્રવિણકુમાર માળી** (ડીસા) : **માનનીય ગ્રામ, ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૩–૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના (વોટરશેડ કમ્પોનન્ટ) અંતર્ગત બનાસકાંઠા જિલ્લામાં કેટલા રર્નીંગ મીટરના ખેતરપાળા થયેલ છે,

(૨) તેનાથી ઉક્ત સ્થિતિએ કેટલા ખેડૂતોને લાભ મળેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ તેની પાછળ કેટલી રકમ ખર્ચ થયેલ છે ?

**જવાબ**

(૧)

| ૨૦૨૦–૨૧ | ૨૦૨૧–૨૨ |
|---|---|
| ૧૩,૫૪,૦૯૪ | ૫,૮૫,૮૫૦ |

(૨) ૧૧,૨૩૪

(૩) રૂ. ૮૪૭.૬૩ લાખ.

---------

# ૧૦

## કચ્છ જિલ્લામાં કૃષિલક્ષી કૌશલ્ય વિકાસ તાલીમ કાર્યક્રમ

* ૨૪૪૫ **શ્રી કેશુભાઈ પટેલ** (ભુજ) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કૃષિલક્ષી કૌશલ્ય વિકાસ તાલીમ કાર્યક્રમ અંતર્ગત કચ્છ જિલ્લામાં કેટલા ખેડૂતોએ સંસ્થાકીય તાલીમમાં ભાગ લીધો,

(૨) તે પૈકી કેટલી મહિલા તાલીમાર્થી અને કેટલા પુરૂષ તાલીમાર્થીઓએ ભાગ લીધો, અને

(૩) ઉક્ત સ્થિતિએ તે પેટે કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) ૧૦૦૬

(૨) ૪૬૦ મહિલા અને ૫૪૬ પુરૂષ.

(૩) રૂ. ૧૦,૫૫,૬૨૭/–

---------

# ૧૧

## આણંદ અને ખેડા જિલ્લામાં પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ઘટ

* ૨૭૨૪ **શ્રી અમીત ચાવડા** (આંકલાવ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૧–૨૦૨૩ની સ્થિતિએ આણંદ અને ખેડા જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની કેટલી ઘટ છે, અને

**જવાબ**

(૧)

| જિલ્લો | તાલુકો | શિક્ષકોની ઘટ | | | |
|---|---|---|---|---|---|
| | | સરકારી પ્રાથમિક | ગ્રાન્ટેડ પ્રાથમિક | સરકારી માધ્યમિક | ગ્રાન્ટેડ માધ્યમિક |
| આણંદ | આણંદ | ૧૪૨ | ૧૨ | ૦૦ | ૩૩ |
| | ઉમરેઠ | ૫૪ | ૦૨ | ૦૦ | ૧૪ |
| | બોરસદ | ૧૧૪ | ૧૦ | ૦૧ | ૧૪ |
| | આંકલાવ | ૪૬ | ૦૧ | ૦૦ | ૧૩ |
| | પેટલાદ | ૧૦૩ | ૦૬ | ૦૦ | ૧૨ |
| | સોજીત્રા | ૧૯ | ૦૧ | ૦૦ | ૦૩ |
| | ખંભાત | ૧૦૯ | ૦૪ | ૦૧ | ૦૮ |
| | તારાપુર | ૪૮ | ૦૦ | ૦૧ | ૦૬ |
| ખેડા | નડીયાદ | ૧૩૪ | ૧૦ | ૦૧ | ૧૭૭ |
| | માતર | ૮૫ | ૦૧ | ૦૧ | ૧૮ |
| | ખેડા | ૫૯ | ૦૧ | ૦૦ | ૧૪ |
| | કપડવંજ | ૬૭ | ૦૮ | ૦૦ | ૩૬ |
| | મહેમદાવાદ | ૧૨૦ | ૦ | ૦૧ | ૪૭ |
| | મહુધા | ૫૬ | ૦ | ૦૦ | ૨૪ |
| | ઠાસરા | ૭૦ | ૦૧ | ૦૦ | ૩૬ |
| | ગળતેશ્વર | ૫૪ | ૦૩ | ૦૦ | ૧૭ |
| | કઠલાલ | ૮૮ | ૦૩ | ૦૦ | ૪૪ |
| | વસો | ૩૧ | ૦૩ | ૦૦ | ૧૦ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા ૨ વર્ષમાં શિક્ષકોની ઉક્ત ઘટ પૂર્ણ કરવા સરકાર દ્વારા શાં પગલાં ભરવામાં આવેલ છે ?

(૨) **પ્રાથમિક શાળાઓઃ–**

- આણંદ જિલ્લામાં સને–૨૦૨૨માં ૧૦૬ વિદ્યાસહાયકોની ભરતી કરીને ઘટ પૂર્ણ કરવા પ્રયત્ન કરવામાં આવેલ છે.
- ખેડા જિલ્લામાં વર્ષ–૨૦૨૧માં જિલ્લા ફેરબદલીથી ૨૧૮ શિક્ષકોની બદલીથી અને સને–૨૦૨૨માં ૧૬૧ વિદ્યાસહાયકોની ભરતી કરીને ઘટ પૂર્ણ કરવા પ્રયત્ન કરવામાં આવેલ છે.

**માધ્યમિક શાળાઓઃ–**

- છેલ્લા બે વર્ષમાં કેન્દ્રીયકૃત ભરતી પ્રક્રિયા હાથ ધરી, ભરતી સમયે ઉપલબ્ધ તમામ જગ્યાઓનો સમાવેશ કરી આણંદ જિલ્લાની સરકારી માધ્યમિક શાળાઓમાં ૦૧ તથા ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓમાં કુલ ૧૬૫ શિક્ષકોની જગ્યાઓ તથા ખેડા જિલ્લાની સરકારી માધ્યમિક શાળાઓમાં ૦૬ તથા ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓમાં કુલ ૧૨૫ શિક્ષકોની જગ્યાઓ એમ કુલ ૨૯૭ માધ્યમિક વિભાગના શિક્ષકોની ભરતી કરવામાં આવેલ છે.
- વધુમાં, ઉક્ત ભરતી પ્રક્રિયામાં ખાલી રહેલ જગ્યાઓ, ભરતી બાદ ખાલી પડેલ જગ્યાઓ તથા નવી ઉભી થયેલ જગ્યાઓ પર પ્રવાસી શિક્ષકોની સેવાઓ દ્વારા શૈક્ષણિક કાર્ય કરાવવામાં આવે છે.

---------

# ૧૨

## આણંદ જિલ્લામાં ખાણદાણ સહાય યોજના

* ૨૪૪૮ **શ્રી કમલેશભાઈ પટેલ** (પેટલાદ) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં પશુપાલકોના ગાભણ પશુઓ (ગાય/ભેંસ) માટે ખાણદાણ સહાય યોજના હેઠળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૧) રૂ. ૨,૩૩,૯૪,૭૭૫ /- |
| (૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલા પશુપાલકોને તેનો લાભ આપવામાં આવ્યો ? | (૨) ૪,૯૨૩ |

---------

# ૧૩

## અમદાવાદ જિલ્લામાં ધો-૯માં અભ્યાસ કરતી અનુસૂચિત જનજાતિની વિદ્યાર્થિનીઓને સાયકલ આપવાની યોજના

* ૨૩૮૧ **શ્રી કનુભાઈ પટેલ** (સાણંદ) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં ધોરણ-૯માં અભ્યાસ કરતી અનુસૂચિત જનજાતિની વિદ્યાર્થિનીઓને સાયકલ આપવા માટે યોજના અમલમાં છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં આ યોજના અંતર્ગત કેટલી વિદ્યાર્થિનીઓને સાયકલ ભેટ આપવામાં આવી છે, અને | (૨) કુલ ૩૧૮ વિદ્યાર્થિનીઓને સાયકલ ભેટ આપવામાં આવી છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ તેની પાછળ કેટલો ખર્ચ થયો ? | (૩) કુલ ખર્ચ રૂ. ૧૩.૭૬ લાખ. |

---------

# ૧૪

## નવસારી જિલ્લામાં આદિજાતિના ઉચ્ચ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટેના સરકારી છાત્રાલયો

* ૨૩૭૩ **શ્રી રાકેશ દેસાઇ** (નવસારી) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ નવસારી જિલ્લામાં ઉચ્ચ અભ્યાસ કરતાં આદિજાતિના વિદ્યાર્થીઓ માટે કેટલાં સરકારી છાત્રાલયો કાર્યરત છે, અને તે પૈકી કુમાર અને કન્યા માટેના છાત્રાલયોની સંખ્યા કેટલી છે, | (૧) ૦૮ સરકારી છાત્રાલયો<br>૩ કુમાર અને ૫ કન્યા |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત કાર્યરત સરકારી છાત્રાલયોમાં કેટલા વિદ્યાર્થી/ વિદ્યાર્થિનીઓ અભ્યાસ કરે છે, અને | (૨) ૧૦૦૦ |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કાર્યરત સરકારી છાત્રાલયોની સંખ્યામાં કેટલો વધારો મંજૂર કરવામાં આવ્યો છે ? | (૩) ૦(શૂન્ય) |

---------

# ૧૫

**અમદાવાદ જિલ્લામાં ધો–૯માં અભ્યાસ કરતી અનુસૂચિત જનજાતિની વિદ્યાર્થિનીઓને સાયકલ આપવાની યોજના**

* ૨૩૮૦ **શ્રી કાળુભાઈ ડાભી** (ધંધુકા) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં ધોરણ–૯માં અભ્યાસ કરતી અનુસૂચિત જનજાતિની વિદ્યાર્થિનીઓને સાયકલ આપવા માટે યોજના અમલમાં છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં આ યોજના અંતર્ગત કેટલી વિદ્યાર્થિનીઓને સાયકલ ભેટ આપવામાં આવી છે, અને | (૨) કુલ ૩૧૮ વિદ્યાર્થિનીઓને સાયકલ ભેટ આપવામાં આવી છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ તેની પાછળ કેટલો ખર્ચ થયો ? | (૩) કુલ ખર્ચ રૂ. ૧૩.૭૬ લાખ. |

–––––––––

# ૧૬

**રાજ્યમાં ન્યુ એજ્યુકેશન પોલિસી ૨૦૨૦ અંતર્ગત કામગીરી**

* ૨૪૦૩ **શ્રી ચૈતન્ય દેસાઈ** (અકોટા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ન્યુ એજ્યુકેશન પોલિસી ૨૦૨૦ અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા કોઈ કામગીરી કરવામાં આવેલ છે, અને | (૧) હા. |
| (૨) જો હા, તો તેની વિગત શી છે ? | (૨) આ સાથે સામેલ પત્રક–અ મુજબ. |

**પત્રક–અ**

- વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે બાલવાટિકા સામગ્રી તૈયાર કરવામાં આવી છે.
- ધોરણ ૧ અને ૨ ના શિક્ષકો, સીઆરસી, બીઆરસી તેમજ ડાયટ અધ્યાપકોને નિપૂણ ભારત મિશનની તાલીમ આપી.
- ગુજરાતી ભાષામાં ધોરણ યોગ્ય વાંચન પ્રવાહ / ઝડપ માટે બેન્ચમાર્કિંગ કરવા માટે ઓરલ રીડિંગ ફ્લુએન્સી (ORF) સર્વે હાથ ધરવામાં આવ્યો.
- Digital Infrastructure for knowledge Sharing (DIKSHA) પોર્ટલ પર ધોરણ ૧ થી ૫ ના તમામ શિક્ષકો માટે નિષ્ઠા 3.0 Foundational Literacy & Numeracy (FLN) તાલીમ પૂર્ણ કરવામાં આવી.
- શિક્ષકો અને શિક્ષક–પ્રશિક્ષકો માટે પાયાની ભાષાકીય સાક્ષરતા પર ઓનલાઇન પ્રમાણપત્ર અભ્યાસક્રમ શરૂ કરવામાં આવ્યો.
- રાજ્યમાં ત્રણ (૧) Early Child Care & Education (ECCE)-School Education (SE), (૨) Teacher Education (TE), અને (૩) Adult Education (AE) માટે સ્ટેટ સ્ટિયરિંગ કમીટીની રચના કરવામાં આવી.
- રાજ્યમાં તમામ ચાર પ્રકારના રાજ્ય અભ્યાસક્રમ રૂપરેખા તૈયાર કરવા માટેની પ્રક્રિયાના ભાગ રૂપે રાજ્યના તમાંમ ૩૩ જિલ્લામાં રાજ્ય સ્તરના પરામર્શ કરી ૧૩૨ જેટલા ડિસ્ટ્રીક્ટ કન્સલ્ટેશન રિપોર્ટ તૈયાર કર્યાં.
- વિદ્યાપ્રવેશ (ધોરણ–૧) માટે શિક્ષક તેમજ વિદ્યાર્થી પુસ્તિકા તૈયાર કરી.
- ધોરણ ૪, ૬ અને ૭માં ગુજરાત એચિવમેન્ટ સર્વે (GAS) કરવામાં આવ્યો.
- ભારતીય જ્ઞાન પ્રણાલી અનુસંધાને શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩થી ધોરણ ૬, ૭ અને ૯માં વૈદિક ગણિતનો સમાવેશ કરવામાં આવ્યો તેમજ શિક્ષકોને તે અનુસંધાને તાલીમ આપવામાં આવી
- શાળા શિક્ષણમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ સંદર્ભે ભારતીય સંસ્કૃતિ અને જ્ઞાન પ્રણાલીનો સમન્વય કરવાના ભાગરૂપે શ્રીમદ્ ભગવદ્ ગીતામાં સમાવિષ્ટ મૂલ્યો અને સિદ્ધાંતોનો પરિચય કરાવવા માટેની કામગીરી શરૂ કરવામાં આવી છે.
- રાજ્યમાં વિવિધ ૩૪૯૦ હિતધારકો પાસેથી મોબાઇલ એપ્લિકેશન મારફત એસ.સી.એફ. સંદર્ભે પ્રતિભાવ મેળવ્યા.
- રાજ્ય અભ્યાસક્રમ રૂપરેખા સંદર્ભે વિવિધ ૨૫ વિષયોના પોઝીશન પેપર તૈયાર કરવામાં આવ્યા.

- ધોરણ ૬ થી ૮ માટે ૧૦ બેગલેસ ડેની માર્ગદર્શિકા તૈયાર કરવામાં આવી.
- રાજ્યના શિક્ષકોની સજ્જતામાં વધારો કરાવવા માટેની તાલીમોનું આયોજન કરવામાં આવ્યું.
- રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦માં ગણિત જેવા વિષયોમાં વિદ્યાર્થીઓના મૂલ્યાંકનમાં બે વિકલ્પો આપવાની બાબત દર્શાવેલ છે. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ મશબ/૧૧૧૯/૮૫૭/છ, તા.૧૪/૦૭/૨૦૨૧માં જણાવ્યા મુજબ શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨થી ધોરણ–૧૦ માં ગણિત સ્ટાન્ડર્ડ અને ગણિત બેઝિક એમ બે પ્રકારના પ્રશ્નપત્રોના વિકલ્પ આપવા અંગે સરકારશ્રી દ્વારા નિર્ણય કરવામાં આવેલ છે.
- રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦ માં જણાવેલ ભારતીય જ્ઞાન પ્રણાલી સંદર્ભે શૈક્ષણિક વર્ષ–૨૦૨૨–૨૩ થી ક્રમશ રાજ્યની શાળાઓમાં ધોરણ–૬ થી ૧૦ માં ક્રમશ વૈદિક ગણિત દાખલ કરવાના ભાગ રૂપે ધોરણ–૯ના ગણિત વિષયના અભ્યાસક્રમમાં વૈદિક ગણિતનો સમાવેશ કરવામાં આવેલ છે.
- રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦ અન્વયે ધોરણ–૧૦ અને ધોરણ–૧૨ની બોર્ડની પરીક્ષા પદ્ધતિમાં ફેરફાર કરવા અંગે વિચારણા કરવા માટે રાજ્યસ્તરની તજજ્ઞ સમિતિની રચના કરવામાં આવેલ છે.
- શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩ થી ધોરણ–૯ થી ૧૨ માં ક્રમશ વ્યવસાયલક્ષી શિક્ષણના વિષયો દાખલ કરવા રાજ્યની ૫૮૯ સરકારી અને અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ૧૩ ટ્રેડ દાખલ કરવા સરકારશ્રીની મંજૂરી મળેલ છે.
- ન્યુ એજ્યુકેશન પોલિસી–૨૦૨૦માં સૂચવવામાં આવેલ શાળાકીય માળખા ૫+૩+૩+૪ મુજબ રાજ્યની પ્રાથમિક શાળાઓમાં શૈક્ષણિક વર્ષ–૨૦૨૩–૨૪ થી બાલવાટિકા શરૂ કરવા માટેની નીતિ હાલ વિચારણા હેઠળ છે.
- ગુજરાત રાજ્ય દ્વારા નેશનલ એજ્યુકેશન પોલિસી (NEP-2020) અંતર્ગત નીચે મુજબ ઠરાવ કરવામાં આવેલ છે.
- તા.૦૫/૦૯/૨૦૨૦ના ઠરાવથી રાજ્ય કક્ષાએ ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રમાં નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ(NEP-2020) અન્વયે ટાસ્ક ફોર્સ સમિતિની રચના કરવામાં આવેલ છે.
- તા.૧૪/૦૯/૨૦૨૦ના ઠરાવથી રાજ્યમાં ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP-2020)ના અમલ કરવા બનાવેલ ટાસ્ક ફોર્સ સમિતિ માટે પેટા સમિતિની રચના કરવામાં આવેલ છે.
- તા.૨૨/૧૦/૨૦૨૧ના ઠરાવથી રાજ્યના ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP-2020)ના અમલીકરણ અંગે મળેલ સૂચનો અન્વયે રોડમેપ આખરી કરવા સમિતિની રચના કરવામાં આવેલ છે.
- ગુજરાત સરકારે તા.૦૫/૦૧/૨૦૨૨ના રોજ યોજાયેલ વાઈબ્રન્ટ ગુજરાત એજ્યુકેશન સમિટ ૨૦૨૨ ના ભાગ રૂપ યોજાયેલ પ્રોગ્રામ ઈન્ટરનેશનલ કોન્ફરન્સ ઓફ એકેડેમિક ઈન્સ્ટિટ્યૂશન (ICAI) દરમિયાન રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦નો અમલીકરણ રોડમેપ લોન્ચ કરવામાં આવેલ હતો.
- તા.૦૬/૦૭/૨૦૨૨ના ઠરાવથી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦ અંતર્ગત ગુણવતાયુક્ત શિક્ષણને સુદ્રઢ કરવા ગુજરાત અક્રેડિટેશન એન્ડ રેન્કિંગ ઈન્સ્ટીટયુશનલ મેકેનીઝમ & અરેજમેન્ટ (GARIMA)ની રચના કરવામાં આવેલ છે.
- તા.૧૪/૦૭/૨૦૨૨ના ઠરાવથી ફોર્મેશન ઓફ ડેડીકેટેડ NEP સેલ (ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ) ફોર ઇમ્પ્લીમેન્ટેશન ઓફ નેશનલ એજ્યુકેશન પોલિસી–૨૦૨૦ ફોર સ્ટેટ ઓફ ગુજરાતની રચના કરવામાં આવેલ છે.
- તા.૨૯/૧૦/૨૦૨૨ના ઠરાવથી નવી શિક્ષણ નીતિ–૨૦૨૦ અંતર્ગત તકનીકી, તબીબી અને અન્ય વ્યવસાયિક અભ્યાસક્રમો ગુજરાતી ભાષામાં તૈયાર કરવા માટે તજજ્ઞ સમિતિની રચના કરવામાં આવેલ છે.
- તા.૨૪/૦૧/૨૦૨૩ના ઠરાવથી રાજ્યની શિક્ષણ વિભાગ હસ્તકની સરકારી અને ખાનગી યુનિવર્સિટીઓમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦ના સમયબદ્ધ અમલીકરણ માટે સંસ્થાકીય માળખા અંતર્ગત વિવિધ સમિતિઓની રચના કરવામાં આવેલ છે.
- ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા ૧૩મી અને ૧૪મી ડિસેમ્બર ૨૦૨૧ના રોજ સ્ટેચ્યુ ઓફ યુનિટી, કેવડિયા કોલોની ખાતે ગુણવત્તાયુક્ત શિક્ષણની ચર્ચા કરવા, રાજ્ય અને આંતરરાષ્ટ્રીય સ્તરે ઉચ્ચ ક્રમાંક હાંસલ કરવા માટે બે દિવસીય "બિલ્ડીંગ વર્લ્ડ ક્લાસ યુનિવર્સીટીઓ" પર સિમ્પોસીયમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં રાજ્યના કુલ ૨૪૦ મહાનુભાવો સહિત રાજ્યના કુલપતિ, ખાનગી અને ક્ષેત્રીય યુનિવર્સિટીઓ, રજીસ્ટ્રાર અને IQAC કો–ઓર્ડીનેટર્સએ સિમ્પોસિયમમાં હાજરી આપી NEP-2020 ના અમલીકરણ અંગે ચર્ચા વિચારણા કરેલ હતી.
- શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા ઈન્ટરનેશનલ કોન્ફરન્સ ઓફ એકેડેમિક ઈન્સ્ટીટયુશન્સ (ICA) ના કાર્યક્રમમાં તા. ૫ જાન્યુઆરી, ૨૦૨૨ ના રોજ ‘‘રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦ અમલીકરણના બે વર્ષ’’ પર એક અહેવાલ પ્રકાશિત કરવામાં આવ્યો હતો. જેમાં ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ વિભાગ દ્વારા લેવાયેલા વિવિધ પગલાંઓની નોંધ કરવામાં આવી હતી.
- રાજ્ય સરકારે ૧૪મી જુલાઈ, ૨૦૨૨ના રોજ "ગુજરાત NEP સેલ" ની રચના કરી છે, જે ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ (ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ)માં શ્રેષ્ઠ પ્રથાઓની વહેંચણીને આવરી લેતા તમામ પાસાઓનું નિરીક્ષણ અને અમલીકરણ સુનિશ્ચિત કરવા માટે સરકારી ઠરાવ દ્વારા કરવામાં આવી છે. NEP-2020માં દર્શાવેલ ધ્યેયો અને ઉદ્દેશ્યો અનુસાર કાર્ય કરવા માટે “ગુજરાત NEP સેલ" હેઠળ ૧૨ વિવિધ ટાસ્ક ફોર્સ સમિતિઓની રચના માટે વ્યૂહાત્મક આયોજન કરવામાં આવ્યું છે.

- શિક્ષણ વિભાગે વિવિધ ટેકનિકલ અને અન્ય પ્રોફેશનલ કોર્સિસના માતૃભાષામાં અભ્યાસ સામગ્રીની રચના કરવા માટે એક્સપર્ટ કમિટીની રચના કરી છે.
- ગુજરાત ટેકનોલીજીકલ યુનિવર્સિટી (GTU)ની સંલગ્ન સંસ્થા ગુજરાત પાવર એન્જીનીયરીંગ એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (GPERI), મેવડ, મહેસાણા ખાતે સિવિલ, મિકેનિકલ, ઇલેક્ટ્રિકલ અને કોમ્પ્યુટર એમ કુલ ચાર એન્જિનિરિંગ વિદ્યાશાખાઓમાં ૩૦ વિદ્યાર્થીઓની ઈન્ટેક સાથેના અભ્યાસક્રમોને પ્રાદેશિક ભાષામાં શરૂ કરવામાં આવેલ છે.
- પ્રથમ તબક્કે પાયલટ પ્રોજેક્ટ તરીકે શ્રી કે કા શાસ્ત્રી ગવર્મેન્ટ કોલેજ કોન્ફેડરેશન (સેન્ટર ઓફ એક્સલન્સ) કંપની એક્ટ–૦૮ હેઠળ યુજીસી દ્વારા સુચિત ક્લસ્ટરની રચના કરવામાં આવી છે. જેથી નવી શિક્ષણ નીતિના બાધા આયામો સ્થાપીને સાધનો, નવી નીતિઓ, વગેરેનો વિદ્યાર્થીઓ લાભ લઈ શકશે.
- ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓની ગુણવતા સુધારવા અને પ્રોત્સાહિત કરવા માટે રાજ્ય સરકારે તાજેતરમાં ગુજરાત એક્રેડિટેશન એન્ડ રેન્કિંગ ઈન્સિટટ્યુશનલ મિકેનિઝમ એન્ડ એરેન્જમેન્ટ (GARIMA) સેલ કરૂ કર્યો છે.
- ક્વોલિટી એશ્યોરન્સ સેલ (QAC)ની રચના સંસ્થાઓને માન્યતા પ્રાપ્ત કરવા માટે મોનિટર અને તૈયાર કરવા માટે કરવામાં આવેલ છે. ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓના રેટિંગ માટે સ્ટેટ એસેસમેન્ટ એન્ડ એક્રેડિટેશન સેન્ટરો(SAAC) અને સ્ટેટ ક્વોલિટી એશ્યોરંસ સેલ (SQAC)ને મંજૂરી આપવામાં આવી છે. તદુપરાંત, તેના માટે ગ્રાન્ટની પણ ફાળવણી કરવામાં આવી છે.

---------

# ૧૭

### છોટાઉદેપુર જિલ્લામાં કૃત્રિમ બીજદાન યોજના અન્વયે પશુપાલકોને પ્રોત્સાહન

* ૨૪૨૦ **શ્રી અભેસિંહ તડવી** (સંખેડા) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં શુદ્ધ સંવર્ધન દ્વારા રાજ્યની સ્થાનિક ઓલાદની ગાયમાં કૃત્રિમ બીજદાનથી જન્મેલ વાછરડીઓના ઉછેર માટે પશુપાલકોને પ્રોત્સાહન આપવાની યોજના હેઠળ કેટલા પશુપાલકોને લાભ આપવામાં આવ્યો, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તે અંગે કુલ કેટલી રકમ સહાય પેટે આપવામાં આવી ?

**જવાબ**

(૧)

| વર્ષઃ ૨૦૨૧ | વર્ષઃ ૨૦૨૨ | કુલ |
|---|---|---|
| ૧૪૬ | ૧૯૫ | **૩૪૧** |

(૨)

| વર્ષઃ ૨૦૨૧ | વર્ષઃ ૨૦૨૨ | કુલ |
|---|---|---|
| ૪,૩૮,૦૦૦ | ૫,૮૫,૦૦૦ | **૧૦,૨૩,૦૦૦** |

---------

# ૧૮

### બનાસકાંઠા જિલ્લામાં આદિજાતિના લોકો માટેની આવાસ યોજના

* ૨૩૮૯ **શ્રી કેશાજી ચૌહાણ** (દિયોદર) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં આદિજાતિ વ્યક્તિઓને આવાસ આપવાની યોજના અમલમાં છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ યોજના હેઠળ શાં લાભા આપવામાં આવે છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં આ યોજના અંતર્ગત કેટલી સહાય આપવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) આવાસદીઠ રૂ.૧,૨૦,૦૦૦/–ની સહાય આપવામાં આવે છે.

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં આ યોજના અંતર્ગત કુલ રૂ.૧૩૯.૩૮ લાખની સહાય આપવામાં આવેલ છે.

---------

# ૧૯

## ભાવનગર જિલ્લામાં ખાનગી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ માટે ફી પરત ચૂકવણી સહાય યોજના

* ૨૪૧૦ **શ્રી ગૌતમભાઈ ચૌહાણ** (તળાજા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં ખાનગી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓના અભ્યાસ માટે ફી પરત ચૂકવણી સહાય યોજના હેઠળ વિદ્યાર્થી દીઠ કેટલી રકમની સહાય ચૂકવવામાં આવે છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ નાણાકીય વર્ષ ૨૦૨૨–૨૩માં ભાવનગર જિલ્લામાં કેટલા વિદ્યાર્થીઓને આ યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) શિક્ષણ વિભાગના તા.૨૬–૦૮–૨૦૨૨ના ઠરાવ ક્રમાંક : ખપશ/૧૧૨૨/સીસી૩૬/ચ અનુસાર રાઈટ ટુ એજ્યુકેશન એક્ટની કલમ ૧૨.૨ મુજબ વિદ્યાર્થી દીઠ રૂ.૧૩,૬૭૫/– અથવા જે તે બિન–અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાની ફી રેગ્યુલેશન કમિટી દ્વારા નક્કી કરવામાં આવેલ વિદ્યાર્થીદીઠ વાસ્તવિક ફી, બેમાંથી જે ઓછું હોય તે મુજબની રકમ શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩ થી ફી–રિએમ્બર્સ પેટે ચૂકવવામાં આવે છે.

(૨)

| જિલ્લો | યોજના હેઠળ આવરી લેવામાં આવેલ વિદ્યાર્થીઓની સંખ્યા |
|---|---|
| ભાવનગર જિલ્લો | ૬૧૮૫ |
| ભાવનગર શહેર | ૮૩૯૨ |

---------

# ૨૦

## કચ્છ જિલ્લામાં ગુણોત્સવ–૨ અંતર્ગત પ્રાથમિક શાળાઓનું મૂલ્યાંકન

* ૨૩૯૨ **શ્રી અનિરુદ્ધ દવે** (માંડવી) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન ગુણોત્સવ–૨ અંતર્ગત કચ્છ જિલ્લાની પ્રાથમિક શાળાઓના મૂલ્યાંકનની શું સ્થિતિ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મૂલ્યાંકન સંદર્ભે સરકાર દ્વારા શાં પગલાં લેવામાં આવ્યા ?

**જવાબ**

(૧)

| જિલ્લો | શૈક્ષણિક વર્ષ | મૂલ્યાંકન માટે નિયત થયેલ શાળાઓ | મૂલ્યાંકનની કામગીરી પૂર્ણ થયેલ શાળાઓ |
|---|---|---|---|
| કચ્છ | ૨૦૨૧–૨૨ | ૧૭૧૫ | ૧૭૧૫ |
| | ૨૦૨૨–૨૩ | ૧૭૧૭ | ૧૧૩૭ |

(૨) • મૂલ્યાંકન થયેલ તમામ શાળાઓને ગુણોત્સવ–૨.૦ અંતર્ગત રીપોર્ટ કાર્ડ આપવામાં આવ્યા છે. જેમાં મુખ્યક્ષેત્ર અને પેટાક્ષેત્ર પ્રમાણે તેમની શાળાની સારી બાબતો અને શાળાની સુધારાત્મક બાબતો ઉપરાંત શાળાને પ્રાપ્ત થયેલ ગ્રેડ અને ટકા પણ દર્શાવવામાં આવે છે.

• રાજ્ય કક્ષાએથી રાજ્યના તમામ જિલ્લાઓના જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, પ્રાચાર્યશ્રી, ડાયટ, બી.આર.સી કૉ.–ઑર્ડિનેટરને મૂલ્યાંકન થયેલ શાળાઓની ગુણાત્મક સુધારણા માટે માર્ગદર્શન આપવામાં આવ્યું. સમયાંતરે જિલ્લા અને રાજ્ય કક્ષાએથી રીવ્યુ કરવામાં આવે છે.

• ગુણોત્સવ–૨.૦ અંતર્ગત વિદ્યાર્થીઓની હાજરી એક માપદંડ છે. વિદ્યા સમીક્ષા કેન્દ્ર દ્વારા રાજ્ય કક્ષાએથી હાજરી અંતર્ગત અનિયમિતતા માટે મોનીટરીંગ દ્વારા સુધારાત્મક પગલાં માટે શાળાઓને માર્ગદર્શન આપવામાં આવે છે.

•વિદ્યા સમીક્ષા કેન્દ્ર પાસેથી મેળવેલ વિષયવાર સામયિક કસોટીના ગુણની વિગતો રીપોર્ટ કાર્ડમાં લેવામાં આવે છે. જેનાથી સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન કરીને ઉપચારાત્મક કાર્ય થાય છે.

---------

# ૨૧

## ખેડા જિલ્લામાં કોલ્ડ સ્ટોરેજ પર રૂફ ટોપ સોલાર યોજના

* ૨૪૩૪ **શ્રી સંજયસિંહ મહિડા** (મહુધા) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ કોલ્ડ સ્ટોરેજ પર રૂફ ટોપ સોલાર પેનલ માટે બાગાયત ખાતા દ્વારા સહાય આપવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં ખેડા જિલ્લામાં સહાય પેટે કુલ કેટલી રકમની ચૂકવણી કરવામાં આવી ? | (૨) રૂ. ૨૨,૨૯,૧૦૦/– |

---------

# ૨૨

## સુરત જિલ્લામાં આદિજાતિના લોકો માટેની આવાસ યોજના

* ૨૩૮૬ **શ્રી કાંતિભાઈ બલર** (સુરત ઉત્તર) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં આદિજાતિ વ્યક્તિઓને આવાસ આપવાની યોજના અમલમાં છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજના હેઠળ શાં લાભ આપવામાં આવે છે, અને | (૨) આવાસદીઠ રૂ. ૧,૨૦,૦૦૦/– ની સહાય આપવામાં આવે છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં આ યોજના અંતર્ગત કેટલી સહાય આપવામાં આવેલ છે ? | (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં આ યોજના અંતર્ગત કુલઃ– ૫૧૬.૮૫ લાખની સહાય આપવામાં આવેલ છે. |

---------

# ૨૩

## અરવલ્લી જિલ્લામાં ધો.–૯માં અભ્યાસ કરતી અનુસૂચિત જનજાતિની વિદ્યાર્થિનીઓને સાયકલ આપવાની યોજના

* ૨૩૮૮ **શ્રી પી. સી. બરંડા** (ભિલોડા) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં ધોરણ–૯માં અભ્યાસ કરતી અનુસૂચિત જનજાતિની વિદ્યાર્થિનીઓને સાયકલ આપવા માટે યોજના અમલમાં છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લામાં આ યોજના અંતર્ગત કેટલી વિદ્યાર્થિનીઓને સાયકલ ભેટ આપવામાં આવી છે, અને | (૨) કુલ ૩૦૦૦ વિદ્યાર્થિનીઓને સાયકલ ભેટ આપવામાં આવી છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ તેની પાછળ કેટલો ખર્ચ થયો ? | (૩) કુલ ખર્ચ રૂ. ૧૩૧.૧૫ લાખ. |

---------

# ૨૪

## ખેડા જિલ્લામાં ખાણદાણ સહાય યોજના

* ૨૪૨૯ **શ્રી કલ્પેશભાઈ પરમાર** (માતર) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં પશુપાલકોના ગાભણ પશુઓ (ગાય/ભેંસ) માટે ખાણદાણ સહાય યોજના હેઠળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૧) રૂ. ૧,૦૩,૧૮,૩૭૫ /– |
| (૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલા પશુપાલકોને તેનો લાભ આપવામાં આવ્યો ? | (૨) ૨૮૧૪ |

---------

# ૨૫

## કચ્છ જિલ્લામાં ગુણોત્સવ–૨ અંતર્ગત પ્રાથમિક શાળાઓનું મૂલ્યાંકન

* ૨૩૯૩ **શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા** (અબડાસા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન ગુણોત્સવ–૨ અંતર્ગત કચ્છ જિલ્લાની પ્રાથમિક શાળાઓના મૂલ્યાંકનની શું સ્થિતિ છે, અને

**જવાબ**

(૧)

| જિલ્લો | શૈક્ષણિક વર્ષ | મૂલ્યાંકન માટે નિયત થયેલ શાળાઓ | મૂલ્યાંકનની કામગીરી પૂર્ણ થયેલ શાળાઓ |
|---|---|---|---|
| કચ્છ | ૨૦૨૧–૨૨ | ૧૭૧૫ | ૧૭૧૫ |
| | ૨૦૨૨–૨૩ | ૧૭૧૭ | ૧૧૩૭ |

**પ્રશ્ન**

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમા મૂલ્યાંકન સંદર્ભે સરકાર દ્વારા શાં પગલાં લેવામાં આવ્યા ?

**જવાબ**

(૨)

- મૂલ્યાંકન થયેલ તમામ શાળાઓને ગુણોત્સવ ૨.૦ અંતર્ગત રીપોર્ટ કાર્ડ આપવામાં આવ્યા છે. જેમાં મુખ્યક્ષેત્ર અને પેટાક્ષેત્ર પ્રમાણે તેમની શાળાની સારી બાબતો અને શાળાની સુધારાત્મક બાબતો ઉપરાંત શાળાને પ્રાપ્ત થયેલ ગ્રેડ અને ટકા પણ દર્શાવવામાં આવે છે.
- રાજ્ય કક્ષાએથી રાજ્યના તમામ જિલ્લાઓના જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, પ્રાચાર્યશ્રી, ડાયટ, બી.આર.સી કો–ઓર્ડીનેટર, મૂલ્યાંકન થયેલ શાળાઓની ગુણાત્મક સુધારણા માટે માર્ગદર્શન આપવામાં આવ્યું. સમયાંતરે જિલ્લા અને રાજ્ય કક્ષાએથી રીવ્યુ કરવામાં આવે છે.
- ગુણોત્સવ ૨.૦ અંતર્ગત વિદ્યાર્થીઓની હાજરી એક માપદંડ છે. વિદ્યા સમીક્ષા કેન્દ્ર દ્વારા રાજ્ય કક્ષાએથી હાજરી અંતર્ગત અનિયમિતતા માટે મોનીટરીંગ દ્વારા સુધારાત્મક પગલાં માટે શાળાઓને માર્ગદર્શન આપવામાં આવે છે.
- વિદ્યા સમીક્ષા કેન્દ્ર પાસેથી મેળવેલ વિષયવાર સામયિક કસોટીના ગુણની વિગતો રીપોર્ટ કાર્ડમાં લેવામાં આવે છે. જેનાથી સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન કરીને ઉપચારાત્મક કાર્ય થાય છે.

---------

# ૨૬

## બનાસકાંઠા જિલ્લામાં પશુ આરોગ્ય મેળા

* ૨૪૮૪ **શ્રી માવજીભાઈ દેસાઈ** (ધાનેરા) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં કેટલા પશુ આરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યું, | (૧) ૫૬૬ |
| (૨) તેમાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી, અને | (૨) ૧,૭૩,૨૯૭ |
| (૩) તેમાં કેટલાં પશુઓનું રસીકરણ કરવામાં આવ્યું ? | (૩) ૦ |

---------

# ૨૭

## ભરૂચ જિલ્લામાં રાયપનીંગ એકમ ઉભા કરવા સહાય

* ૨૪૪૭ **શ્રી ડી. કે. સ્વામી** (જંબુસર) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ ફળ પકવવા માટેનું રાયપનીંગ એકમ ઉભુ કરવા માટે રાજ્ય સરકાર દ્વારા કોઈ સહાય આપવામાં આવે છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે માટે કેટલી રકમ ચૂકવવામાં આવે છે, અને | (૨) બાગાયત ખાતા તરફથી રાયપનીંગ એકમ ઉભા કરવા નીચે મુજબ સહાય ચૂકવવામાં આવે છે. |

| ક્રમ | લાભાર્થીનો પ્રકાર | વિસ્તાર | સહાય (રૂ/પ્રતિ ટન) | મહત્તમ મર્યાદા | મહત્તમ સહાય મર્યાદા |
|---|---|---|---|---|---|
| ૧ | વ્યકિતગત લાભાર્થી | સામાન્ય | રૂ.૫૦,૦૦૦/ટન | ૩૦૦ ટન | રૂ.૧૫૦ લાખ |
| | | આદિજાતિ | રૂ.૬૫,૦૦૦/ટન | ૩૦૦ ટન | રૂ.૧૯૫ લાખ |
| ૨ | એપીએમસી, સહકારી ખેડૂત સંસ્થા, જાહેર સાહસો, નગરપાલિકા કે રજીસ્ટર્ડ ખેડૂત ઉત્પાદક સંગઠન | સામાન્ય | રૂ.૬૦,૦૦૦/ટન | ૩૦૦ ટન | રૂ.૧૮૦ લાખ |
| | | આદિજાતિ | રૂ.૭૫,૦૦૦/ટન | ૩૦૦ ટન | રૂ.૨૨૫ લાખ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં ભરૂચ જિલ્લામાં કેટલા રાયપનીંગ એકમ ઉભા કરવા સહાય પેટે કુલ કેટલી રકમની ચૂકવણી કરવામાં આવી ? | (૩) કુલ–૧ (એક) રાયપનીંગ એકમ ઉભા કરવા સહાય પેટે કુલ રૂ. ૯૭,૫૦,૦૦૦/– રકમની ચૂકવણી કરવામાં આવી. |

---------

# ૨૮

## સુરત અને સુરેન્દ્રનગર જિલ્લામાં ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારો બાબત

* ૩૩૦૮ **શ્રી દિનેશભાઈ ઠાકોર** (ચાણસ્મા) : **માનનીય ગ્રામ, ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ સુરત અને સુરેન્દ્રનગર જિલ્લામાં જિલ્લાવાર ગરીબી રેખાથી નીચે જીવતા ૦ થી ૧૬ ગુણાંકવાળા અને ૧૭ થી ૨૦ ગુણાંકવાળા પરિવારોની સંખ્યા કેટલી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર, જિલ્લાવાર ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારોમાં કેટલા પરિવારોનો વધારો કે ઘટાડો થયો ?

**જવાબ**

(૧)

| જિલ્લો | ૦ થી ૧૬ ગુણાંકવાળા પરિવારો | ૧૭ થી ૨૦ ગુણાંકવાળા પરિવારો |
|---|---|---|
| સુરત | ૫૩૦૫૧ | ૫૭૮૯૨ |
| સુરેન્દ્રનગર | ૬૮૧૭૬ | ૫૬૭૫૨ |

(૨)

| જિલ્લો | ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારોમાં થયેલ વધારો | | ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારોમાં થયેલ ઘટાડો | |
|---|---|---|---|---|
| | તા. ૧–૧–૨૦૨૧ થી ૩૧–૧૨–૨૦૨૧ | તા. ૧–૧–૨૦૨૨ થી ૩૧–૧૨–૨૦૨૨ | તા. ૧–૧–૨૦૨૧ થી ૩૧–૧૨–૨૦૨૧ | તા. ૧–૧–૨૦૨૨ થી ૩૧–૧૨–૨૦૨૨ |
| સુરત | ૦ | ૦ | ૦ | ૦ |
| સુરેન્દ્રનગર | ૨ | ૩ | ૦ | ૦ |

---------

# ૨૯

## બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારો બાબત

* ૩૩૧૪ **શ્રી અમૃતજી ઠાકોર** (કાંકરેજ) : **માનનીય ગ્રામ, ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં જિલ્લાવાર ગરીબી રેખાથી નીચે જીવતા ૦ થી ૧૬ ગુણાંકવાળા અને ૧૭ થી ૨૦ ગુણાંકવાળા પરિવારોની સંખ્યા કેટલી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર, જિલ્લાવાર ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારોમાં કેટલા પરિવારોનો વધારો કે ઘટાડો થયો ?

**જવાબ**

(૧)

| જિલ્લો | ૦ થી ૧૬ ગુણાંકવાળા પરિવારો | ૧૭ થી ૨૦ ગુણાંકવાળા પરિવારો |
|---|---|---|
| બનાસકાંઠા | ૧૩૧૦૭૭ | ૧૦૬૦૦૦ |
| કચ્છ | ૪૯૯૫૭ | ૫૫૮૬૪ |

(૨)

| જિલ્લો | ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારોમાં થયેલ વધારો | | ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારોમાં થયેલ ઘટાડો | |
|---|---|---|---|---|
| | તા. ૧–૧–૨૦૨૧ થી ૩૧–૧૨–૨૦૨૧ | તા. ૧–૧–૨૦૨૨ થી ૩૧–૧૨–૨૦૨૨ | તા. ૧–૧–૨૦૨૧ થી ૩૧–૧૨–૨૦૨૧ | તા. ૧–૧–૨૦૨૨ થી ૩૧–૧૨–૨૦૨૨ |
| બનાસકાંઠા | ૧૦૦ | ૯૯ | ૦ | ૦ |
| કચ્છ | ૫૭ | ૨૧ | ૦ | ૦ |

---------

# ૩૦

## ભાવનગર જિલ્લામાં ખાનગી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ માટે ફી પરત ચૂકવણી સહાય યોજના

* ૨૪૦૭ **શ્રીમતી સેજલબેન પંડ્યા** (ભાવનગર પૂર્વ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં ખાનગી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓના અભ્યાસ માટે ફી પરત ચૂકવણી સહાય યોજના હેઠળ વિદ્યાર્થીદીઠ કેટલી રકમની સહાય ચૂકવવામાં આવે છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ નાણાકીય વર્ષ ૨૦૨૨–૨૩માં ભાવનગર જિલ્લામાં કેટલા વિદ્યાર્થીઓને આ યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) શિક્ષણ વિભાગના તા.૨૬–૦૮–૨૦૨૨ના ઠરાવ ક્રમાંક : ખપશ/૧૧૨૨/સીસી૩૬/ચ થી રાઈટ ટુ એજ્યુકેશન એક્ટની કલમ ૧૨.૨ મુજબ વિદ્યાર્થીદીઠ રૂ.૧૩,૬૭૫/– અથવા જે તે બિન–અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાની ફી રેગ્યુલેશન કમિટી દ્વારા નક્કી કરવામાં આવેલ વિદ્યાર્થીદીઠ વાસ્તવિક ફી, બેમાંથી જે ઓછું હોય તે મુજબની રકમ શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩ થી ફી–રિએમ્બર્સમેન્ટ પેટે ચૂકવવામાં આવે છે.

(૨)

| જિલ્લો | યોજના હેઠળ આવરી લેવામાં આવેલ વિદ્યાર્થીઓની સંખ્યા |
|---|---|
| ભાવનગર જિલ્લો | ૬૧૮૫ |
| ભાવનગર શહેર | ૮૩૯૨ |

---------

# ૩૧

## મહેસાણા જિલ્લામાં ગુણોત્સવ–૨ અંતર્ગત પ્રાથમિક શાળાઓનું મૂલ્યાંકન

* ૨૪૦૦ **શ્રી કિરીટકુમાર પટેલ** (ઊંઝા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન ગુણોત્સવ–૨ અંતર્ગત મહેસાણા જિલ્લાની પ્રાથમિક શાળાઓના મૂલ્યાંકનની શું સ્થિતિ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મૂલ્યાંકન સંદર્ભે સરકાર દ્વારા શાં પગલાં લેવામાં આવ્યા ?

**જવાબ**

(૧)

| જિલ્લો | શૈક્ષણિક વર્ષ | મૂલ્યાંકન માટે નિયત થયેલ શાળાઓ | મૂલ્યાંકનની કામગીરી પૂર્ણ થયેલ શાળાઓ |
|---|---|---|---|
| મહેસાણા | ૨૦૨૧–૨૨ | ૧૦૦૫ | ૧૦૦૫ |
| | ૨૦૨૨–૨૩ | ૧૦૦૫ | ૬૭૫ |

(૨)

- મૂલ્યાંકન થયેલ તમામ શાળાઓને ગુણોત્સવ–૨.૦ અંતર્ગત રીપોર્ટ કાર્ડ આપવામાં આવ્યા છે. જેમાં મુખ્યક્ષેત્ર અને પેટાક્ષેત્ર પ્રમાણે તેમની શાળાની સારી બાબતો અને શાળાની સુધારાત્મક બાબતો ઉપરાંત શાળાને પ્રાપ્ત થયેલ ગ્રેડ અને ટકા પણ દર્શાવવામાં આવે છે.
- રાજ્ય કક્ષાએથી રાજ્યના તમામ જિલ્લાઓના જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, પ્રાચાર્યશ્રી, ડાયટ, બી.આર.સી કૉ.–ઑર્ડિનેટરને મૂલ્યાંકન થયેલ શાળાઓની ગુણાત્મક સુધારણા માટે માર્ગદર્શન આપવામાં આવ્યું. સમયાંતરે જિલ્લા અને રાજ્ય કક્ષાએથી રીવ્યુ કરવામાં આવે છે.
- ગુણોત્સવ–૨.૦ અંતર્ગત વિદ્યાર્થીઓની હાજરી એક માપદંડ છે. વિદ્યા સમીક્ષા કેન્દ્ર દ્વારા રાજ્ય કક્ષાએથી હાજરી અંતર્ગત અનિયમિતતા માટે મોનીટરીંગ દ્વારા સુધારાત્મક પગલાં માટે શાળાઓને માર્ગદર્શન આપવામાં આવે છે.

- વિદ્યા સમીક્ષા કેન્દ્ર પાસેથી મેળવેલ વિષયવાર સામયિક કસોટીના ગુણની વિગતો રીપોર્ટ કાર્ડમાં લેવામાં આવે છે. જેનાથી સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન કરીને ઉપચારાત્મક કાર્ય થાય છે.

---------

# ૩૨

## ભરૂચ જિલ્લામાં આદિજાતિની કન્યાઓના લગ્ન પ્રસંગે સહાય

* ૨૩૭૮ **શ્રી રીતેશકુમાર વસાવા** (ઝઘડીયા) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં આદિજાતિ કન્યાઓને લગ્ન પ્રસંગે સહાય આપવાની કોઈ યોજના અમલમાં છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ આ યોજના હેઠળ શાં લાભ આપવામાં આવે છે, અને | (૨) રૂ.૧૨,૦૦૦/–ની સહાય અપાય છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં આ યોજના અંતર્ગત કેટલી કન્યાઓને લાભ આપવામાં આવેલ છે ? | (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં આ યોજના અંતર્ગત કુલ ૭૦૬ આદિજાતિની કન્યાઓને લાભ આપવામાં આવેલ છે. |

---------

# ૩૩

## સુરત જિલ્લામાં આદિજાતિના લોકો માટેની આવાસ યોજના

* ૨૩૮૫ **શ્રી મોહનભાઈ ઢોડિયા** (મહુવા) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં આદિજાતિ વ્યક્તિઓને આવાસ આપવાની યોજના અમલમાં છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજના હેઠળ શાં લાભ આપવામાં આવે છે, અને | (૨) આવાસદીઠ રૂ. ૧,૨૦,૦૦૦/–ની સહાય આપવામાં આવે છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં આ યોજના અંતર્ગત કેટલી સહાય આપવામાં આવેલ છે ? | (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં આ યોજના અંતર્ગત કુલ રૂ.૫૧૬.૮૫ લાખની સહાય આપવામાં આવેલ છે. |

---------

# ૩૪

## ગીર સોમનાથ જિલ્લામાં ડીઝલ બોટોને ડીઝલ પર સબસીડી આપવા બાબત

* ૧૮૫૬ **શ્રી વિમલભાઈ ચુડાસમા** (સોમનાથ) : **માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૨૩ની સ્થિતિએ ગીર સોમનાથ જિલ્લામાં માછીમારોને હોડી માટે ડિઝલ પર સબસીડી આપવામાં આવતી નથી તે હકીકત સાચી છે, અને | (૧) ના. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ સદર સબસીડી ફરી શરૂ કરવા સરકારે શી વિચારણા કરી ? | (૨) લાગુ પડતું નથી. |

---------

# ૩૫

## જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સરકારી અને ગ્રાન્ટેડ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકો અને આચાર્યની જગ્યાઓ

* ૨૫૦૮ **શ્રી હેમંતભાઈ આહિર** (જામજોધપુર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર સરકારી અને ગ્રાન્ટેડ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક કેટલી શાળાઓ આવેલી છે,

**જવાબ**

(૧) **સરકારી શાળાઓ**

| જિલ્લો | પ્રાથમિક શાળા | માત્ર માધ્યમિક શાળા | માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા | માત્ર ઉચ્ચતર માધ્યમિક શાળા |
|---|---|---|---|---|
| જામનગર | ૬૬૪ | ૨૦ | ૧૦ | ૦૬ |
| દેવભૂમિ દ્વારકા | ૫૯૩ | ૨૬ | ૧૩ | ૦૩ |

**ગ્રાન્ટેડ શાળાઓ**

| જિલ્લો | પ્રાથમિક શાળા | માત્ર માધ્યમિક શાળા | માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા | માત્ર ઉચ્ચતર માધ્યમિક શાળા |
|---|---|---|---|---|
| જામનગર | ૦૮ | ૭૨ | ૨૮ | ૦૧ |
| દેવભૂમિ દ્વારકા | ૦૧ | ૨૧ | ૨૧ | ૦૦ |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર ઉક્ત શાળાઓમાં શિક્ષકો અને આચાર્યની કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨)

**સરકારી શાળા**

| જિલ્લો | વિગત | સરકારી પ્રાથમિક શાળાઓ | | સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ | | |
|---|---|---|---|---|---|---|
| | | પ્રાથમિક શિક્ષક | આચાર્ય | માધ્યમિક શિક્ષક | ઉચ્ચતર માધ્યમિક શિક્ષક | આચાર્ય |
| જામનગર | ભરાયેલ | ૩૩૬૦ | ૧૨૦ | ૬૧ | ૪૮ | ૧૦ |
| | ખાલી | ૩૩૦ | ૦૦ | ૨૭ | ૪૨ | ૦૪ |
| દેવભૂમિ દ્વારકા | ભરાયેલ | ૨૬૨૧ | ૯૧ | ૮૦ | ૩૫ | ૧૯ |
| | ખાલી | ૫૭૫ | ૦૪ | ૩૭ | ૪૩ | ૦૯ |

**ગ્રાન્ટેડ શાળા**

| જિલ્લો | વિગત | સરકારી પ્રાથમિક શાળાઓ | | સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ | | |
|---|---|---|---|---|---|---|
| | | પ્રાથમિક શિક્ષક | આચાર્ય | માધ્યમિક શિક્ષક | ઉચ્ચતર માધ્યમિક શિક્ષક | આચાર્ય |
| જામનગર | ભરાયેલ | ૩૧ | ગ્રાન્ટેડ પ્રાથમિક શાળામાં આચાર્યની નિમણૂકની જોગવાઈ નથી. | ૩૨૯ | ૧૬૯ | ૩૦ |
| | ખાલી | ૩૩ | | ૮૨ | ૯૫ | ૭૦ |
| દેવભૂમિ દ્વારકા | ભરાયેલ | ૦૭ | | ૧૬૭ | ૭૮ | ૨૦ |
| | ખાલી | ૦૨ | | ૪૩ | ૨૬ | ૨૨ |

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવાનું આયોજન છે ?

(૩) જેમ બને તેમ ઝડપથી.

---------

# ૩૬

## ભાવનગર જિલ્લામાં ખાનગી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ માટે ફી પરત ચૂકવણી સહાય યોજના

* ૨૪૦૮ **શ્રી શિવાભાઈ ગોહિલ** (મહુવા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં ખાનગી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓના અભ્યાસ માટે ફી પરત ચૂકવણી સહાય યોજના હેઠળ વિદ્યાર્થીદીઠ કેટલી રકમની સહાય ચૂકવવામાં આવે છે, અને | (૧) શિક્ષણ વિભાગના તા.૨૬–૦૮–૨૦૨૨ના ઠરાવ ક્રમાંક : ખપશ/૧૧૨૨/સીસી૩૬/ચ અનુસાર રાઈટ ટુ એજ્યુકેશન એક્ટની કલમ ૧૨.૨ મુજબ વિદ્યાર્થીદીઠ રૂ.૧૩,૬૭૫/– અથવા જે તે બિન–અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાની ફી રેગ્યુલેશન કમિટી દ્વારા નક્કી કરવામાં આવેલ વિદ્યાર્થીદીઠ વાસ્તવિક ફી, બેમાંથી જે ઓછું હોય તે મુજબની રકમ શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩ થી ફી–રિએમ્બર્સમેન્ટ પેટે ચૂકવવામાં આવે છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ નાણાકીય વર્ષ ૨૦૨૨–૨૩માં ભાવનગર જિલ્લામાં કેટલા વિદ્યાર્થીઓને આ યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે ? | (૨) |

| જિલ્લો | યોજના હેઠળ આવરી લેવામાં આવેલ વિદ્યાર્થીઓની સંખ્યા |
|---|---|
| ભાવનગર જિલ્લો | ૬૧૮૫ |
| ભાવનગર શહેર | ૮૩૯૨ |

---------

# ૩૭

## પાટણ જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા સહાય

* ૨૪૪૪ **શ્રી લવીંગજી સોલંકી** (રાધનપુર) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાટણ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમાની સહાય મેળવવા કેટલી અરજીઓ મળી, | (૧) ૧૫૯ અરજીઓ. |
| (૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૯૫ અરજીઓ. |
| (૩) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ. ૧૮૬.૦૦ લાખ. |

---------

# ૩૮

## મહેસાણા જિલ્લામાં કોલ્ડ સ્ટૉરેજ સહાય યોજના

* ૨૪૩૭ **શ્રી મુકેશકુમાર પટેલ** (મહેસાણા) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ બાગાયતી પાકોના સંગ્રહ માટે કોલ્ડ સ્ટૉરેજ માટેની યોજના પેટે રાજ્ય સરકાર દ્વારા સહાય આપવામાં આવે છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે માટે કેટલી રકમ ચૂકવવામાં આવે છે, અને | (૨) બાગાયત ખાતા તરફથી કોલ્ડ સ્ટૉરેજ ઉભા કરવા નીચે મુજબ સહાય ચૂકવવામાં આવે છે. |

| ક્રમ | લાભાર્થીનો પ્રકાર | વિસ્તાર | ૫૦૦૦ મે.ટન સુધી મહત્તમ સહાયની રકમ | | | ૫૦૦૦ થી ૨૦૦૦૦ મે.ટન સુધી મહત્તમ સહાયની રકમ |
|---|---|---|---|---|---|---|
| | | | ૨૫૦ ટન થી મોટી ચેમ્બર | ૨૫૦ ટન થી નાની ચેમ્બર | નિયંત્રિત વાતાવરણ પ્રણાલી | |
| ૧ | વ્યક્તિગત લાભાર્થી | સામાન્ય | રૂ. ૨૦૫ લાખ | રૂ. ૨૫૫ લાખ | રૂ. ૫૦૦ લાખ | રાજ્ય સરકાર દ્વારા સહાય મળવાપાત્ર નથી |
| | | આદિજાતિ વિસ્તાર | રૂ. ૨૬૫ લાખ | રૂ. ૩૨૫ લાખ | રૂ. ૬૫૦ લાખ | રૂ. ૩૬૦ લાખ |

| ક્રમ | લાભાર્થીનો પ્રકાર | વિસ્તાર | ૫૦૦૦ મે.ટન સુધી મહત્તમ સહાયની રકમ | | | ૫૦૦૦ થી ૨૦૦૦૦ મે.ટન સુધી મહત્તમ સહાયની રકમ |
|---|---|---|---|---|---|---|
| | | | ૨૫૦ ટન થી મોટી ચેમ્બર | ૨૫૦ ટન થી નાની ચેમ્બર | નિયંત્રિત વાતાવરણ પ્રણાલી | |
| ૨ | એપીએમસી, સહકારી, ખેડૂત સંસ્થા, જાહેર સાહસો, નગરપાલિકા કે રજીસ્ટર્ડ ખેડૂત ઉત્પાદક સંગઠન | સામાન્ય | રૂ. ૨૪૬ લાખ | રૂ. ૩૦૬ લાખ | રૂ. ૬૦૦ લાખ | રાજ્ય સરકાર દ્વારા સહાય મળવાપાત્ર નથી |
| | | આદિજાતિ વિસ્તાર | રૂ. ૩૦૭.૫૦ લાખ | રૂ. ૩૭૫ લાખ | રૂ. ૭૮૦ લાખ | રૂ. ૩૬૦ લાખ |

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં મહેસાણા જિલ્લામાં કેટલા કોલ્ડ સ્ટૉરેજ ઉભા કરવા કુલ કેટલી રકમની ચૂકવણી કરવામાં આવી ?

(૩) કુલ–૫ (પાંચ) કોલ્ડ સ્ટૉરેજ માટે રૂ.૧૦,૯૯,૧૮,૨૨૫/– રકમની ચૂકવણી કરવામાં આવી.

---------

# ૩૯

## ગાંધીનગર જિલ્લામાં ખાણદાણ સહાય યોજના

* ૨૪૨૩ **શ્રી અલ્પેશ ઠાકોર** (ગાંધીનગર દક્ષિણ) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં પશુપાલકોના ગાભણ પશુઓ (ગાય/ભેંસ) માટે ખાણદાણ સહાય યોજના હેઠળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલા પશુપાલકોને તેનો લાભ આપવામાં આવ્યો ?

**જવાબ**

(૧) રૂ.૧,૬૪,૧૦,૨૨૫/–

(૨) ૩૫૬૭

---------

# ૪૦

## જામનગર જિલ્લામાં ગુણોત્સવ–૨ અંતર્ગત પ્રાથમિક શાળાઓનું મૂલ્યાંકન

* ૨૩૯૪ **શ્રી દિવ્યેશભાઈ અકબરી** (જામનગર દક્ષિણ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન ગુણોત્સવ–૨ અંતર્ગત જામનગર જિલ્લાની પ્રાથમિક શાળાઓના મૂલ્યાંકનની શું સ્થિતિ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મૂલ્યાંકન સંદર્ભે સરકાર દ્વારા શાં પગલાં લેવામાં આવ્યા ?

**જવાબ**

(૧)

| જિલ્લો | શૈક્ષણિક વર્ષ | મૂલ્યાંકન માટે નિયત થયેલ શાળાઓ | મૂલ્યાંકનની કામગીરી પૂર્ણ થયેલ શાળાઓ |
|---|---|---|---|
| જામનગર | ૨૦૨૧–૨૨ | ૭૧૦ | ૭૧૦ |
| | ૨૦૨૨–૨૩ | ૭૧૩ | ૫૬૨ |

(૨)

- મૂલ્યાંકન થયેલ તમામ શાળાઓને ગુણોત્સવ–૨.૦ અંતર્ગત રીપોર્ટ કાર્ડ આપવામાં આવ્યા છે. જેમાં મુખ્યક્ષેત્ર અને પેટાક્ષેત્ર પ્રમાણે તેમની શાળાની સારી બાબતો અને શાળાની સુધારાત્મક બાબતો ઉપરાંત શાળાને પ્રાપ્ત થયેલ ગ્રેડ અને ટકા પણ દર્શાવવામાં આવે છે.
- રાજ્ય કક્ષાએથી રાજયના તમામ જિલ્લાઓના જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, પ્રાચાર્યશ્રી, ડાયટ, બી.આર.સી કૉ.–ઑર્ડિનેટરને મૂલ્યાંકન થયેલ શાળાઓની ગુણાત્મક સુધારણા માટે માર્ગદર્શન આપવામાં આવ્યું. સમયાંતરે જિલ્લા અને રાજ્ય કક્ષાએથી રીવ્યુ કરવામાં આવે છે.

- ગુણોત્સવ–૨.૦ અંતર્ગત વિદ્યાર્થીઓની હાજરી એક માપદંડ છે. વિદ્યા સમીક્ષા કેન્દ્ર દ્વારા રાજ્ય કક્ષાએથી હાજરી અંતર્ગત અનિયમિતતા માટે મોનીટરીંગ દ્વારા સુધારાત્મક પગલાં માટે શાળાઓને માર્ગદર્શન આપવામાં આવે છે.
- વિદ્યા સમીક્ષા કેન્દ્ર પાસેથી મેળવેલ વિષયવાર સામયિક કસોટીના ગુણની વિગતો રીપોર્ટ કાર્ડમાં લેવામાં આવે છે. જેનાથી સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન કરીને ઉપચારાત્મક કાર્ય થાય છે.

---------

# ૪૧

## દાહોદ અને ડાંગ જિલ્લામાં ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારો બાબત

* ૩૨૮૭ **શ્રી ગુલાબસિંહ ચૌહાણ** (લુણાવાડા) : **માનનીય ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ દાહોદ અને ડાંગ જિલ્લામાં જિલ્લાવાર ગરીબી રેખાથી નીચે જીવતા ૦ થી ૧૬ ગુણાંકવાળા અને ૧૭ થી ૨૦ ગુણાંકવાળા પરિવારોની સંખ્યા કેટલી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર, જિલ્લાવાર ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારોમાં કેટલા પરિવારોનો વધારો કે ઘટાડો થયો ?

**જવાબ**

(૧)

| જિલ્લો | ૦ થી ૧૬ ગુણાંકવાળા પરિવારો | ૧૭ થી ૨૦ ગુણાંકવાળા પરિવારો |
|---|---|---|
| દાહોદ | ૧૪૨૮૬૯ | ૮૨૬૪૯ |
| ડાંગ | ૨૪૦૩૬ | ૧૧૩૧૫ |

(૨)

| જિલ્લો | ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારોમાં થયેલ વધારો | | ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારોમાં થયેલ ઘટાડો | |
|---|---|---|---|---|
| | તા. ૧–૧–૨૦૨૧ થી ૩૧–૧૨–૨૦૨૧ | તા. ૧–૧–૨૦૨૨ થી ૩૧–૧૨–૨૦૨૨ | તા. ૧–૧–૨૦૨૧ થી ૩૧–૧૨–૨૦૨૧ | તા. ૧–૧–૨૦૨૨ થી ૩૧–૧૨–૨૦૨૨ |
| દાહોદ | ૨૯ | ૩ | ૦ | ૦ |
| ડાંગ | ૦ | ૩૨ | ૦ | ૦ |

---------

# ૪૨

## અમદાવાદ જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના–ગ્રામીણ

* ૨૪૮૮ **શ્રી ઈમરાન ખેડાવાલા** (જમાલપુર) : **માનનીય ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૧–૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામ્ય) હેઠળ કેટલા આવાસો બનાવવાનું નક્કી કરવામાં આવ્યું હતુ,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ વર્ષવાર કેટલા આવાસો મંજૂર થયા છે,

(૩) ઉક્ત સ્થિતિએ તે પૈકીના કેટલા આવાસો બનાવવામાં આવ્યા, અને

(૪) કેટલા આવાસોનું કામ પ્રગતિમાં છે ?

**જવાબ**

(૧)

| વર્ષ | ૨૦૨૧–૨૨ | ૨૦૨૨–૨૩ |
|---|---|---|
| લક્ષ્યાંક | ૧૭૬ | ૬૮૫ |

(૨)

| વર્ષ | ૨૦૨૧–૨૨ | ૨૦૨૨–૨૩ |
|---|---|---|
| મંજૂર આવાસો | ૧૬૭ | ૬૬૨ |

(૩)

| વર્ષ | ૨૦૨૧–૨૨ | ૨૦૨૨–૨૩ |
|---|---|---|
| બનાવેલ આવાસો | ૯૫ | ૦ |

(૪)

| વર્ષ | ૨૦૨૧–૨૨ | ૨૦૨૨–૨૩ |
|---|---|---|
| પ્રગતિ હેઠળના આવાસો | ૭૦ | ૦ |

---------

# ૪૩

## ભાવનગર જિલ્લામાં ખાનગી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ માટે ફી પરત ચૂકવણી સહાય યોજના

* ૨૪૦૯ **શ્રી ભીખાભાઈ બારૈયા** (પાલીતાણા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં ખાનગી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓના અભ્યાસ માટે ફી પરત ચૂકવણી સહાય યોજના હેઠળ વિદ્યાર્થી દીઠ કેટલી રકમની સહાય ચૂકવવામાં આવે છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ નાણાંકીય વર્ષ ૨૦૨૨–૨૩માં ભાવનગર જિલ્લામાં કેટલા વિદ્યાર્થીઓને આ યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) શિક્ષણ વિભાગના તા.૨૬–૦૮–૨૦૨૨ના ઠરાવ ક્રમાંક : ખપશ/૧૧૨૨/સીસી૩૬/ચ અનુસાર રાઈટ ટુ એજ્યુકેશન એક્ટની કલમ ૧૨.૨ મુજબ વિદ્યાર્થી દીઠ રૂ.૧૩,૬૭૫/– અથવા જે તે બિન–અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાની ફી રેગ્યુલેશન કમિટી દ્વારા નક્કી કરવામાં આવેલ વિદ્યાર્થીદીઠ વાસ્તવિક ફી, બેમાંથી જે ઓછું હોય તે મુજબની રકમ શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩ થી ફી–રિએમ્બર્સમેન્ટ પેટે ચૂકવવામાં આવે છે.

(૨)

| જિલ્લો | યોજના હેઠળ આવરી લેવામાં આવેલ વિદ્યાર્થીઓની સંખ્યા |
|---|---|
| ભાવનગર જિલ્લો | ૬૧૮૫ |
| ભાવનગર શહેર | ૮૩૯૨ |

---------

# ૪૪

## કચ્છ જિલ્લામાં કૃષિલક્ષી કૌશલ્ય વિકાસ તાલીમ કાર્યક્રમ

* ૨૪૪૬ **શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા** (રાપર) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કૃષિલક્ષી કૌશલ્ય વિકાસ તાલીમ કાર્યક્રમ અંતર્ગત કચ્છ જિલ્લામાં કેટલા ખેડૂતોએ સંસ્થાકીય તાલીમમાં ભાગ લીધો, અને

(૨) તે પૈકી કેટલી મહિલા તાલીમાર્થી અને કેટલા પુરૂષ તાલીમાર્થીઓએ ભાગ લીધો, અને

(૩) ઉક્ત સ્થિતિએ તે પેટે કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) ૧૦૦૬

(૨) ૪૬૦ મહિલા અને ૫૪૬ પુરૂષ.

(૩) રૂ. ૧૦,૫૫,૬૨૭/–

---------

# ૪૫

## મહેસાણા જિલ્લામાં ડેરી ફાર્મ સ્થાપવા સહાય યોજના

* ૨૪૧૬ **શ્રી કરશનભાઈ સોલંકી** (કડી) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૧–૨૦૨૩ની સ્થિતિએ વર્ષ ૨૦૨૧–૨૨ માં મહેસાણા જિલ્લામાં સ્વરોજગારીના હેતુસર પશુપાલન વ્યવસાય માટે ૧૨ દૂધાળા પશુના ડેરી ફાર્મ સ્થાપનાની સહાય યોજના અંતર્ગત કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ કુલ કેટલી રકમ સહાય પેટે ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧) ૪૪

(૨) રૂ.૩૨,૭૧,૪૩૩/–

---------

# ૪૬

## બનાસકાંઠા જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા સહાય

* ૨૪૪૩ **શ્રી અનિકેત ઠાકર** (પાલનપુર) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમાની સહાય મેળવવા કેટલી અરજીઓ મળી, | (૧) ૨૪૨ અરજીઓ. |
| (૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧૯૧ અરજીઓ. |
| (૩) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ.૩૭૬.૦૦ લાખ. |

---------

# ૪૭

## ગાંધીનગર જિલ્લામાં ગુણોત્સવ–૨ અંતર્ગત પ્રાથમિક શાળાઓનું મૂલ્યાંકન

* ૨૩૯૮ **શ્રી જયંતિભાઈ પટેલ** (માણસા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષ દરમિયાન ગુણોત્સવ–૨ અંતર્ગત ગાંધીનગર જિલ્લાની પ્રાથમિક શાળાઓના મૂલ્યાંકનની શું સ્થિતિ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મૂલ્યાંકન સંદર્ભે સરકાર દ્વારા શાં પગલાં લેવામાં આવ્યા ?

**જવાબ**

(૧)

| જિલ્લો | શૈક્ષણિક વર્ષ | મૂલ્યાંકન માટે નિયત થયેલ શાળાઓ | મૂલ્યાંકનની કામગીરી પૂર્ણ થયેલ શાળાઓ |
|---|---|---|---|
| ગાંધીનગર | ૨૦૨૧–૨૨ | ૬૧૧ | ૬૧૧ |
| | ૨૦૨૨–૨૩ | ૬૧૩ | ૫૧૩ |

(૨)

- મૂલ્યાંકન થયેલ તમામ શાળાઓને ગુણોત્સવ–૨ અંતર્ગત રીપોર્ટ કાર્ડ આપવામાં આવ્યા છે. જેમાં મુખ્યક્ષેત્ર અને પેટાક્ષેત્ર પ્રમાણે તેમની શાળાની સારી બાબતો અને શાળાની સુધારાત્મક બાબતો ઉપરાંત શાળાને પ્રાપ્ત થયેલ ગ્રેડ અને ટકા પણ દર્શાવવામાં આવે છે.
- રાજ્ય કક્ષાએથી રાજયના તમામ જિલ્લાઓના જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, પ્રાચાર્યશ્રી, ડાયટ, બી.આર.સી કો–ઓર્ડીનેટર, સી.આર.સી કો–ઓર્ડીનેટરને મૂલ્યાંકન થયેલ શાળાઓની ગુણાત્મક સુધારણા માટે માર્ગદર્શન આપવામાં આવ્યું. સમયાંતરે જિલ્લા અને રાજ્ય કક્ષાએથી રીવ્યુ કરવામાં આવે છે.
- ગુણોત્સવ–૨ અંતર્ગત વિદ્યાર્થીઓની હાજરી એક માપદંડ છે. વિદ્યા સમીક્ષા કેન્દ્ર દ્વારા રાજ્ય કક્ષાએથી હાજરી અંતર્ગત અનિયમિતતા માટે મોનીટરીંગ દ્વારા સુધારાત્મક પગલાં માટે શાળાઓને માર્ગદર્શન આપવામાં આવે છે.
- વિદ્યા સમીક્ષા કેન્દ્ર પાસેથી મેળવેલ વિષયવાર સામયિક કસોટીના ગુણની વિગતો રીપોર્ટ કાર્ડમાં લેવામાં આવે છે. જેનાથી સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન કરીને ઉપચારાત્મક કાર્ય થાય છે.

---------

# ૪૮

## ગાંધીનગર જિલ્લામાં ગુણોત્સવ–૨ અંતર્ગત પ્રાથમિક શાળાઓનું મૂલ્યાંકન

* ૨૩૯૯ **શ્રી બલરાજસિંહ ચૌહાણ** (દહેગામ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષ દરમિયાન ગુણોત્સવ–૨ અંતર્ગત ગાંધીનગર જિલ્લાની પ્રાથમિક શાળાઓના મૂલ્યાંકનની શું સ્થિતિ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મૂલ્યાંકન સંદર્ભે સરકાર દ્વારા શાં પગલાં લેવામાં આવ્યા ?

**જવાબ**

(૧)

| જિલ્લો | શૈક્ષણિક વર્ષ | મૂલ્યાંકન માટે નિયત થયેલ શાળાઓ | મૂલ્યાંકનની કામગીરી પૂર્ણ થયેલ શાળાઓ |
|---|---|---|---|
| ગાંધીનગર | ૨૦૨૧–૨૨ | ૬૧૧ | ૬૧૧ |
| | ૨૦૨૨–૨૩ | ૬૧૩ | ૫૧૩ |

(૨)

- મૂલ્યાંકન થયેલ તમામ શાળાઓને ગુણોત્સવ ૨ અંતર્ગત રીપોર્ટ કાર્ડ આપવામાં આવ્યા છે. જેમાં મુખ્યક્ષેત્ર અને પેટાક્ષેત્ર પ્રમાણે તેમની શાળાની સારી બાબતો અને શાળાની સુધારાત્મક બાબતો ઉપરાંત શાળાને પ્રાપ્ત થયેલ ગ્રેડ અને ટકા પણ દર્શાવવામાં આવે છે.
- રાજ્ય કક્ષાએથી રાજ્યના તમામ જિલ્લાઓના જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, પ્રાચાર્યશ્રી, ડાયટ, બી.આર.સી કો–ઓર્ડીનેટર, સી.આર.સી કો–ઓર્ડીનેટરને મૂલ્યાંકન થયેલ શાળાઓની ગુણાત્મક સુધારણા માટે માર્ગદર્શન આપવામાં આવ્યું. સમયાંતરે જિલ્લા અને રાજ્ય કક્ષાએથી રીવ્યુ કરવામાં આવે છે.
- ગુણોત્સવ–૨ અંતર્ગત વિદ્યાર્થીઓની હાજરી એક માપદંડ છે. વિદ્યા સમીક્ષા કેન્દ્ર દ્વારા રાજ્ય કક્ષાએથી હાજરી અંતર્ગત અનિયમિતતા માટે મોનીટરીંગ દ્વારા સુધારાત્મક પગલાં માટે શાળાઓને માર્ગદર્શન આપવામાં આવે છે.
- વિદ્યા સમીક્ષા કેન્દ્ર પાસેથી મેળવેલ વિષયવાર સામયિક કસોટીના ગુણની વિગતો રીપોર્ટ કાર્ડમાં લેવામાં આવે છે. જેનાથી સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન કરીને ઉપચારાત્મક કાર્ય થાય છે.

---------

# ૪૯

## છોટા ઉદેપુર જિલ્લામાં કૃત્રિમ બીજદાન યોજના અન્વયે પશુપાલકોને પ્રોત્સાહન

* ૨૪૨૧ **શ્રી રાજેન્દ્રસિંહ રાઠવા** (છોટા ઉદેપુર) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં શુદ્ધ સંવર્ધન દ્વારા રાજ્યની સ્થાનિક ઓલાદની ગાયમાં કૃત્રિમ બીજદાનથી જન્મેલ વાછરડીઓના ઉછેર માટે પશુપાલકોને પ્રોત્સાહન આપવાની યોજના હેઠળ કેટલા પશુપાલકોને લાભ આપવામાં આવ્યો, અને

**જવાબ**

(૧)

| વર્ષ: ૨૦૨૧ | વર્ષ: ૨૦૨૨ | કુલ |
|---|---|---|
| ૧૪૬ | ૧૯૫ | ૩૪૧ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તે અંગે કુલ કેટલી રકમ સહાય પેટે આપવામાં આવી ?

(૨)

| વર્ષ: ૨૦૨૧ | વર્ષ: ૨૦૨૨ | કુલ |
|---|---|---|
| ૪,૩૮,૦૦૦ | ૫,૮૫,૦૦૦ | ૧૦,૨૩,૦૦૦ |

---------

# ૫૦

## ખેડા જિલ્લામાં કોલ્ડ સ્ટૉરેજ પર રૂફ ટોપ સોલાર યોજના

* ૨૪૩૫ **શ્રી રાજેશકુમાર ઝાલા** (કપડવંજ) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ કોલ્ડ સ્ટૉરેજ પર રૂફ ટોપ સોલાર પેનલ માટે બાગાયત ખાતા દ્વારા સહાય આપવામાં આવે છે કે કેમ, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં ખેડા જિલ્લામાં સહાય પેટે કુલ કેટલી રકમની ચૂકવણી કરવામાં આવી ?

(૨) રૂ. ૨૨,૨૯,૧૦૦/–

---------

# ૫૧

## મહેસાણા અને ગાંધીનગર જિલ્લામાં આર.ટી.ઈ. એક્ટ હેઠળ શાળાઓમાં પ્રવેશ

* ૩૩૦૨ **ડૉ. સી.જે.ચાવડા** (વિજાપુર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ–૨૦૦૯નો અમલ ક્યારથી કરવામાં આવ્યો છે,

(૧) તા.૦૧–૦૪–૨૦૧૦ થી.

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મહેસાણા અને ગાંધીનગર શહેર/જિલ્લાવાર તે અન્વયે કેટલી ખાનગી શાળાઓમાં કેટલા બાળકોને પ્રવેશ મળવાપાત્ર થતો હતો.

(૨)

| જિલ્લો | આર.ટી.ઈ. એક્ટ અન્વયે પ્રવેશ મળવાપાત્ર શાળાઓની સંખ્યા | | આર.ટી.ઈ. એક્ટ અન્વયે પ્રવેશ મળવાપાત્ર બાળકોની સંખ્યા | |
|---|---|---|---|---|
| | શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ | શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩ | શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ | શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩ |
| મહેસાણા | ૨૨૮ | ૨૩૪ | ૧૬૦૬ | ૧૬૨૩ |
| ગાંધીનગર જિલ્લો | ૨૩૮ | ૨૩૮ | ૧૭૨૯ | ૧૭૫૧ |
| ગાંધીનગર શહેર | ૪૫ | ૪૭ | ૩૮૫ | ૪૫૪ |

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત વર્ષવાર ઉક્ત શહેર/જિલ્લાવાર કેટલી ખાનગી શાળાઓમાં કેટલા બાળકોને પ્રવેશ આપવામાં આવ્યો, અને

(૩)

| જિલ્લો | આર.ટી.ઈ. એક્ટ અન્વયે પ્રવેશ આપેલ શાળાઓની સંખ્યા | | આર.ટી.ઈ. એક્ટ અન્વયે પ્રવેશ આપેલ બાળકોની સંખ્યા | |
|---|---|---|---|---|
| | શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ | શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩ | શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ | શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩ |
| મહેસાણા | ૨૧૩ | ૨૩૪ | ૧૪૫૪ | ૧૫૧૧ |
| ગાંધીનગર જિલ્લો | ૨૧૯ | ૨૧૫ | ૧૪૫૨ | ૧૬૨૮ |
| ગાંધીનગર શહેર | ૪૫ | ૪૭ | ૩૩૯ | ૪૨૪ |

(૪) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાઓમાં ઉક્ત એક્ટની જોગવાઈનું પાલન ન કરનાર કઈ શાળાઓ સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

(૪) આર.ટી.ઈ. ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા અંતર્ગત ઓનલાઇન પ્રવેશ ફાળવ્યા મુજબની તમામ શાળાઓએ વિદ્યાર્થીઓને પ્રવેશ આપેલ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

# પર

## દાહોદ જિલ્લામાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના(વોટરશેડ કમ્પોનન્ટ) જળસંગ્રહ

* ૨૩૬૮ **શ્રી કનૈયાલાલ કિશોરી** (દાહોદ) : **માનનીય ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામવિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૩–૨૦૨૨ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર દાહોદ જિલ્લામાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના (વોટરશેડ કમ્પોનન્ટ) અંતર્ગત જળસંગ્રહ માટે કેવા પ્રકારના કામ હાથ ધરવામાં આવેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ જળસંગ્રહના કેટલા કામ પૂર્ણ કરવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ તે માટે કેટલો ખર્ચ થયેલ છે ?

**જવાબ**

(૧)

| હાથ ધરવામાં આવેલ કામના પ્રકાર | |
|---|---|
| **૨૦૨૦–૨૧** | **૨૦૨૧–૨૨** |
| તળાવ ઉંડા કરવા, ચેકડેમ ડિસીલ્ટીંગ, ચેકડેમ, નાળા પ્લગ, અર્ધનબન્ડ (માટીપાળા). | નવું તળાવ, ચેકડેમ, નાળા પ્લગ, પોન્ડ વેસ્ટ વિયર, નાળા પ્લગ. |

(૨) ૨૦૧ કામો.

(૩) રૂ.૧૬૭.૩૨ લાખ.

---------

# પ૩

## પંચમહાલ જિલ્લામાં નેશનલ ફૂડ સિક્યોરીટી મિશન–ઓઈલસીડ યોજના

* ૨૪૩૯ **શ્રી ફતેસિંહ ચૌહાણ** (કાલોલ) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નેશનલ ફૂડ સિક્યોરીટી મિશન–ઓઈલસીડ યોજના અંતર્ગત પંચમહાલ જિલ્લામાં કેટલી ખેડૂત તાલીમ શિબિરો યોજવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે પેટે કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) ૧૦

(૨) રૂા.૨,૪૦,૦૦૦/–

---------

# પ૪

## તાપી જિલ્લામાં આદિજાતિના ઉચ્ચ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટેના સરકારી છાત્રાલયો

* ૨૩૭૨ **શ્રી મોહનભાઈ કોંકણી** (વ્યારા) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ તાપી જિલ્લામાં ઉચ્ચ અભ્યાસ કરતાં આદિજાતિના વિદ્યાર્થીઓ માટે કેટલા સરકારી છાત્રાલયો કાર્યરત છે, અને તે પૈકી કુમાર અને કન્યા માટેના છાત્રાલયોની સંખ્યા કેટલી છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત કાર્યરત સરકારી છાત્રાલયોમાં કેટલા વિદ્યાર્થી/વિદ્યાર્થિનીઓ અભ્યાસ કરે છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કાર્યરત સરકારી છાત્રાલયોની સંખ્યામાં કેટલો વધારો મંજૂર કરવામાં આવ્યો છે ?

**જવાબ**

(૧) ૧૪ સરકારી છાત્રાલયો
૬ કુમાર અને ૮ કન્યા

(૨) ૯૯૩

(૩) ૦૨

---------

# ૫૫

**રાજ્યમાં ન્યુ એજ્યુકેશન પોલિસી ૨૦૨૦ અંતર્ગત કામગીરી**

* ૨૪૦૧ **શ્રી રમેશભાઈ ટીલાળા** (રાજકોટ દક્ષિણ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ન્યુ એજ્યુકેશન પોલીસી ૨૦૨૦ અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા કોઈ કામગીરી કરવામાં આવેલ છે, અને | (૧) હા. |
| (૨) જો હા, તો તેની વિગત શી છે ? | (૨) આ સાથે સામેલ પત્રક–અ મુજબ. |

**પત્રક–અ**

- વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે બાલવાટિકા સામગ્રી તૈયાર કરવામાં આવી છે.
- ધોરણ ૧ અને ૨ ના શિક્ષકો, સીઆરસી, બીઆરસી તેમજ ડાયટ અધ્યાપકોને નિપૂણ ભારત મિશનની તાલીમ આપી.
- ગુજરાતી ભાષામાં ધોરણ યોગ્ય વાંચન પ્રવાહ/ઝડપ માટે બેન્ચમાર્કિંગ કરવા માટે ઓરલ રીડિંગ ફ્લુએન્સી (ORF) સર્વે હાથ ધરવામાં આવ્યો.
- Digital Infrastructure for Knowledge Sharing (DIKSHA) પોર્ટલ પર ધોરણ ૧ થી ૫ ના તમામ શિક્ષકો માટે નિષ્ઠા 3.0 Foundational Literacy & Numeracy (FLN) તાલીમ પૂર્ણ કરવામાં આવી.
- શિક્ષકો અને શિક્ષક-પ્રશિક્ષકો માટે પાયાની ભાષાકીય સાક્ષરતા પર ઑનલાઇન પ્રમાણપત્ર અભ્યાસક્રમ શરૂ કરવામાં આવ્યો.
- રાજ્યમાં ત્રણ (૧) Early Child Care & Education (ECCE)-School Education (SE), (૨) Teacher Education (TE), અને (૩) Adult Education (AE) માટે સ્ટેટ સ્ટિયરિંગ કમીટીની રચના કરવામાં આવી.
- રાજ્યમાં તમામ ચાર પ્રકારના રાજ્ય અભ્યાસક્રમ રૂપરેખા તૈયાર કરવા માટેની પ્રક્રિયાના ભાગરૂપે રાજ્યના તમામ ૩૩ જિલ્લામાં રાજ્ય સ્તરના પરામર્શ કરી ૧૩૨ જેટલા ડિસ્ટ્રીક્ટ કન્સલ્ટેશન રિપોર્ટ તૈયાર કર્યા.
- વિદ્યાપ્રવેશ (ધોરણ–૧) માટે શિક્ષક તેમજ વિદ્યાર્થી પુસ્તિકા તૈયાર કરી.
- ધોરણ ૪, ૬ અને ૭માં ગુજરાત એચિવમેન્ટ સર્વે (GAS) કરવામાં આવ્યો.
- ભારતીય જ્ઞાન પ્રણાલી અનુસંધાને, શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩થી ધોરણ ૬, ૭ અને ૯માં વૈદિક ગણિતનો સમાવેશ કરવામાં આવ્યો તેમજ શિક્ષકોને તે અનુસંધાને તાલીમ આપવામાં આવી.
- શાળા શિક્ષણમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ સંદર્ભે ભારતીય સંસ્કૃતિ અને જ્ઞાન પ્રણાલીનો સમન્વય કરવાના ભાગરૂપે શ્રીમદ્ ભગવદ્ ગીતામાં સમાવિષ્ટ મૂલ્યો અને સિદ્ધાંતોનો પરિચય કરાવવા માટેની કામગીરી શરૂ કરવામાં આવી છે.
- રાજ્યમાં વિવિધ ૩૪૯૦ હિતધારકો પાસેથી મોબાઇલ એપ્લિકેશન મારફત એસ.સી.એફ. સંદર્ભે પ્રતિભાવ મેળવ્યા.
- રાજ્ય અભ્યાસક્રમ રૂપરેખા સંદર્ભે વિવિધ ૨૫ વિષયોના પોઝીશન પેપર તૈયાર કરવામાં આવ્યા.
- ધોરણ ૬ થી ૮ માટે ૧૦ બેગલેસ ડેની માર્ગદર્શિકા તૈયાર કરવામાં આવી.
- રાજ્યના શિક્ષકોની સજ્જતામાં વધારો કરાવવા માટેની તાલીમોનું આયોજન કરવામાં આવ્યું.
- રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦ માં ગણિત જેવા વિષયોમાં વિદ્યાર્થીઓના મૂલ્યાંકનમાં બે વિકલ્પો આપવાની બાબત દર્શાવેલ છે. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: મશબ/૧૧૧૯/૮૫૭/છ, તા.૧૪/૦૭/૨૦૨૧માં જણાવ્યા મુજબ શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ થી ધોરણ–૧૦ માં ગણિત સ્ટાન્ડર્ડ અને ગણિત બેઝિક એમ બે પ્રકારના પ્રશ્નપત્રોના વિકલ્પ આપવા અંગે સરકારશ્રી દ્વારા નિર્ણય કરવામાં આવેલ છે.
- રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦ માં જણાવેલ ભારતીય જ્ઞાન પ્રણાલી સંદર્ભે શૈક્ષણિક વર્ષ–૨૦૨૨–૨૩ થી ક્રમશ રાજ્યની શાળાઓમાં ધોરણ-૬ થી ૧૦માં ક્રમશઃ વૈદિક ગણિત દાખલ કરવાના ભાગરૂપે ધોરણ–૯ના ગણિત વિષયના અભ્યાસક્રમમાં વૈદિક ગણિતનો સમાવેશ કરવામાં આવેલ છે.
- રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦ અન્વયે ધોરણ–૧૦ અને ધોરણ–૧૨ ની બોર્ડની પરીક્ષા પદ્ધતિમાં ફેરફાર કરવા અંગે વિચારણા કરવા માટે રાજ્યસ્તરની તજજ્ઞ સમિતિની રચના કરવામાં આવેલ છે.

- શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩ થી ધોરણ-૯ થી ૧૨ માં ક્રમશઃ વ્યવસાયલક્ષી શિક્ષણના વિષયો દાખલ કરવા રાજ્યની ૫૮૯ સરકારી અને અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ૧૩ ટ્રેડ દાખલ કરવા સરકારશ્રીની મંજૂરી મળેલ છે.
- ન્યુ એજ્યુકેશન પોલિસી–૨૦૨૦માં સૂચવવામાં આવેલ શાળાકીય માળખા ૫+૩+૩+૪ મુજબ રાજ્યની પ્રાથમિક શાળાઓમાં શૈક્ષણિક વર્ષ–૨૦૨૩–૨૪ થી બાલવાટિકા શરૂ કરવા માટેની નીતિ હાલ વિચારણા હેઠળ છે.
- ગુજરાત રાજ્ય દ્વારા નેશનલ એજ્યુકેશન પોલિસી (NEP-2020) અંતર્ગત નીચે મુજબ ઠરાવ કરવામાં આવેલ છે.
- તા.૦૫/૦૯/૨૦૨૦ના ઠરાવથી રાજ્યકક્ષાએ ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રેમાં નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ(NEP-2020)અન્વયે ટાસ્ક ફોર્સ સમિતિની રચના કરવામાં આવેલ છે.
- તા.૧૪/૦૯/૨૦૨૦ના ઠરાવથી રાજ્યમાં ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP-2020)ના અમલ કરવા બનાવેલ ટાસ્ક ફોર્સ સમિતિ માટે પેટા સમિતિની રચના કરવામાં આવેલ છે.
- તા.૨૨/૧૦/૨૦૨૧ના ઠરાવથી રાજ્યના ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP-2020)ના અમલીકરણ અંગે મળેલ સૂચનો અન્વયે રોડમેપ આખરી કરવા સમિતિની રચના કરવામાં આવેલ છે.
- ગુજરાત સરકારે તા.૦૫/૦૧/૨૦૨૨ના રોજ યોજાયેલ વાઈબ્રન્ટ ગુજરાત એજ્યુકેશન સમિટ ૨૦૨૨ના ભાગરૂપે યોજાયેલ પ્રોગ્રામ ઈન્ટરનેશનલ કોન્ફરન્સ ઓફ એકેડેમિક ઈન્સ્ટિટ્યૂશન(ICAI) દરમિયાન રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦નો અમલીકરણ રોડમેપ લોન્ચ કરવામાં આવેલ હતો.
- તા.૦૬/૦૭/૨૦૨૨ના ઠરાવથી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦ અંતર્ગત ગુણવતાયુક્ત શિક્ષણને સુદઢ કરવા ગુજરાત અક્રેડિટેશન એન્ડ રેન્કિંગ ઈન્સ્ટીટ્યૂશનલ મેકેનીઝમ & અરેજમેન્ટ(GARIMA)ની રચના કરવામાં આવેલ છે.
- તા.૧૪/૦૭/૨૦૨૨ના ઠરાવથી ફોર્મેશન ઓફ ડેડીકેટેડ NEP સેલ (ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ) ફોર ઇમ્પ્લીમેન્ટેશન ઓફ નેશનલ એજ્યુકેશન પોલિસી-૨૦૨૦ ફોર સ્ટેટ ઓફ ગુજરાતની રચના કરવામાં આવેલ છે.
- તા.૨૯/૧૦/૨૦૨૨ના ઠરાવથી નવી શિક્ષણ નીતિ–૨૦૨૦ અંતર્ગત તકનીકી, તબીબી અને અન્ય વ્યવસાયિક અભ્યાસક્રમો ગુજરાતી ભાષામાં તૈયાર કરવા માટે તજજ્ઞ સમિતિની રચના કરવામાં આવેલ છે.
- તા.૨૪/૦૧/૨૦૨૩ના ઠરાવથી રાજ્યની શિક્ષણ વિભાગ હસ્તકની સરકારી અને ખાનગી યુનિવર્સિટીઓમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦ના સમયબદ્ધ અમલીકરણ માટે સંસ્થાકીય માળખા અંતર્ગત વિવિધ સમિતિઓની રચના કરવામાં આવેલ છે.
- ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા ૧૩મી અને ૧૪મી ડિસેમ્બર, ૨૦૨૧ના રોજ સ્ટેચ્યૂ ઓફ યુનિટી, કેવડિયા કોલોની ખાતે ગુણવત્તાયુક્ત શિક્ષણની ચર્ચા કરવા, રાજ્ય અને આંતરરાષ્ટ્રીય સ્તરે ઉચ્ચ ક્રમાંક હાંસલ કરવા માટે બે દિવસીય “બિલ્ડીંગ વર્લ્ડ ક્લાસ યુનિવર્સીટીઓ" પર સિમ્પોસીયમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં રાજ્યના કુલ ૨૪૦ મહાનુભાવો સહિત રાજ્યના કુલપતિ, ખાનગી અને ક્ષેત્રીય યુનિવર્સિટીઓ, રજીસ્ટ્રાર અને IQAC કો–ઓર્ડીનેટર્સએ સિમ્પોસિયમમાં હાજરી આપી NEP-2020 ના અમલીકરણ અંગે ચર્ચા વિચારણા કરેલ હતી.
- શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા ઇન્ટરનેશનલ કોન્ફરન્સ ઓફ એકેડેમિક ઇન્સ્ટીટ્યૂશન્સ (ICAI) ના કાર્યક્રમમાં તા.૫ જાન્યુઆરી,, ૨૦૨૨ ના રોજ ‘‘રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦: અમલીકરણના બે વર્ષ’’ પર એક અહેવાલ પ્રકાશિત કરવામાં આવ્યો હતો. જેમાં ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ વિભાગ દ્વારા લેવાયેલા વિવિધ પગલાંઓની નોંધ કરવામાં આવી હતી.
- રાજ્ય સરકારે ૧૪મી જુલાઈ,, ૨૦૨૨ના રોજ "ગુજરાત NEP સેલ" ની રચના કરી છે, જે ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ (ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ)માં શ્રેષ્ઠ પ્રથાઓની વહેંચણીને આવરી લેતા તમામ પાસાઓનું નિરીક્ષણ અને અમલીકરણ સુનિશ્ચિત કરવા માટે સરકારી ઠરાવ દ્વારા કરવામાં આવી છે. NEP-2020માં દર્શાવેલ ધ્યેયો અને ઉદ્દેશ્યો અનુસાર કાર્ય કરવા માટે "ગુજરાત NEP સેલ" હેઠળ ૧૨ વિવિધ ટાસ્ક ફોર્સ સમિતિઓની રચના માટે વ્યૂહાત્મક આયોજન કરવામાં આવ્યું છે.
- શિક્ષણ વિભાગે વિવિધ ટેકનિકલ અને અન્ય પ્રોફેશનલ કોર્સિસના માતૃભાષામાં અભ્યાસ સામગ્રીની રચના કરવા માટે એક્સપર્ટ કમિટીની રચના કરી છે.
- ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી (GTU)ની સંલગ્ન સંસ્થા ગુજરાત પાવર એન્જીનીયરીંગ એન્ડ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ (GPERI), મેવડ, મહેસાણા ખાતે સિવિલ, મિકેનિકલ,, ઇલેક્ટ્રિકલ અને કોમ્પ્યુટર એમ કુલ ચાર એન્જિનિયરિંગ વિદ્યાશાખાઓમાં ૩૦ વિદ્યાર્થીઓની ઇન્ટેક સાથેના અભ્યાસક્રમોને પ્રાદેશિક ભાષામાં શરૂ કરવામાં આવેલ છે.
- પ્રથમ તબક્કે પાયલટ પ્રોજેક્ટ તરીકે શ્રી કે.કા.શાસ્ત્રી ગવર્નમેન્ટ કોલેજ કોન્ફેડરેશન (સેન્ટર ઓફ એક્સેલન્સ) કંપની એક્ટ–૦૮ હેઠળ યુજીસી દ્વારા સૂચિત ક્લસ્ટરની રચના કરવામાં આવી છે. જેથી નવી શિક્ષણ નીતિના બધા આયામો સ્થાપીને સાધનો, નવી નીતિઓ, વગેરેનો વિદ્યાર્થીઓ લાભ લઇ શકશે.

- ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓની ગુણવત્તા સુધારવા અને પ્રોત્સાહિત કરવા માટે રાજ્ય સરકારે તાજેતરમાં ગુજરાત એક્રેડિટેશન એન્ડ રેન્કિંગ ઇન્સ્ટિટ્યૂશનલ મિકેનિઝમ એન્ડ એરેન્જમેન્ટ (GARIMA) સેલ શરૂ કર્યો છે.
- ક્વોલિટી એશ્યોરન્સ સેલ (QAC)ની રચના સંસ્થાઓને માન્યતા પ્રાપ્ત કરવા માટે મોનિટર અને તૈયાર કરવા માટે કરવામાં આવેલ છે. ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓના રેટિંગ માટે સ્ટેટ એસેસમેન્ટ એન્ડ એક્રેડિટેશન સેન્ટર(SAAC) અને સ્ટેટ ક્વોલિટી અશ્યોરંસ સેલ (SQAC)ને મંજૂરી આપવામાં આવી છે. તદુપરાંત, તેના માટે ગ્રાન્ટની પણ ફાળવણી કરવામાં આવી છે..

---------

# ૫૬

**છોટાઉદેપુર જિલ્લામાં કૃત્રિમ બીજદાન યોજના અન્વયે પશુપાલકોને પ્રોત્સાહન**

* ૨૪૨૨ **શ્રી જયંતિભાઈ રાઠવા** (જેતપુર) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.—

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં શુદ્ધ સંવર્ધન દ્વારા રાજ્યની સ્થાનિક ઓલાદની ગાયમાં કૃત્રિમ બીજદાનથી જન્મેલ વાછરડીઓના ઉછેર માટે પશુપાલકોને પ્રોત્સાહન આપવાની યોજના હેઠળ કેટલા પશુપાલકોને લાભ આપવામાં આવ્યો, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તે અંગે કુલ કેટલી રકમ સહાય પેટે આપવામાં આવી ?

**જવાબ**

(૧)

| વર્ષ: ૨૦૨૧ | વર્ષ: ૨૦૨૨ | કુલ |
|---|---|---|
| ૧૪૬ | ૧૯૫ | ૩૪૧ |

(૨)

| વર્ષ: ૨૦૨૧ | વર્ષ: ૨૦૨૨ | કુલ |
|---|---|---|
| ૪,૩૮,૦૦૦ | ૫,૮૫,૦૦૦ | ૧૦,૨૩,૦૦૦ |

---------

# ૫૭

**છોટાઉદેપુર અને બોટાદ જિલ્લામાં ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારો બાબત**

* ૩૨૯૦ **શ્રી ચિરાગકુમાર પટેલ** (ખંભાત) : **માનનીય ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.—

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છોટાઉદેપુર અને બોટાદ જિલ્લામાં જિલ્લાવાર ગરીબીરેખાથી નીચે જીવતા ૦ થી ૧૬ ગુણાંકવાળા અને ૧૭ થી ૨૦ ગુણાંકવાળા પરિવારોની સંખ્યા કેટલી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર, જિલ્લાવાર ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારોમાં કેટલા પરિવારોનો વધારો કે ઘટાડો થયો ?

**જવાબ**

(૧)

| જિલ્લો | ૦ થી ૧૬ ગુણાંકવાળા પરિવારો | ૧૭ થી ૨૦ ગુણાંકવાળા પરિવારો |
|---|---|---|
| છોટાઉદેપુર | ૬૭૩૮૬ | ૪૪૦૪૯ |
| બોટાદ | ૧૨૧૯૩ | ૧૭૯૧૨ |

(૨)

| જિલ્લો | ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારોમાં થયેલ વધારો | | ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારોમાં થયેલ ઘટાડો | |
|---|---|---|---|---|
| | તા.૧-૧-૨૦૨૧ થી ૩૧-૧૨-૨૦૨૧ | તા.૧-૧-૨૦૨૨ થી ૩૧-૧૨-૨૦૨૨ | તા.૧-૧-૨૦૨૧ થી ૩૧-૧૨-૨૦૨૧ | તા.૧-૧-૨૦૨૨ થી ૩૧-૧૨-૨૦૨૨ |
| છોટાઉદેપુર | ૦ | ૦ | ૦ | ૦ |
| બોટાદ | ૦ | ૦ | ૦ | ૦ |

---------

# ૫૮

**દાહોદ જિલ્લામાં બકરાં એકમ યોજનાના લાભાર્થીઓ**

* ૨૪૧૩ **શ્રી રમેશભાઈ કટારા** (ફતેપુરા) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.—

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં અનુસૂચિત જાતિના કેટલા લાભાર્થીઓને બકરાં એકમ (૧૦+૧) યોજના હેઠળ લાભ આપવામાં આવ્યો, અને

**જવાબ**

(૧) ૧૬

(૨) ઉક્ત સ્થિતિએ તે અંતર્ગત કુલ કેટલી રકમ સહાય પેટે ચૂકવવામાં આવી ? | (૨) રૂા.૭,૨૦,૦૦૦/-

---------

# ૫૯

## આણંદ જિલ્લામાં ખાણદાણ સહાય યોજના

* ૨૪૨૬ **શ્રી વિપુલકુમાર પટેલ** (સોજીત્રા) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં પશુપાલકોના ગાભણ પશુઓ (ગાય/ભેંસ) માટે ખાણદાણ સહાય યોજના હેઠળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૧) રૂા.૨,૩૩,૯૪,૭૭૫

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલા પશુપાલકોને તેનો લાભ આપવામાં આવ્યો ? | (૨) ૪,૯૨૩

---------

# ૬૦

## ભરૂચ જિલ્લામાં રાયપનીંગ એકમ ઊભા કરવા સહાય

* ૨૪૩૧ **શ્રી અરૂણસિંહ રણા** (વાગરા) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ફળ પકવવા માટેનું રાયપનીંગ એકમ ઊભુ કરવા માટે રાજ્ય સરકાર દ્વારા કોઈ સહાય આપવામાં આવે છે કે કેમ, | (૧) હા, જી.

(૨) જો હા, તો તે માટે કેટલી રકમ ચૂકવવામાં આવે છે, અને | (૨) બાગાયત ખાતા તરફથી રાયપનીંગ એકમ ઉભા કરવા નીચે મુજબ સહાય ચૂકવવામાં આવે છે.

| ક્રમ | લાભાર્થીનો પ્રકાર | વિસ્તાર | સહાય (રૂ/પ્રતિ ટન) | મહત્તમ મર્યાદા | મહત્તમ સહાય મર્યાદા |
|---|---|---|---|---|---|
| ૧ | વ્યક્તિગત લાભાર્થી | સામાન્ય | રૂ.૫૦,૦૦૦/ ટન | ૩૦૦ ટન | રૂ.૧૫૦ લાખ |
| | | આદિજાતિ | રૂ.૬૫,૦૦૦/ ટન | ૩૦૦ ટન | રૂ.૧૯૫ લાખ |
| ૨ | એપીએમસી, સહકારી ખેડૂત સંસ્થા, જાહેર સાહસો, નગરપાલિકા કે રજીસ્ટર્ડ ખેડૂત ઉત્પાદક સંગઠન | સામાન્ય | રૂ.૬૦,૦૦૦/ ટન | ૩૦૦ ટન | રૂ.૧૮૦ લાખ |
| | | આદિજાતિ | રૂ.૭૫,૦૦૦/ ટન | ૩૦૦ ટન | રૂ.૨૨૫ લાખ |

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષમાં ભરૂચ જિલ્લામાં કેટલા રાયપનીંગ એકમ ઊભા કરવા સહાય પેટે કુલ કેટલી રકમની ચૂકવણી કરવામાં આવી ? | (૩) કુલ-૧(એક) રાયપનીંગ એકમ ઉભા કરવા સહાય પેટે કુલ રૂ.૯૭,૫૦,૦૦૦/- રકમની ચૂકવણી કરવામાં આવી.

---------

# ૬૧

## નર્મદા જિલ્લામાં ન્યુ ગુજરાત પેટર્ન હેઠળ ફાળવવામાં આવતી ગ્રાન્ટ

* ૨૭૩૬ **શ્રી ચૈતરભાઈ વસાવા** (દેડીયાપાડા) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા જિલ્લામાં ન્યુ ગુજરાત પેટર્ન હેઠળ માળખાકીય સુવિધા માટે ૧૦%ની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી.

(૨) જો હા તો, સદર ગ્રાન્ટના કામોનું આયોજન કેવી રીતે કરવામાં આવે છે,

(૨) ન્યુ ગુજરાત પેટર્ન ૯૦% હેઠળ માન. સંસદ સભ્યશ્રીઓ, માન. ધારાસભ્યશ્રીઓ, તેમજ પદાધિકારીશ્રીઓ તથા અમલીકરણ અધિકારીશ્રીઓ તરફથી મળેલ આયોજન તાલુકા આદિજાતિ વિકાસ સમિતિમાં રજૂ થાય છે. સદર આયોજનમાં ૮% પ્રાયોજના વહીવટદારશ્રી દ્વારા સૂચિત માળખાકીય સુવિધાના કામો અને ૨% પ્રોજેક્ટ અમલીકરણ સ્ટાફ આકસ્મિક ખર્ચ, મોનિટરીંગ અને ઈવેલ્યુએશન માટેના કામોનો પણ સમાવેશ થાય છે. તાલુકા સમિતિમાં મંજૂર થયેલ આયોજન જિલ્લા આદિજાતિ વિકાસ સમિતિમાં મંજૂરી અર્થે રજૂ થાય છે. ત્યારબાદ જિલ્લા આદિજાતિ વિકાસ સમિતિ દ્વારા આયોજન મંજૂર કરવામાં આવે છે.

ન્યુ ગુજરાત પેટર્ન ૧૦% હેઠળ માન. સંસદ સભ્યશ્રીઓ, માન. ધારાસભ્યશ્રીઓ તેમજ પદાધિકારીશ્રીઓ તથા અમલીકરણ અધિકારીશ્રીઓ તરફથી મળેલ આયોજન જે તે જિલ્લાના પ્રાયોજના વહીવટદારશ્રીઓ દ્વારા નિયામકશ્રી, આદિજાતિ વિકાસને મોકલવામાં આવે છે. મળેલ આયોજન, રાજ્ય કક્ષાની સમિતિમાં માન. મંત્રીશ્રી, આદિજાતિ વિકાસ સમક્ષ મંજૂરી અર્થે રજૂ થાય છે. રાજ્ય કક્ષાની સમિતિ દ્વારા આયોજન મંજૂર કરવામાં આવે છે.

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત ગ્રાન્ટ હેઠળ કયા કામો મંજૂર કરવામાં આવેલ હતા, અને

(૩) મંજૂર થયેલ કામોનું પત્રક ૧ અને ૨ સામેલ છે.

(૧) વર્ષ ૨૦૨૧–૨૨ *પત્રક–૧

(૨) વર્ષ ૨૦૨૨–૨૩ *પત્રક–૨

(૪) ઉક્ત સ્થિતિએ આદિજાતિ વિકાસ મંડળની બેઠકમાં ઉક્ત ગ્રાન્ટના કામોની સમીક્ષા કરવા માટેની શી જોગવાઈ છે ?

(૪) તા.૦૮–૦૫–૨૦૧૨ના આદિજાતિ વિકાસ વિભાગના ઠરાવ મુજબ ન્યુ ગુજરાત પેટર્નના કામોના અમલીકરણનું મૂલ્યાંકન/પ્રગતિની સમીક્ષા અંગે પ્રાયોજના વહીવટદારશ્રી દ્વારા, અમલીકરણ અધિકારીશ્રીઓ અને સંસ્થાઓ સાથે ત્રિમાસિક ધોરણે ભૌતિક, નાણાકીય પ્રગતિ તેમજ ગુણવત્તાની સમીક્ષા કરવાની જોગવાઈ છે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

# ૬૨

## વલસાડ જિલ્લામાં આદિજાતિની કન્યાઓના લગ્ન પ્રસંગે સહાય

* ૨૩૭૫ **શ્રી ભરતભાઈ પટેલ** (વલસાડ) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં આદિજાતિ કન્યાઓને લગ્ન પ્રસંગે સહાય આપવાની યોજના અમલમાં છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ આ યોજના હેઠળ શાં લાભ આપવામાં આવે છે, અને | (૨) રૂ.૧૨,૦૦૦/–ની સહાય આપવામાં આવે છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં આ યોજના અંતર્ગત કેટલી કન્યાઓને લાભ આપવામાં આવેલ છે ? | (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં આ યોજના અંતર્ગત કુલ ૩૨૫૮ આદિજાતિની કન્યાઓને લાભ આપવામાં આવેલ છે. |

---------

# ૬૩

## કચ્છ જિલ્લામાં કૃષિલક્ષી કૌશલ્ય વિકાસ તાલીમ કાર્યક્રમ

* ૨૪૩૮ **શ્રી ત્રિકમ છાંગા** (અંજાર) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કૃષિલક્ષી કૌશલ્ય વિકાસ તાલીમ કાર્યક્રમ અંતર્ગત કચ્છ જિલ્લામાં કેટલા ખેડૂતોએ સંસ્થાકીય તાલીમમાં ભાગ લીધો, અને | (૧) ૧૦૦૬ |
| (૨) તે પૈકી કેટલી મહિલા તાલીમાર્થી અને કેટલા પુરૂષ તાલીમાર્થીઓએ ભાગ લીધો, અને | (૨) ૪૬૦ મહિલા અને ૫૪૬ પુરૂષ. |
| (૩) ઉક્ત સ્થિતિએ તે પેટે કેટલો ખર્ચ થયો ? | (૩) રૂ. ૧૦,૫૫,૬૨૭/– |

---------

# ૬૪

## નવસારી જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના–ગ્રામીણ હેઠળ બીજો હપ્તો

* ૨૩૭૦ **શ્રી આર. સી. પટેલ** (જલાલપોર) : **માનનીય ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ વર્ષ ૨૦૨૦–૨૧ તથા વર્ષ ૨૦૨૧–૨૨ના લક્ષ્યાંક પૈકી નવસારી જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના–ગ્રામીણ હેઠળ કેટલા લાભાર્થીઓને વર્ષવાર બીજો હપ્તો ચૂકવવામાં આવ્યો ?

**જવાબ**

| વર્ષ | ૨૦૨૦–૨૧ | ૨૦૨૧–૨૨ |
|---|---|---|
| બીજો હપ્તો ચૂકવેલ લાભાર્થીઓની સંખ્યા. | ૧૮૪૩ | ૨૯૦ |

---------

# ૬૫

## મહીસાગર જિલ્લામાં મનરેગા યોજના અંતર્ગત માનવદિન રોજગારી

* ૨૩૭૧ **શ્રી માનસિંહ ચૌહાણ** (બાલાસિનોર) : **માનનીય ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૨૧–૨૨ અને ૨૦૨૨–૨૩માં મહીસાગર જિલ્લામાં મનરેગા યોજના અંતર્ગત વર્ષવાર કેટલા માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવાનો લક્ષ્યાંક હતો,

(૨) તેની સામે તા.૩૧–૦૧–૨૦૨૩ની સ્થિતિએ વર્ષવાર કેટલા માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે, અને

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ વર્ષવાર મહિલાઓ માટે કેટલા માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૨૧–૨૨ અને ૨૦૨૨–૨૩માં મહીસાગર જિલ્લામાં મનરેગા યોજના અંતર્ગત વર્ષવાર નીચેની વિગતે માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવાનો લક્ષ્યાંક હતો,

| ઉપલબ્ધ કરાવવાની માનવદિન રોજગારી | |
|---|---|
| **વર્ષ ૨૦૨૧–૨૨** | **વર્ષ ૨૦૨૨–૨૩** |
| ૨૦૨૪૯૩૪ | ૨૯૭૬૪૨૫ |

(૨) તેની સામે તા.૩૧–૦૧–૨૦૨૩ની સ્થિતિએ વર્ષવાર નીચેની વિગતે માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.

| ઉપલબ્ધ કરાવેલ માનવદિન રોજગારી | |
|---|---|
| **વર્ષ ૨૦૨૧–૨૨** | **વર્ષ ૨૦૨૨–૨૩ (તા.૩૧–૦૧–૨૦૨૩ અંતિત)** |
| ૩૧૨૦૦૦૩ | ૨૦૬૮૨૦૯ |

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ વર્ષવાર મહિલાઓ માટે નીચેની વિગતે માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.

| મહિલાઓ માટે ઉપલબ્ધ કરાવેલ માનવદિન રોજગારી | |
|---|---|
| **વર્ષ ૨૦૨૧–૨૨** | **વર્ષ ૨૦૨૨–૨૩ (તા.૩૧–૦૧–૨૦૨૩ અંતિત)** |
| ૧૨૬૭૮૮૨ | ૮૭૦૧૪૯ |

---------

# ૬૬

## નર્મદા અને નવસારી જિલ્લામાં ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારો બાબત

* ૩૩૦૫ **શ્રી કિરીટકુમાર પટેલ** (પાટણ) : **માનનીય ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ નર્મદા અને નવસારી જિલ્લામાં જિલ્લાવાર ગરીબીરેખાથી નીચે જીવતા ૦ થી ૧૬ ગુણાંકવાળા અને ૧૭ થી ૨૦ ગુણાંકવાળા પરિવારોની સંખ્યા કેટલી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર, જિલ્લાવાર ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારોમાં કેટલા પરિવારોનો વધારો કે ઘટાડો થયો ?

**જવાબ**

(૧)

| જિલ્લો | ૦ થી ૧૬ ગુણાંકવાળા પરિવારો | ૧૭ થી ૨૦ ગુણાંકવાળા પરિવારો |
|---|---|---|
| નર્મદા | ૫૨૫૩૭ | ૩૦૩૩૪ |
| નવસારી | ૨૯૫૮૮ | ૩૬૩૦૦ |

(૨)

| જિલ્લો | ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારોમાં થયેલ વધારો | | ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારોમાં થયેલ ઘટાડો | |
|---|---|---|---|---|
| | તા. ૧–૧–૨૦૨૧ થી ૩૧–૧૨–૨૦૨૧ | તા. ૧–૧–૨૦૨૨ થી ૩૧–૧૨–૨૦૨૨ | તા. ૧–૧–૨૦૨૧ થી ૩૧–૧૨–૨૦૨૧ | તા. ૧–૧–૨૦૨૨ થી ૩૧–૧૨–૨૦૨૨ |
| નર્મદા | ૦ | ૦ | ૦ | ૦ |
| નવસારી | ૩ | ૧ | ૦ | ૦ |

---------

# ૬૭

## દાહોદ જિલ્લામાં આદિજાતિના લોકો માટેની આવાસ યોજના

* ૨૩૯૧ **શ્રી મહેશભાઈ ભુરિયા** (ઝાલોદ) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં આદિજાતિ વ્યક્તિઓને આવાસ આપવાની યોજના અમલમાં છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ યોજના હેઠળ શાં લાભ આપવામાં આવે છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં આ યોજના અંતર્ગત કેટલી સહાય આપવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) આવાસ દીઠ રૂ.૧,૨૦,૦૦૦/– ની સહાય અપાય છે.

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં આ યોજના અંતર્ગત કુલ રૂ.૯૧૩.૭૭ લાખની સહાય આપવામાં આવેલ છે.

---------

# ૬૮

## રાજ્યમાં ન્યુ એજ્યુકેશન પોલિસી ૨૦૨૦ અંતર્ગત કામગીરી

* ૨૪૦૨ **ડૉ. હસમુખ પટેલ** (અમરાઈવાડી) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ન્યુ એજ્યુકેશન પોલીસી ૨૦૨૦ અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા કોઈ કામગીરી કરવામાં આવેલ છે, અને

(૨) જો હા, તો તેની વિગત શી છે ?

**જવાબ**

(૧) હા

(૨) આ સાથે સામેલ પત્રક–અ મુજબ.

**પત્રક–અ**

- વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે બાલવાટિકા સામગ્રી તૈયાર કરવામાં આવી છે.
- ધોરણ ૧ અને ૨ ના શિક્ષકો, સીઆરસી, બીઆરસી તેમજ ડાયટ અધ્યાપકોને નિપૂણ ભારત મિશનની તાલીમ આપી.
- ગુજરાતી ભાષામાં ધોરણ યોગ્ય વાંચન પ્રવાહ / ઝડપ માટે બેન્ચમાર્કિંગ કરવા માટે ઓરલ રીડિંગ ફ્લુએન્સી (ORF) સર્વે હાથ ધરવામાં આવ્યો.
- Digital Infrastructure for knowledge Sharing (DIKSHA) પોર્ટલ પર ધોરણ ૧ થી ૫ ના તમામ શિક્ષકો માટે નિષ્ઠા 3.0 Foundational Literacy & Numeracy (FLN) તાલીમ પૂર્ણ કરવામાં આવી.
- શિક્ષકો અને શિક્ષક–પ્રશિક્ષકો માટે પાયાની ભાષાકીય સાક્ષરતા પર ઓનલાઇન પ્રમાણપત્ર અભ્યાસક્રમ શરૂ કરવામાં આવ્યો.
- રાજ્યમાં ત્રણ (૧) Early Child Care & Education (ECCE)-School Education (SE), (૨) Teacher Education (TE), અને (૩) Adult Education (AE) માટે સ્ટેટ સ્ટિયરિંગ કમીટીની રચના કરવામાં આવી.
- રાજ્યમાં તમામ ચાર પ્રકારના રાજ્ય અભ્યાસક્રમ રૂપરેખા તૈયાર કરવા માટેની પ્રક્રિયાના ભાગ રૂપે રાજ્યના તમાંમ ૩૩ જિલ્લામાં રાજ્ય સ્તરના પરામર્શ કરી ૧૩૨ જેટલા ડિસ્ટ્રીક્ટ કન્સલ્ટેશન રિપોર્ટ તૈયાર કર્યા.
- વિદ્યાપ્રવેશ (ધોરણ–૧) માટે શિક્ષક તેમજ વિદ્યાર્થી પુસ્તિકા તૈયાર કરી.
- ધોરણ ૪, ૬ અને ૭માં ગુજરાત એચિવમેન્ટ સર્વે (GAS) કરવામાં આવ્યો.
- ભારતીય જ્ઞાન પ્રણાલી અનુસંધાને શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩થી ધોરણ ૬, ૭ અને ૯માં વૈદિક ગણિતનો સમાવેશ કરવામાં આવ્યો તેમજ શિક્ષકોને તે અનુસંધાને તાલીમ આપવામાં આવી
- શાળા શિક્ષણમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ સંદર્ભે ભારતીય સંસ્કૃતિ અને જ્ઞાન પ્રણાલીનો સમન્વય કરવાના ભાગરૂપે શ્રીમદ્ ભગવદ્ ગીતામાં સમાવિષ્ટ મૂલ્યો અને સિદ્ધાંતોનો પરિચય કરાવવા માટેની કામગીરી શરૂ કરવામાં આવી છે.
- રાજ્યમાં વિવિધ ૩૪૯૦ હિતધારકો પાસેથી મોબાઇલ એપ્લિકેશન મારફત એસ.સી.એફ. સંદર્ભે પ્રતિભાવ મેળવ્યા.
- રાજ્ય અભ્યાસક્રમ રૂપરેખા સંદર્ભે વિવિધ ૨૫ વિષયોના પોઝીશન પેપર તૈયાર કરવામાં આવ્યા.
- ધોરણ ૬ થી ૮ માટે ૧૦ બેગલેસ ડેની માર્ગદર્શિકા તૈયાર કરવામાં આવી.
- રાજ્યના શિક્ષકોની સજ્જતામાં વધારો કરાવવા માટેની તાલીમીનું આયોજન કરવામાં આવ્યું.
- રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–2020 માં ગણિત જેવા વિષયોમાં વિદ્યર્થીઓના મૂલ્યાંકનમાં બે વિકલ્પો આપવાની બાબત દર્શાવેલ છે. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ મશબ/૧૧૧૯/૮૫૭/છ, તા.૧૪/૦૭/૨૦૨૧માં જણાવ્યા મુજબ શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨થી ધોરણ–૧૦ માં ગણિત સ્ટાન્ડર્ડ અને ગણિત બેઝિક એમ બે પ્રકારના પ્રશ્નપત્રોના વિકલ્પ આપવા અંગે સરકારશ્રી દ્વારા નિર્ણય કરવામાં આવેલ છે.
- રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦ માં જણાવેલ ભારતીય જ્ઞાન પ્રણાલી સંદર્ભે શૈક્ષણિક વર્ષ–૨૦૨૨–૨૩ થી ક્રમશ રાજ્યની શાળાઓમાં ધોરણ–૬ થી ૧૦ માં ક્રમશ વૈદિક ગણિત દાખલ કરવાના ભાગ રૂપે ધોરણ–૯ના ગણિત વિષયના અભ્યાસક્રમમાં વૈદિક ગણિતનો સમાવેશ કરવામાં આવેલ છે.
- રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦ અન્વયે ધોરણ–૧૦ અને ધોરણ–૧૨ની બોર્ડની પરીક્ષા પદ્ધતિમાં ફેરફાર કરવા અંગે વિચારણા કરવા માટે રાજ્યસ્તરની તજજ્ઞ સમિતિની રચના કરવામાં આવેલ છે.
- શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩ થી ધોરણ–૯ થી ૧૨ માં ક્રમશ વ્યવશાયલક્ષી શિક્ષણના વિષયો દાખલ કરવા રાજ્યની ૫૮૯ સરકારી અને અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ૧૩ ટ્રેડ દાખલ કરવા સરકારશ્રીની મંજૂરી મળેલ છે.
- ન્યુ એજ્યુકેશન પોલિસી–૨૦૨૦માં સૂચવવામાં આવેલ શાળાકીય માળખા ૫+૩+૩+૪ મુજબ રાજ્યની પ્રાથમિક શાળાઓમાં શૈક્ષણિક વર્ષ–૨૦૨૩–૨૪ થી બાલવાટિકા શરૂ કરવા માટેની નીતિ હાલ વિચારણા હેઠળ છે.
- ગુજરાત રાજ્ય દ્વારા નેશનલ એજ્યુકેશન પોલિસી (NEP-2020) અંતર્ગત નીચે મુજબ ઠરાવ કરવામાં આવેલ છે.
- તા.૦૫/૦૯/૨૦૨૦ના ઠરાવથી રાજ્ય કક્ષાએ ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રમાં નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ(NEP-2020) અન્વયે ટાસ્ક ફોર્સ સમિતિની રચના કરવામાં આવેલ છે.

- તા.૧૪/૦૯/૨૦૨૦ના ઠરાવથી રાજ્યમાં ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP-2020)ના અમલ કરવા બનાવેલ ટાસ્ક કોર્સ સમિતિ માટે પેટા સમિતિની રચના કરવામાં આવેલ છે.
- તા.૨૨/૧૦/૨૦૨૧ના ઠરાવથી રાજ્યના ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP-2020)ના અમલીકરણ અંગે મળેલ સૂચનો અન્વયે રોડમેપ આખરી કરવા સમિતિની રચના કરવામાં આવેલ છે.
- ગુજરાત સરકારે તા.૦૫/૦૧/૨૦૨૨ના રોજ યોજાયેલ વાઈબ્રન્ટ ગુજરાત એજ્યુકેશન સમિટ ૨૦૨૨ ના ભાગ રૂપ યોજાયેલ પ્રોગ્રામ ઈન્ટરનેશનલ કોન્ફરન્સ ઓફ એકેડેમિક ઈન્સ્ટિટ્યૂશન (ICAI) દરમિયાન રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦નો અમલીકરણ રોડમેપ લોન્ચ કરવામાં આવેલ હતો.
- તા.૦૬/૦૭/૨૦૨૨ના ઠરાવથી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦ અંતર્ગત ગુણવતાયુક્ત શિક્ષણને સુદ્રઢ કરવા ગુજરાત અક્રેડિટેશન એન્ડ રેંન્કિગ ઈન્સ્ટીટયુશનલ મેકેનીઝમ & અરેજમેન્ટ (GARIMA)ની રચના કરવામાં આવેલ છે.
- તા.૧૪/૦૭/૨૦૨૨ના ઠરાવથી ફોર્મેશન ઓફ ડેડીકેટેડ NEP સેલ (ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ) ફોર ઈમ્પ્લીમેન્ટેશન ઓફ નેશનલ એજ્યુકેશન પ્રોલિસી–૨૦૨૦ થી ફોર સ્ટેટ ઓફ ગુજરાતની રચના કરવામાં આવેલ છે.
- તા.૨૯/૧૦/૨૦૨૨ના ઠરાવથી નવી શિક્ષણ નીતિ–૨૦૨૦ અંતર્ગત તકનીકી, તબીબી અને અન્ય વ્યવસાયિક અભ્યાસક્રમો ગુજરાતી ભાષામાં તૈયાર કરવા માટે તજજ્ઞ સમિતિની રચના કરવામાં આવેલ છે.
- તા.૨૪/૦૧/૨૦૨૬ના ઠરાવથી રાજ્યની શિક્ષણ વિભાગ હસ્તકની સરકારી અને ખાનગી યુનિવર્સિટીઓમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦ના સમયબદ્ધ અમલીકરણ માટે સંસ્થાકીય માળખા અંતર્ગત વિવિધ સમિતિઓની રચના કરવામાં આવેલ છે.
- ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા ૧૩મી અને ૧૪મી ડિસેમ્બર ૨૦૨૧ના રોજ સ્ટેચ્યુ ઓફ યુનિટી, કેવડિયા કોલોની ખાતે ગુણવત્તાયુક્ત શિક્ષણની ચર્ચા કરવા, રાજ્ય અને આંતરરાષ્ટ્રીય સ્તરે ઉચ્ચ ક્રમાંક હાંસલ કરવા માટે બે દિવસીય "બિલ્ડીંગ વર્લ્ડ ક્લાસ યુનિવર્સીટીઓ" પર સિમ્પોસીયમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં રાજ્યના કુલ ૨૪૦ મહાનુભાવો સહિત રાજ્યના કુલપતિ, ખાનગી અને ક્ષેત્રીય યુનિવર્સિટીઓ, રજીસ્ટ્રાર અને IQAC કો–ઓર્ડીનેટર્સએ સિમ્પોસિયમમાં હાજરી આપી NEP-2020 ના અમલીકરણ અંગે ચર્ચા વિચારણા કરેલ હતી.
- શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા ઈન્ટરનેશનલ કોન્ફરન્સ ઓફ એકેડેમિક ઈન્સ્ટીટયુશન્સ (ICAI) ના કાર્યક્રમમાં તા. ૫ જાન્યુઆરી, ૨૦૨૨ ના રોજ ‘‘રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦ અમલીકરણના બે વર્ષ’’ પર એક અહેવાલ પ્રકાશિત કરવામાં આવ્યો હતો. જેમાં ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ વિભાગ દ્વારા લેવાયેલા વિવિધ પગલાંઓની નોંધ કરવામાં આવી હતી.
- રાજ્ય સરકારે ૧૪મી જુલાઈ, ૨૦૨૨ના રોજ "ગુજરાત NEP સેલ" ની રચના કરી છે, જે ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ (ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ)માં શ્રેષ્ઠ પ્રથાઓની વહેંચણીને આવરી લેતા તમામ પાસાઓનું નિરીક્ષણ અને અમલીકરણ સુનિશ્ચિત કરવા માટે સરકારી ઠરાવ દ્વારા કરવામાં આવી છે. NEP-2020માં દર્શાવેલ ધ્યેયો અને ઉદ્દેશ્યો અનુસાર કાર્ય કરવા માટે “ગુજરાત NEP સેલ" હેઠળ ૧૨ વિવિધ ટાસ્ક ફોર્સ સમિતિઓની રચના માટે વ્યૂહાત્મક આયોજન કરવામાં આવ્યું છે.
- શિક્ષણ વિભાગે વિવિધ ટેકનિકલ અને અન્ય પ્રોફેશનલ કોર્સિસના માતૃભાષામાં અભ્યાસ સામગ્રીની રચના કરવા માટે એક્સપર્ટ કમિટીની રચના કરી છે.
- ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી (GTU)ની સંલગ્ન સંસ્થા ગુજરાત પાવર એન્જીનીયરીંગ એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (GPERI), મેવડ, મહેસાણા ખાતે સિવિલ, મિકેનિકલ, ઈલેક્ટ્રિકલ અને કોમ્પ્યુટર એમ કુલ ચાર એન્જિનિરિંગ વિદ્યાશાખાઓમાં ૩૦ વિદ્યાર્થીઓની ઈન્ટેક સાથેના અભ્યાસક્રમોને પ્રાદેશિક ભાષામાં શરૂ કરવામાં આવેલ છે.
- પ્રથમ તબક્કે પાયલટ પ્રોજેક્ટ તરીકે શ્રી કે કા શાસ્ત્રી ગવર્મેન્ટ કોલેજ કોન્ફેડરેશન (સેન્ટર ઓફ એક્સલન્સ) કંપની એક્ટ–૦૮ હેઠળ યુજીસી દ્વારા સુચિત ક્લસ્ટરની રચના કરવામાં આવી છે. જેથી નવી શિક્ષણ નીતિના બધા આયામો સ્થાપીને સાધનો, નવી નીતિઓ, વગેરેનો વિદ્યાર્થીઓ લાભ લઈ શકશે.
- ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓની ગુણવતા સુધારવા અને પ્રોત્સાહિત કરવા માટે રાજ્ય સરકારે તાજેતરમાં ગુજરાત એક્રેડિટેશન એન્ડ રેન્કિંગ ઈન્સિટટ્યુશનલ મિકેનિઝમ એન્ડ એરેન્જમેન્ટ (GARIMA) સેલ કરૂ કર્યો છે.
- ક્વોલિટી એશ્યોરન્સ સેલ (QAC)ની રચના સંસ્થાઓને માન્યતા પ્રાપ્ત કરવા માટે મોનિટર અને તૈયાર કરવા માટે કરવામાં આવેલ છે. ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓના રેટિંગ માટે સ્ટેટ એસેસમેન્ટ એન્ડ એક્રેડિટેશન સેન્ટરો(SAAC) અને સ્ટેટ ક્વોલિટી એશ્યોરંસ સેલ (SQAC)ને મંજૂરી આપવામાં આવી છે. તદુપરાંત, તેના માટે ગ્રાન્ટની પણ ફાળવણી કરવામાં આવી છે.

---------

# ૬૯

### પંચમહાલ જિલ્લામાં બકરાં એકમ યોજનાના લાભાર્થીઓ

* ૨૪૧૨ **શ્રી સી. કે. રાઉલજી** (ગોધરા) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં બિન અનામત કેટેગરીના કેટલા લાભાર્થીઓને બકરાં એકમ (૧૦+૧) યોજના હેઠળ લાભ આપવમાાં આવ્યો, અને | (૧) ૩૫ |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત યોજના અંતર્ગત કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી ? | (૨) રૂ.૧૫,૭૫,૦૦૦/– |

---------

# ૭૦

### વડોદરા જિલ્લામાં ધો.–૯માં અભ્યાસ કરતી અનુસૂચિત જનજાતિની વિદ્યાર્થિનીઓને સાયકલ આપવાની યોજના

* ૨૩૮૨ **શ્રી અક્ષયકુમાર પટેલ** (કરજણ) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં ધોરણ–૯માં અભ્યાસ કરતી અનુસૂચિત જનજાતિની વિદ્યાર્થિનીઓને સાયકલ આપવા માટે યોજના અમલમાં છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં આ યોજના અંતર્ગત કેટલી વિદ્યાર્થિનીઓને સાયકલ ભેટ આપવામાં આવી છે, અને | (૨) કુલ ૧૬૬૫ વિદ્યાર્થિનીઓને સાયકલ ભેટ આપવામાં આવી છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ તેની પાછળ કેટલો ખર્ચ થયો ? | (૩) કુલ ખર્ચ રૂ. ૭૩.૦૦ લાખ |

---------

# ૭૧

### નર્મદા જિલ્લામાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના (વોટરશેડ કમ્પોનન્ટ) જળસંગ્રહ

* ૨૩૬૯ **ડૉ. દર્શના દેશમુખ** (નાંદોદ) : **માનનીય ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૩–૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નર્મદા જિલ્લામાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના (વોટરશેડ કમ્પોનન્ટ) અંતર્ગત જળસંગ્રહ માટે કેવા પ્રકારના કામ હાથ ધરવામાં આવેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ જળસંગ્રહના કેટલા કામ પૂર્ણ કરવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ તે માટે કેટલો ખર્ચ થયેલ છે ?

**જવાબ**

(૧)

| હાથ ધરવામાં આવેલ કામના પ્રકાર | |
|---|---|
| **૨૦૨૦–૨૧** | **૨૦૨૧–૨૨** |
| ચેકડેમ, ચેકવોલ, ચેકડેમ ડીસીલ્ટીંગ | વનતલાવડી, તળાવ ઉંડા કરવા, ચેકડેમ ડીસીલ્ટીંગ |

(૨) ૩૭ કામો.

(૩) રૂ. ૬૮.૯૪ લાખ.

---------

# ૭૨

## દાહોદ જિલ્લામાં બકરાં એકમ યોજનાના લાભાર્થીઓ

* ૨૪૧૪ **શ્રી મહેન્દ્રભાઈ ભાભોર** (ગરબાડા) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં અનુસૂચિત જાતિના કેટલા લાભાર્થીઓને બકરાં એકમ (૧૦+૧) યોજના હેઠળ લાભ આપવામાં આવ્યો, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે અંતર્ગત કુલ કેટલી રકમ સહાય પેટે ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧) ૧૬

(૨) રૂ.૭,૨૦,૦૦૦/–

---------

# ૭૩

## જૂનાગઢ જિલ્લામાં કોલ્ડ સ્ટૉરેજ સહાય યોજના

* ૨૪૩૬ **શ્રી સંજય કોરડીયા** (જૂનાગઢ) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ બાગાયતી પાકોના સંગ્રહ માટે કોલ્ડ સ્ટૉરેજ માટેની યોજના પેટે રાજ્ય સરકાર દ્વારા સહાય આપવામાં આવે છે કે કેમ,

(૨) જો હા, તો તે માટે કેટલી રકમ ચૂકવવામાં આવે છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં કેટલા કોલ્ડ સ્ટૉરેજ ઉભા કરવા કુલ કેટલી રકમની ચૂકવણી કરવામાં આવી ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) બાગાયત ખાતા તરફથી કોલ્ડ સ્ટૉરેજ ઉભા કરવા નીચે મુજબ સહાય ચૂકવવામાં આવે છે.

| ક્રમ | લાભાર્થીનો પ્રકાર | વિસ્તાર | ૫૦૦૦ મે.ટન સુધી મહત્તમ સહાયની રકમ | | | ૫૦૦૦ થી ૨૦૦૦૦ મે.ટન સુધી મહત્તમ સહાયની રકમ |
|---|---|---|---|---|---|---|
| | | | ૨૫૦ ટન થી મોટી ચેમ્બર | ૨૫૦ ટન થી નાની ચેમ્બર | નિયંત્રિત વાતાવરણ પ્રણાલી | |
| ૧ | વ્યક્તિગત લાભાર્થી | સામાન્ય | રૂ. ૨૦૫ લાખ | રૂ. ૨૫૫ લાખ | રૂ. ૫૦૦ લાખ | રાજ્ય સરકાર દ્વારા સહાય મળવાપાત્ર નથી |
| | | આદિજાતિ વિસ્તાર | રૂ. ૨૬૫ લાખ | રૂ. ૩૨૫ લાખ | રૂ. ૬૫૦ લાખ | રૂ. ૩૬૦ લાખ |
| ૨ | એપીએમસી, સહકારી, ખેડૂત સંસ્થા, જાહેર સાહસો, નગરપાલિકા કે રજીસ્ટર્ડ ખેડૂત ઉત્પાદક સંગઠન | સામાન્ય | રૂ. ૨૪૬ લાખ | રૂ. ૩૦૬ લાખ | રૂ. ૬૦૦ લાખ | રાજ્ય સરકાર દ્વારા સહાય મળવાપાત્ર નથી |
| | | આદિજાતિ વિસ્તાર | રૂ. ૩૦૭.૫૦ લાખ | રૂ. ૩૭૫ લાખ | રૂ. ૭૮૦ લાખ | રૂ. ૩૬૦ લાખ |

(૩) કુલ–૧ (એક) કોલ્ડ સ્ટૉરેજ માટે રૂ.૧,૩૫,૬૫,૭૧૪/– રકમની ચૂકવણી કરવામાં આવી.

---------

# ૭૪

## સાબરકાંઠા જિલ્લામાં આદિજાતિના ઉચ્ચ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટેના સરકારી છાત્રાલયો

* ૨૩૭૪ **શ્રી વિનેન્દ્રસિંહ ઝાલા** (હિંમતનગર) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં ઉચ્ચ અભ્યાસ કરતાં આદિજાતિના વિદ્યાર્થીઓ માટે કેટલા સરકારી છાત્રાલયો કાર્યરત છે, અને તે પૈકી કુમાર અને કન્યા માટેના છાત્રાલયોની સંખ્યા કેટલી છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત કાર્યરત સરકારી છાત્રાલયોમાં કેટલા વિદ્યાર્થી/ વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરે છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કાર્યરત સરકારી છાત્રાલયોની સંખ્યામાં કેટલો વધારો મંજૂર કરવામાં આવ્યો છે ?

**જવાબ**

(૧) ૦૮ સરકારી છાત્રાલયો
૪ કુમાર અને ૪ કન્યા

(૨) ૬૫૮

(૩) ૦૧

---------

# ૭૫

## રાજકોટ જિલ્લામાં ખાણદાણ સહાય યોજના

* ૨૪૨૫ **શ્રી જીતેન્દ્ર સોમાણી** (વાંકાનેર) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં પશુપાલકોના વિયાણ થયેલ પશુઓ (ગાય/ભેંસ) માટે ખાણદાણ સહાય યોજના હેઠળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૧) ૩.૨૬,૪૯,૬૦૦/– |
| (૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલા પશુપાલકોને તેનો લાભ આપવામાં આવ્યો ? | (૨) ૩૦૯૩ |

---------

# ૭૬

## પોરબંદર ફીશરીઝ ટર્મીનલના ઓક્શન હોલની કામગીરી

* ૨૦૯૫ **શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા** (પોરબંદર) : **માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ પોરબંદર ફીશરીઝ ટર્મીનલ ઉપર ઓક્શન હોલની કામગીરી ક્યારે પૂર્ણ કરવામાં આવેલ છે, | (૧) જૂન–૨૦૧૮ |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત ઓક્શન હોલમાં કેટલી દુકાનોની ફાળવણી કરવામાં આવી અને કેટલી દુકાનોની ફાળવણી ક્યા કારણોસર કરવાની બાકી છે, અને | (૨) શૂન્ય ફાળવણી. તા.૧૩/૦૩/૨૦૨૩ સુધી ફાળવણી માટે અરજી મંગાવવાની કામગીરી ચાલુ હોવાના કારણોસર. |
| (૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત બાકી દુકાનોની ફાળવણી ક્યાં સુધીમાં કરવાનું આયોજન છે ? | (૩) ફાળવણીની ઈ–ઓક્શનની પ્રક્રિયા તા.૧૦/૦૪/૨૦૨૩ થી શરૂ કરી બને તેટલી ઝડપથી કાર્યવાહી/ફાળવણી કરવાનું આયોજન છે. |

---------

# ૭૭

## અમદાવાદ અને બનાસકાંઠા જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓના જર્જરિત ઓરડાઓ

* ૩૩૫૫ **શ્રી જીગ્નેશ મેવાણી** (વડગામ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા રાજ્યની સરકારી શાળાઓના ઓરડાઓ વિદ્યાર્થીઓને બેસવાલાયક છે કે નહીં તે અંગે કોઈ તપાસ કરવામાં આવે છે કે નહીં, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ અમદાવાદ અને બનાસકાંઠા જિલ્લાની કેટલી સરકારી પ્રાથમિક શાળાઓના આરોડાઓ જર્જરિત હાલતમાં છે, અને | (૨) |

| જિલ્લો | શાળાની સંખ્યા |
|---|---|
| અમદાવાદ | ૪૩ |
| બનાસકાંઠા | ૧૭૩ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાઓની સરકારી શાળાઓમાં જર્જરિત ઓરડાઓના સ્થાને નવા ઓરડા બનાવવાનું સરકારનું શું આયોજન છે ? | (૩) આગામી વર્ષોમાં તબક્કાવાર ઝડપથી બનાવવાનું આયોજન છે. |

---------

# ૭૮

## કચ્છ જિલ્લામાં ગુણોત્સવ–૨ અંતર્ગત પ્રાથમિક શાળાઓનું મૂલ્યાંકન

* ૨૪૧૧ **શ્રીમતી માલતી મહેશ્વરી** (ગાંધીધામ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન ગુણોત્સવ–૨ અંતર્ગત કચ્છ જિલ્લાની પ્રાથમિક શાળાઓના મૂલ્યાંકનની શું સ્થિતિ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મૂલ્યાંકન સંદર્ભે સરકાર દ્વારા શાં પગલાં લેવામાં આવ્યા ?

**જવાબ**

(૧)

| જિલ્લો | શૈક્ષણિક વર્ષ | મૂલ્યાંકન માટે નિયત થયેલ શાળાઓ | મૂલ્યાંકનની કામગીરી પૂર્ણ થયેલ શાળાઓ |
|---|---|---|---|
| કચ્છ | ૨૦૨૧–૨૨ | ૧૭૧૫ | ૧૭૧૫ |
| | ૨૦૨૨–૨૩ | ૧૭૧૭ | ૧૧૩૭ |

(૨)

- મૂલ્યાંકન થયેલ તમામ શાળાઓને ગુણોત્સવ–૨.૦ અંતર્ગત રીપોર્ટ કાર્ડ આપવામાં આવ્યા છે. જેમાં મુખ્યક્ષેત્ર અને પેટાક્ષેત્ર પ્રમાણે તેમની શાળાની સારી બાબતો અને શાળાની સુધારાત્મક બાબતો ઉપરાંત શાળાને પ્રાપ્ત થયેલ ગ્રેડ અને ટકા પણ દર્શાવવામાં આવે છે.
- રાજ્ય કક્ષાએથી રાજ્યના તમામ જિલ્લાઓના જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, પ્રાચાર્યશ્રી, ડાયટ, બી.આર.સી કૉ.–ઑર્ડિનેટરને મૂલ્યાંકન થયેલ શાળાઓની ગુણાત્મક સુધારણા માટે માર્ગદર્શન આપવામાં આવ્યું. સમયાંતરે જિલ્લા અને રાજ્ય કક્ષાએથી રીવ્યુ કરવામાં આવે છે.
- ગુણોત્સવ–૨.૦ અંતર્ગત વિદ્યાર્થીઓની હાજરી એક માપદંડ છે. વિદ્યા સમીક્ષા કેન્દ્ર દ્વારા રાજ્ય કક્ષાએથી હાજરી અંતર્ગત અનિયમિતતા માટે મોનીટરીંગ દ્વારા સુધારાત્મક પગલાં માટે શાળાઓને માર્ગદર્શન આપવામાં આવે છે.
- વિદ્યા સમીક્ષા કેન્દ્ર પાસેથી મેળવેલ વિષયવાર સામયિક કસોટીના ગુણની વિગતો રીપોર્ટ કાર્ડમાં લેવામાં આવે છે. જેનાથી સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન કરીને ઉપચારાત્મક કાર્ય થાય છે.

---------

# ૭૯

## રાજુલા તાલુકામાં ખેરા ગામમાં માધ્યમિક શાળા

* ૩૦૬૧ **શ્રી હિરાભાઈ સોલંકી** (રાજુલા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૧–૨૦૨૩ની સ્થિતિએ રાજુલા તાલુકામાં ૮૦૦૦ જેટલી માનવ વસ્તી ધરાવતા દરિયાઈ ટાપુ સમાન ખેરા ગામમાં એકપણ માધ્યમિક શાળા નથી, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત ગામમાં માધ્યમિક શાળા શરૂ કરવા માટે સરકારને કેટલી રજૂઆતો મળેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત મળેલ રજૂઆતો સંદર્ભે શી કામગીરી કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા, હકીક્ત સાચી છે.

(૨) કુલ ૦૪ રજૂઆતો મળેલ છે.

(૩) સદર ગામ ખાતે સરકારી માધ્યમિક શાળા શરૂ કરવા માટે અંદાજપત્રમાં જરૂરી જોગવાઈ થયા બાદ શાળા શરૂ કરવાની વિચારણા કરી શકાશે.

---------

# ૮૦

## મહેસાણા જિલ્લામાં ડેરી ફાર્મ સ્થાપવા સહાય યોજના

* ૨૪૧૫ **શ્રી સુખાજી ઠાકોર** (બેચરાજી) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૨૩ની સ્થિતિએ વર્ષ ૨૦૨૧–૨૨ માં મહેસાણા જિલ્લામાં સ્વરોજગારીના હેતુસર પશુપાલન વ્યવસાય માટે ૧૨ દૂધાળા પશુના ડેરી ફાર્મ સ્થાપનાની સહાય યોજના અંતર્ગત કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૪૪ |
| (૨) ઉક્ત સ્થિતિએ કુલ કેટલી રકમ સહાય પેટે ચૂકવવામાં આવી ? | (૨) રૂ.૩૨,૭૧,૪૩૩/- |

---------

# ૮૧

## જૂનાગઢ અને જામનગર જિલ્લામાં ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારો બાબત

* ૩૨૯૬ **શ્રી અરવિંદભાઈ લાડાણી** (માણાવદર) : **માનનીય ગ્રામ, ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ જૂનાગઢ અને જામનગર જિલ્લામાં જિલ્લાવાર ગરીબીરેખાથી નીચે જીવતા ૦ થી ૧૬ ગુણાંકવાળા અને ૧૭ થી ૨૦ ગુણાંકવાળા પરિવારોની સંખ્યા કેટલી છે, અને

(૧)

| જિલ્લો | ૦ થી ૧૬ ગુણાંકવાળા પરિવારો | ૧૭ થી ૨૦ ગુણાંકવાળા પરિવારો |
|---|---|---|
| જૂનાગઢ | ૨૧૮૭૫ | ૩૦૨૭૩ |
| જામનગર | ૧૪૮૯૮ | ૧૯૯૪૮ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર, જિલ્લાવાર ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારોમાં કેટલા પરિવારોનો વધારો કે ઘટાડો થયો ?

(૨)

| જિલ્લો | ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારોમાં થયેલ વધારો | | ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારોમાં થયેલ ઘટાડો | |
|---|---|---|---|---|
| | તા. ૧–૧–૨૦૨૧ થી ૩૧–૧૨–૨૦૨૧ | તા. ૧–૧–૨૦૨૨ થી ૩૧–૧૨–૨૦૨૨ | તા. ૧–૧–૨૦૨૧ થી ૩૧–૧૨–૨૦૨૧ | તા. ૧–૧–૨૦૨૨ થી ૩૧–૧૨–૨૦૨૨ |
| જૂનાગઢ | ૭૫ | ૭૪ | ૦ | ૦ |
| જામનગર | ૦ | ૧ | ૦ | ૦ |

---------

# ૮૨

## ભરૂચ જિલ્લામાં આદિજાતિની કન્યાઓના લગ્ન પ્રસંગે સહાય

* ૨૩૭૭ **શ્રી રમેશભાઈ મિસ્ત્રી** (ભરૂચ) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં આદિજાતિ કન્યાઓને લગ્ન પ્રસંગે સહાય આપવાની કોઈ યોજના અમલમાં છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ આ યોજના હેઠળ શાં લાભ આપવામાં આવે છે, અને | (૨) રૂ.૧૨,૦૦૦/–ની સહાય આપવામાં આવે છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં આ યોજના અંતર્ગત કેટલી કન્યાઓને લાભ આપવામાં આવેલ છે ? | (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં આ યોજના અંતર્ગત કુલ ૭૦૬ આદિજાતિની કન્યાઓને લાભ આપવામાં આવેલ છે. |

---------

# ૮૩

## આણંદ જિલ્લામાં ખાણદાણ સહાય યોજના

* ૨૪૨૭ **શ્રી ગોવિંદભાઈ પરમાર** (ઉમરેઠ) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં પશુપાલકોના ગાભણ પશુઓ (ગાય/ભેંસ) માટે ખાણદાણ સહાય યોજના હેઠળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૧) રૂા.૨,૩૩,૯૪,૭૭૫ |
| (૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલા પશુપાલકોને તેનો લાભ આપવામાં આવ્યો ? | (૨) ૪,૯૨૩ |

---------

# ૮૪

## ગાંધીનગર જિલ્લામાં ખાણદાણ સહાય યોજના

* ૨૪૩૦ **શ્રી લક્ષ્મણજી ઠાકોર** (કલોલ) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં પશુપાલકોના ગાભણ પશુઓ (ગાય/ભેંસ) માટે ખાણદાણ સહાય યોજના હેઠળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૧) રૂ.૧,૬૪,૧૦,૨૨૫/– |
| (૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલા પશુપાલકોને તેનો લાભ આપવામાં આવ્યો ? | (૨) ૩,૫૬૭ |

---------

# ૮૫

## રાજકોટ જિલ્લામાં ખાણદાણ સહાય યોજના

* ૨૪૨૪ **શ્રીમતી ગીતાબા જાડેજા** (ગોંડલ) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં પશુપાલકોના ગાભણ પશુઓ (ગાય/ભેંસ) માટે ખાણદાણ સહાય યોજના હેઠળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૧) રૂ.૨૬,૪૯,૬૦૦/– |
| (૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલા પશુપાલકોને તેનો લાભ આપવામાં આવ્યો ? | (૨) ૩,૦૯૩ |

---------

# ૮૬

## વલસાડ જિલ્લામાં આદિજાતિની કન્યાઓના લગ્ન પ્રસંગે સહાય

* ૨૩૭૬ **શ્રી અરવિંદ પટેલ** (ધરમપુર) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં આદિજાતિ કન્યાઓને લગ્ન પ્રસંગે સહાય આપવાની યોજના અમલમાં છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ આ યોજના હેઠળ શાં લાભ આપવામાં આવે છે, અને | (૨) રૂ.૧૨,૦૦૦/–ની સહાય આપવામાં આવે છે. |

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વલસાડ જિલ્લામાં આ યોજના અંતર્ગત કેટલી કન્યાઓને લાભ આપવામાં આવેલ છે ?

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વલસાડ જિલ્લામાં આ યોજના અંતર્ગત કુલ ૩૨૫૮ આદિજાતિની કન્યાઓને લાભ આપવામાં આવેલ છે.

---------

# ૮૭

## રાજ્યમાં પ્રાથમિક શાળાઓમાં શિક્ષકો/આચાર્યોની સ્કૂલ ઈન્સપેક્ટર તરીકે પ્રતિનિયુકિત બાબત

* ૧૮૬૦ **ગેનીબેન ઠાકોર** (વાવ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ રાજ્યની સરકારી પ્રાથમિક શાળાઓના ધો.૬ થી ધો.૮ના શિક્ષકો/આચાર્યને સ્કૂલ ઈન્સપેક્ટર તરીકે પ્રતિનિયુક્તિથી મુકવામાં આવે છે, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તે અન્વયે વિષયવાર કેટલા શિક્ષકો/આચાર્યોને સ્કૂલ ઈન્સપેક્ટર તરીકે પ્રતિનિયુક્તિથી નિમણૂક આપવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ આ શિક્ષકો/આચાર્યો દ્વારા ભણાવવામાં આવતા વિષયો બાબતે સરકારે શું વૈકલ્પિક વ્યવસ્થા કરેલ છે ?

**જવાબ**

(૧) તારીખ ૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ રાજ્યની સરકારી પ્રાથમિક શાળાઓના ધોરણ ૬ થી ધોરણ ૮ના શિક્ષકો/આચાર્યોને સ્કૂલ ઈન્સપેક્ટર તરીકે પ્રતિનિયુક્તિ કરવામાં આવેલ નથી, પરંતુ કામગીરી માટે મૂકવામાં આવેલ છે.

(૨) કામગીરી માટે મૂકવામાં આવેલ સ્કૂલ ઈન્સપેક્ટરની વિગત

| આચાર્યોની સંખ્યા | શિક્ષકોની સંખ્યા | | | કુલ |
|---|---|---|---|---|
| | ગણિત/વિજ્ઞાન | ભાષા | સામાજિક વિજ્ઞાન | |
| ૧૯૯ | ૧૦૧ | ૪૩ | ૨૪ | ૩૬૭ |

(૩) નીચે મુજબની વૈકલ્પિક વ્યવસ્થા કરેલ છે.

- જે શાળામાંથી આચાર્ય સ્કૂલ ઈન્સપેક્ટર તરીકે કામગીરી કરે છે તેવી શાળામાં તેઓની કામગીરી શાળાના સિનિયર શિક્ષકોને સોંપીને વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવેલ છે.
- જે શાળામાંથી શિક્ષક સ્કૂલ ઈન્સપેક્ટર તરીકે કામગીરી કરે છે, તે શાળામાં તે શિક્ષકના વિષય અનુરૂપ ઉપલબ્ધ તે જ વિષયના શિક્ષક અથવા શાળાના અન્ય શિક્ષકોને કામગીરી સોંપીને વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવેલ છે.

---------

# ૮૮

## જામનગર જિલ્લામાં ગુણોત્સવ–૨ અંતર્ગત પ્રાથમિક શાળાઓનું મૂલ્યાંકન

* ૨૩૯૫ **શ્રી મેઘજીભાઈ ચાવડા** (કાલાવડ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષ દરમિયાન ગુણોત્સવ–૨ અંતર્ગત જામનગર જિલ્લાની પ્રાથમિક શાળાઓના મૂલ્યાંકનની શું સ્થિતિ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં મૂલ્યાંકન સંદર્ભે સરકાર દ્વારા શાં પગલાં લેવામાં આવ્યા ?

**જવાબ**

(૧)

| જિલ્લો | શૈક્ષણિક વર્ષ | મૂલ્યાંકન માટે નિયત થયેલ શાળાઓ | મૂલ્યાંકનની કામગીરી પૂર્ણ થયેલ શાળાઓ |
|---|---|---|---|
| જામનગર | ૨૦૨૧–૨૨ | ૭૧૦ | ૭૧૦ |
| | ૨૦૨૨–૨૩ | ૭૧૩ | ૫૬૨ |

(૨)

- મૂલ્યાંકન થયેલ તમામ શાળાઓને ગુણોત્સવ–૨.૦ અંતર્ગત રીપોર્ટ કાર્ડ આપવામાં આવ્યા છે. જેમાં મુખ્યક્ષેત્ર અને પેટાક્ષેત્ર પ્રમાણે તેમની શાળાની સારી બાબતો અને શાળાની સુધારાત્મક બાબતો ઉપરાંત શાળાને પ્રાપ્ત થયેલ ગ્રેડ અને ટકા પણ દર્શાવવામાં આવે છે.

- રાજ્ય કક્ષાએથી રાજ્યના તમામ જિલ્લાઓના જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, પ્રાચાર્યશ્રી, ડાયટ, બી.આર.સી કૉ.–ઑર્ડિનેટરને મૂલ્યાંકન થયેલ શાળાઓની ગુણાત્મક સુધારણા માટે માર્ગદર્શન આપવામાં આવ્યું. સમયાંતરે જિલ્લા અને રાજ્ય કક્ષાએથી રીવ્યુ કરવામાં આવે છે.
- ગુણોત્સવ–૨.૦ અંતર્ગત વિદ્યાર્થીઓની હાજરી એક માપદંડ છે. વિદ્યા સમીક્ષા કેન્દ્ર દ્વારા રાજ્ય કક્ષાએથી હાજરી અંતર્ગત અનિયમિતતા માટે મોનીટરીંગ દ્વારા સુધારાત્મક પગલાં માટે શાળાઓને માર્ગદર્શન આપવામાં આવે છે.
- વિદ્યા સમીક્ષા કેન્દ્ર પાસેથી મેળવેલ વિષયવાર સામયિક કસોટીના ગુણની વિગતો રીપોર્ટ કાર્ડમાં લેવામાં આવે છે. જેનાથી સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન કરીને ઉપચારાત્મક કાર્ય થાય છે.

---------

# ૮૯

## તાપી જિલ્લામાં ચોખાપાકની નિદર્શન યોજના

* ૨૪૩૨ **ડૉ. જયરામભાઈ ગામીત** (નિઝર) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાપી જિલ્લામાં સિસ્ટમ ઓફ રાઇસ ઇન્ટેન્સીવફીકેશન પદ્ધતિથી ચોખાપાકની નિદર્શન યોજના હેઠળ કેટલા નિદર્શન ગોઠવવામાં આવ્યા, અને | (૧) ૨૭૭૧ |
| (૨) તે માટે કુલ કેટલી સહાયની રકમ ચૂકવવામાં આવી ? | (૨) રૂ. ૧,૫૨,૧૫,૨૭૭/– |

---------

# ૯૦

## વડોદરા જિલ્લામાં ધો.૯માં અભ્યાસ કરતી અનુસૂચિત જનજાતિની વિદ્યાર્થિનીઓને સાયકલ આપવાની યોજના

* ૨૩૮૪ **શ્રી ચૈતન્યસિંહ ઝાલા** (પાદરા) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં ધોરણ–૯માં અભ્યાસ કરતી અનુસૂચિત જનજાતિની વિદ્યાર્થિનીઓને સાયકલ આપવા માટે યોજના અમલમાં છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં આ યોજના અંતર્ગત કેટલી વિદ્યાર્થિનીઓને સાયકલ ભેટ આપવામાં આવી છે, અને | (૨) કુલ ૧૬૬૫ વિદ્યાર્થિનીઓને સાયકલ ભેટ આપવામાં આવી છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ તેની પાછળ કેટલો ખર્ચ થયો ? | (૩) કુલ ખર્ચ : રૂ. ૭૩.૦૦ લાખ. |

---------

# ૯૧

## સુરત જિલ્લામાં આદિજાતિના લોકો માટેની આવાસ યોજના

* ૨૩૮૭ **શ્રી મનુભાઈ પટેલ** (ઉધના) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં આદિજાતિ વ્યક્તિઓને આવાસ આપવાની યોજના અમલમાં છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |

(૨) જો હા, તો આ યોજના હેઠળ શાં લાભ આપવામાં આવે છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં સુરત જિલ્લામાં આ યોજના અંતર્ગત કેટલી સહાય આપવામાં આવેલ છે ?

(૨) આવાસદીઠ રૂ.૧,૨૦,૦૦૦/- ની સહાય આપવામાં આવે છે.

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં સુરત જિલ્લામાં આ યોજના અંતર્ગત કુલ રૂ.૫૧૬.૮૫ લાખની સહાય આપવામાં આવેલ છે.

---------

# ૯૨

## અરવલ્લી અને મોરબી જિલ્લામાં ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારો બાબત

* ૩૩૦૦ **ડૉ. તુષાર ચૌધરી** (ખેડબ્રહ્મા) : **માનનીય ગ્રામ, ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ અરવલ્લી અને મોરબી જિલ્લામાં જિલ્લાવાર ગરીબીરેખાથી નીચે જીવતા ૦ થી ૧૬ ગુણાંકવાળા અને ૧૭ થી ૨૦ ગુણાંકવાળા પરિવારોની સંખ્યા કેટલી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર, જિલ્લાવાર ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારોમાં કેટલા પરિવારોનો વધારો કે ઘટાડો થયો ?

**જવાબ**

(૧)

| જિલ્લો | ૦ થી ૧૬ ગુણાંકવાળા પરિવારો | ૧૭ થી ૨૦ ગુણાંકવાળા પરિવારો |
|---|---|---|
| અરવલ્લી | ૨૮૫૫૪ | ૩૮૮૧૮ |
| મોરબી | ૨૪૭૮૦ | ૨૩૬૭૦ |

(૨)

| જિલ્લો | ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારોમાં થયેલ વધારો | | ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારોમાં થયેલ ઘટાડો | |
|---|---|---|---|---|
| | તા. ૧-૧-૨૦૨૧ થી ૩૧-૧૨-૨૦૨૧ | તા. ૧-૧-૨૦૨૨ થી ૩૧-૧૨-૨૦૨૨ | તા. ૧-૧-૨૦૨૧ થી ૩૧-૧૨-૨૦૨૧ | તા. ૧-૧-૨૦૨૨ થી ૩૧-૧૨-૨૦૨૨ |
| અરવલ્લી | ૧ | ૧ | ૦ | ૦ |
| મોરબી | ૩ | ૮ | ૦ | ૦ |

---------

# ૯૩

## આણંદ અને વડોદરા જિલ્લામાં ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ માધ્યમિક અને પ્રાથમિક શાળાઓની મંજૂરી

* ૨૭૨૫ **શ્રી અમીત ચાવડા** (આંકલાવ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ૨ વર્ષમાં વર્ષવાર આણંદ અને વડોદરા જિલ્લામાં તાલુકાવાર કેટલી ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ માધ્યમિક અને પ્રાથમિક શાળાઓને મંજૂરી આપવામાં આવી, અને

**જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ અને વડોદરા જિલ્લાના એકપણ તાલુકામાં ગ્રાન્ટેડ માધ્યમિક કે ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓને મંજૂરી આપવામાં આવેલ નથી.

તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ અને વડોદરા જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબ નોન ગ્રાન્ટેડ માધ્યમિક તથા પ્રાથમિક શાળાઓને મંજૂરી આપવામાં આવેલ છે.

| જિલ્લો | તાલુકો | તા.૦૧/૦૨/ ૨૦૨૧ થી તા.૩૧/૦૧/ ૨૦૨૨ | | તા.૦૧/૦૨/ ૨૦૨૨ થી તા.૩૧/૦૧/ ૨૦૨૩ | |
|---|---|---|---|---|---|
| | | નોન ગ્રાન્ટેડ માધ્યમિક | નોન ગ્રાન્ટેડ પ્રાથમિક | નોન ગ્રાન્ટેડ માધ્યમિક | નોન ગ્રાન્ટેડ પ્રાથમિક |
| આણંદ | આણંદ | ૦૦ | ૦૦ | ૦૨ | ૦૧ |
| | ઉમરેઠ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | આંકલાવ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | બોરસદ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | પેટલાદ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ |
| | સોજિત્રા | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | ખંભાત | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | તારાપુર | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| વડોદરા | વડોદરા | ૦૦ | ૦૦ | ૦૩ | ૧૯ |
| | ડભોઈ | ૦૦ | ૦૦ | ૦૨ | ૦૦ |
| | કરજણ | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૧ |
| | વાઘોડીયા | ૦૦ | ૦૨ | ૦૩ | ૦૦ |
| | સાવલી | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | ડેસર | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | પાદરા | ૦૦ | ૦૨ | ૦૨ | ૦૩ |
| | શિનોર | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |

(૨) ઉક્ત સ્થિતિએ કેટલી શાળાઓને મંજૂરી આપવાની બાકી છે ?

(૨) શૂન્ય.

---------

# ૯૪

## બનાસકાંઠા જિલ્લામાં પાંજરાપોળોને ફાળવેલ ગ્રાન્ટ

* ૨૪૮૫ **શ્રી માવજીભાઈ દેસાઈ** (ધાનેરા) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર પાંજરાપોળ માટે કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત ફાળવેલ ગ્રાન્ટ પૈકી કેટલી ગ્રાન્ટ વણવપરાયેલ રહી અને તેના કારણો શાં છે ?

**જવાબ**

(૧)

| તાલુકો | રકમ (રૂ.) |
|---|---|
| કાંકરેજ | ૭૩,૪૩,૨૫૬ |
| ડીસા | ૨,૨૫,૨૭,૯૨૫ |
| થરાદ | ૬૬,૯૪,૮૫૮ |
| દીયોદર | ૬૦,૨૯,૫૧૯ |
| ધાનેરા | ૯૫,૯૬,૩૬૭ |
| પાલનપુર | ૬૩,૫૦,૦૨૦ |
| ભાભર | ૧,૪૪,૭૯,૬૩૭ |
| વાવ | ૧,૫૭,૦૫,૦૩૫ |
| સુઈગામ | ૧૩,૧૫,૮૨૫ |

(૨) ઉક્ત દર્શાવેલ રકમ ડી.બી.ટી. મારફતે સીધી જે તે પાંજરાપોળોને સહાયના સ્વરૂપમાં આપેલ હોઈ, ગ્રાન્ટ વણવપરાયેલ હોવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

# ૯૫

## બનાસકાંઠા અને કચ્છ શહેર/જિલ્લામાં આર.ટી.ઈ. એક્ટ હેઠળ શાળાઓમાં પ્રવેશ

* ૩૩૦૯ **શ્રી દિનેશભાઈ ઠાકોર** (ચાણસ્મા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ–૨૦૦૯નો અમલ ક્યારથી કરવામાં આવ્યો છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા અને કચ્છ શહેર/જિલ્લાવાર તે અન્વયે કેટલી ખાનગી શાળાઓમાં કેટલા બાળકોને પ્રવેશ મળવાપાત્ર થતો હતો,

**જવાબ**

(૧) તા.૦૧/૦૪/૨૦૧૦ થી.

(૨)

| જિલ્લો | આર.ટી.ઈ. એક્ટ અન્વયે પ્રવેશ મળવાપાત્ર શાળાઓની સંખ્યા | | આર.ટી.ઈ. એક્ટ અન્વયે પ્રવેશ મળવાપાત્ર બાળકોઓની સંખ્યા | |
|---|---|---|---|---|
| | શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ | શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩ | શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ | શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩ |
| બનાસકાંઠા | ૩૨૮ | ૩૨૦ | ૧૬૪૧ | ૧૭૨૦ |
| કચ્છ | ૩૭૦ | ૩૫૯ | ૨૧૭૦ | ૨૧૮૩ |

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત વર્ષવાર ઉક્ત શહેર/જિલ્લાવાર કેટલી ખાનગી શાળાઓમાં કેટલા બાળકોને પ્રવેશ આપવામાં આવ્યો, અને

(૩)

| જિલ્લો | આર.ટી.ઈ. એક્ટ અન્વયે પ્રવેશ આપેલ શાળાઓની સંખ્યા | | આર.ટી.ઈ. એક્ટ અન્વયે પ્રવેશ આપેલ બાળકોઓની સંખ્યા | |
|---|---|---|---|---|
| | શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ | શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ | શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ | શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ |
| બનાસકાંઠા | ૨૮૧ | ૨૭૬ | ૧૪૮૩ | ૧૫૧૮ |
| કચ્છ | ૩૧૦ | ૩૦૪ | ૧૯૬૩ | ૧૮૯૫ |

(૪) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લામાઓમાં ઉક્ત એક્ટની જોગવાઈનું પાલન ન કરનાર કઈ શાળાઓ સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

(૪) આર.ટી.ઈ. ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા અંતર્ગત ઓનલાઈન પ્રવેશ ફાળવ્યા મુજબની તમામ શાળાઓએ વિદ્યાર્થીઓને પ્રવેશ આપેલ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

# ૯૬

## તાપી અને વલસાડ જિલ્લામાં ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારો બાબત

* ૩૩૧૫ **શ્રી અમૃતજી ઠાકોર** (કાંકરેજ) : **માનનીય ગ્રામ, ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ તાપી અને વલસાડ જિલ્લામાં જિલ્લાવાર ગરીબીરેખાથી નીચે જીવતા ૦ થી ૧૬ ગુણાંકવાળા અને ૧૭ થી ૨૦ ગુણાંકવાળા પરિવારોની સંખ્યા કેટલી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર, જિલ્લાવાર ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારોમાં કેટલા પરિવારોનો વધારો કે ઘટાડો થયો ?

**જવાબ**

(૧)

| જિલ્લો | ૦ થી ૧૬ ગુણાંકવાળા પરિવારો | ૧૭ થી ૨૦ ગુણાંકવાળા પરિવારો |
|---|---|---|
| તાપી | ૪૨૬૫૧ | ૩૬૬૪૩ |
| વલસાડ | ૭૪૬૧૧ | ૫૨૦૨૨ |

(૨)

| જિલ્લો | ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારોમાં થયેલ વધારો | | ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારોમાં થયેલ ઘટાડો | |
|---|---|---|---|---|
| | તા. ૧-૧-૨૦૨૧ થી ૩૧-૧૨-૨૦૨૧ | તા. ૧-૧-૨૦૨૨ થી ૩૧-૧૨-૨૦૨૨ | તા. ૧-૧-૨૦૨૧ થી ૩૧-૧૨-૨૦૨૧ | તા. ૧-૧-૨૦૨૨ થી ૩૧-૧૨-૨૦૨૨ |
| તાપી | ૧ | ૦ | ૦ | ૦ |
| વલસાડ | ૦ | ૧૫ | ૦ | ૦ |

---------

# ૯૭

## બોન્ડેડ શિક્ષકોની બદલીની બાબત

* ૧૮૫૭ **શ્રી વિમલભાઈ ચુડાસમા** (સોમનાથ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ સરકારી પ્રાથમિક શાળાના બોન્ડેડ શિક્ષકોને તાલુકા કે જિલ્લા ફેર બદલીનો લાભ મળતો નથી તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તેના કારણો શાં છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ બોન્ડેડ શિક્ષકોની બદલીઓ કરવા બાબતે સરકારનું શું આયોજન છે ?

**જવાબ**

(૧) ના.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) શિક્ષણ વિભાગના તા.૦૧/૦૪/૨૦૨૨ના ઠરાવથી પ્રસિદ્ધ બદલી નિયમોમાં કરવામાં આવેલ જોગવાઈ (પ્રકરણ-N-(૮)) મુજબ ૧૦ વર્ષના બોન્ડથી એક જ તાલુકામાં ફરજ બજાવવા નિમણૂંક પામેલ પ્રાથમિક શિક્ષકો/વિદ્યાસહાયકો ૫(પાંચ) વર્ષની નોકરી પૂર્ણ કર્યેથી જિલ્લા ફેર બદલી તેમજ જિલ્લા ફેર અરસપરસ બદલી માટે અરજી કરી શકે છે. તાલુકા ફેર બદલી માટે પ્રાથમિક શિક્ષકો/વિદ્યાસહાયકો ૧૦ વર્ષની નોકરી પૂર્ણ કર્યેથી બદલી માટે અરજી કરી શકે છે.

---------

# ૯૮

## જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ગૌશાળાઓ અને પાંજરાપોળો

* ૨૫૦૯ **શ્રી હેમંતભાઈ આહિર** (જામજોધપુર) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર કેટલી ગૌશાળાઓ અને કેટલી પાંજરાપોળો આવેલી છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત ગૌશાળા અને પાંજરાપોળવાર ક્યા સંવર્ગના કેટલા પશુઓ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉક્ત ગૌશાળા અને પાંજરાપોળ પૈકી કેટલી ગૌશાળા અને પાંજરાપોળને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧)

| **જિલ્લો** | **ગૌશાળાઓની સંખ્યા** | **પાંજરાપોળોની સંખ્યા** |
|---|---|---|
| જામનગર | ૩૪ | ૫ |
| દેવભૂમિ દ્વારકા | ૬૨ | ૯ |

(૨) *પત્રક–અ મુજબ.

(૩) *પત્રક–બ મુજબ.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

# ૯૯

## મહીસાગર અને વડોદરા જિલ્લામાં શહેર/જિલ્લામાં આર.ટી.ઈ. એક્ટ હેઠળ શાળાઓમાં પ્રવેશ

* ૩૨૮૮ **શ્રી ગુલાબસિંહ ચૌહાણ** (લુણાવાડા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ–૨૦૦૯નો અમલ ક્યારથી કરવામાં આવ્યો છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મહીસાગર અને વડોદરા શહેર/જિલ્લાવાર તે અન્વયે કેટલી ખાનગી શાળાઓમાં કેટલા બાળકોને પ્રવેશ મળવાપાત્ર થતો હતો,

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત વર્ષવાર ઉક્ત શહેર/જિલ્લાવાર કેટલી ખાનગી શાળાઓમાં કેટલા બાળકોને પ્રવેશ આપવામાં આવ્યો, અને

(૪) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લામાઓમાં ઉક્ત એક્ટની જોગવાઈનું પાલન ન કરનાર કઈ શાળાઓ સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

**જવાબ**

(૧) તા.૦૧/૦૪/૨૦૧૦ થી.

(૨)

| **જિલ્લો** | **આર.ટી.ઈ. એક્ટ અન્વયે પ્રવેશ મળવાપાત્ર શાળાઓની સંખ્યા** | | **આર.ટી.ઈ. એક્ટ અન્વયે પ્રવેશ મળવાપાત્ર બાળકોઓની સંખ્યા** | |
|---|---|---|---|---|
| | **શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨** | **શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩** | **શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨** | **શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩** |
| મહીસાગર | ૭૮ | ૮૦ | ૩૯૨ | ૩૧૦ |
| વડોદરા જિલ્લો | ૧૧૪ | ૧૧૫ | ૧૧૬૦ | ૧૦૮૪ |
| વડોદરા શહેર | ૩૪૬ | ૩૩૮ | ૩૭૩૨ | ૩૮૫૬ |

(૩)

| **જિલ્લો** | **આર.ટી.ઈ. એક્ટ અન્વયે પ્રવેશ આપેલ શાળાઓની સંખ્યા** | | **આર.ટી.ઈ. એક્ટ અન્વયે પ્રવેશ આપેલ બાળકોઓની સંખ્યા** | |
|---|---|---|---|---|
| | **શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨** | **શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩** | **શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨** | **શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩** |
| મહીસાગર | ૬૬ | ૭૦ | ૩૫૨ | ૨૯૪ |
| વડોદરા જિલ્લો | ૧૧૧ | ૧૧૩ | ૧૦૬૫ | ૧૦૪૯ |
| વડોદરા શહેર | ૩૨૧ | ૩૧૯ | ૩૫૨૬ | ૩૭૬૫ |

(૪) આર.ટી.ઈ. ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા અંતર્ગત ઓનલાઈન પ્રવેશ ફાળવ્યા મુજબની તમામ શાળાઓએ વિદ્યાર્થીઓને પ્રવેશ આપેલ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

# ૧૦૦

## મનરેગા યોજના હેઠળ કેન્દ્ર સરકાર દ્વારા રાજ્યને ફાળવેલ રકમ

* ૨૪૮૯ **શ્રી ઈમરાન ખેડાવાલા** (જમાલપુર) : **માનનીય ગ્રામ, ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૧–૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં મનરેગા યોજના હેઠળ કેન્દ્ર સરકારે ગુજરાત રાજ્યને વર્ષવાર કેટલી રકમ ફાળવેલ છે, અને

**જવાબ**

(૧) તા.૩૧–૦૧–૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં મનરેગા યોજના હેઠળ કેન્દ્ર સરકારે ગુજરાત રાજ્યને વર્ષવાર ફાળવેલ રકમ નીચે મુજબ છે.

**(રકમ રૂપિયા લાખમાં)**

| કેન્દ્ર સરકાર દ્વારા ફાળવવામાં આવેલ રકમ | |
|---|---|
| **વર્ષ ૨૦૨૧–૨૨** | **વર્ષ ૨૦૨૨–૨૩ (તા.૩૧/૦૧/૨૦૨૩ અંતિત)** |
| ૧૬૨૫૦૧.૧૬ | ૧૬૬૭૮૫.૭૩ |

**નોંધઃ–** મનરેગા સોફ્ટમાં નાણાંકીય વર્ષ મુજબ માહિતી ઉપલબ્ધ હોઈ, નાણાંકીય વર્ષ પ્રમાણે માહિતી તૈયાર કરવામાં આવેલ છે.

**પ્રશ્ન**

(૨) તે પૈકી ઉક્ત યોજના પેટે વર્ષવાર કેટલી રકમ વાપરવામાં આવી છે ?

**જવાબ**

(૨) ઉક્ત યોજના પેટે વર્ષવાર વાપરવામાં આવેલ રકમ નીચે મુજબ છે.

**(રકમ રૂપિયા લાખમાં)**

| ઉક્ત રકમ પૈકી વાપરવામાં આવેલ રકમ | |
|---|---|
| **વર્ષ ૨૦૨૧–૨૨** | **વર્ષ ૨૦૨૨–૨૩ (તા.૩૧/૦૧/૨૦૨૩ અંતિત)** |
| ૧૬૨૫૦૧.૧૬ | ૧૫૧૬૩૭.૯૬ |

---------

# ૧૦૧

## મહેસાણા અને ગાંધીનગર જિલ્લામાં ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારો બાબત

* ૩૩૦૩ **ડૉ. સી. જે. ચાવડા** (વિજાપુર) : **માનનીય ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ મહેસાણા અને ગાંધીનગર જિલ્લામાં જિલ્લાવાર ગરીબી રેખાથી નીચે જીવતા ૦ થી ૧૬ ગુણાંકવાળા અને ૧૭ થી ૨૦ ગુણાંકવાળા પરિવારોની સંખ્યા કેટલી છે, અને

**જવાબ**

(૧)

| **જિલ્લો** | **૦ થી ૧૬ ગુણાંકવાળા પરિવારો** | **૧૭ થી ૨૦ ગુણાંકવાળા પરિવારો** |
|---|---|---|
| મહેસાણા | ૫૨૧૪૪ | ૫૪૨૩૯ |
| ગાંધીનગર | ૧૩૮૬૪ | ૩૦૬૯૦ |

**પ્રશ્ન**

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર, જિલ્લાવાર ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારોમાં કેટલા પરિવારોનો વધારો કે ઘટાડો થયો ?

**જવાબ**

(૨)

| **જિલ્લો** | **ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારોમાં થયેલ વધારો** | | **ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારોમાં થયેલ ઘટાડો** | |
|---|---|---|---|---|
| | **તા. ૧–૧–૨૦૨૧ થી ૩૧–૧૨–૨૦૨૧** | **તા. ૧–૧–૨૦૨૨ થી ૩૧–૧૨–૨૦૨૨** | **તા. ૧–૧–૨૦૨૧ થી ૩૧–૧૨–૨૦૨૧** | **તા. ૧–૧–૨૦૨૨ થી ૩૧–૧૨–૨૦૨૨** |
| મહેસાણા | ૦ | ૧ | ૦ | ૦ |
| ગાંધીનગર | ૩ | ૧ | ૦ | ૦ |

---------

# ૧૦૨

**આણંદ અને વડોદરા જિલ્લામાં ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારો બાબત**

* ૩૨૯૨ **શ્રી ચિરાગકુમાર પટેલ** (ખંભાત) : **માનનીય ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ આણંદ અને વડોદરા જિલ્લામાં જિલ્લાવાર ગરીબીરેખાથી નીચે જીવતા ૦ થી ૧૬ ગુણાંકવાળા અને ૧૭ થી ૨૦ ગુણાંકવાળા પરિવારોની સંખ્યા કેટલી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર, જિલ્લાવાર ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારોમાં કેટલા પરિવારોનો વધારો કે ઘટાડો થયો ?

**જવાબ**

(૧)

| જિલ્લો | ૦ થી ૧૬ ગુણાંકવાળા પરિવારો | ૧૭ થી ૨૦ ગુણાંકવાળા પરિવારો |
|---|---|---|
| આણંદ | ૭૯૫૮૬ | ૭૬૧૪૫ |
| વડોદરા | ૬૩૮૧૮ | ૫૭૧૦૩ |

(૨)

| જિલ્લો | ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારોમાં થયેલ વધારો | | ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારોમાં થયેલ ઘટાડો | |
|---|---|---|---|---|
| | તા. ૧–૧–૨૦૨૧ થી ૩૧–૧૨–૨૦૨૧ | તા. ૧–૧–૨૦૨૨ થી ૩૧–૧૨–૨૦૨૨ | તા. ૧–૧–૨૦૨૧ થી ૩૧–૧૨–૨૦૨૧ | તા. ૧–૧–૨૦૨૨ થી ૩૧–૧૨–૨૦૨૨ |
| આણંદ | ૨૪ | ૧૪૪ | ૨ | ૦ |
| વડોદરા | ૦ | ૦ | ૦ | ૦ |

---------

# ૧૦૩

**નર્મદા જિલ્લામાં ટ્રાયબલ મ્યુઝીયમ**

* ૨૭૩૭ **શ્રી ચૈતરભાઈ વસાવા** (દેડીયાપાડા) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૧–૨૦૨૩ની સ્થિતિએ નર્મદા જિલ્લામાં ટ્રાયબલ મ્યુઝીયમ બનાવવાની કામગીરી ચાલુ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા તો, ઉક્ત સ્થિતિએ તે પેટે કેટલી નાણાકીય જોગવાઈ કરવામાં આવેલ છે,

(૩) ઉક્ત સ્થિતિએ આ કામ પૂર્ણ કરવાની સમય મર્યાદા શી છે, અને

(૪) ઉક્ત સ્થિતિએ ઉક્ત મ્યુઝીયમની કામગીરી કયા તબક્કે છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) રૂ.૧૩૭.૦૧ કરોડ.

(૩) ડિસેમ્બર–૨૦૨૩

(૪) મ્યુઝીયમના બાંધકામની કામગીરી ૭૫% થી વધુ પૂર્ણ થયેલ છે તથા ક્યુરેશન અંગેની કામગીરી પ્રગતિ હેઠળ છે.

---------

# ૧૦૪

**પાટણ અને અમદાવાદ જિલ્લામાં ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારો બાબત**

* ૩૩૦૬ **શ્રી કિરીટકુમાર પટેલ** (પાટણ) : **માનનીય ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ પાટણ અને અમદાવાદ જિલ્લામાં જિલ્લાવાર ગરીબી રેખાથી નીચે જીવતા ૦ થી ૧૬ ગુણાંકવાળા અને ૧૭ થી ૨૦ ગુણાંકવાળા પરિવારોની સંખ્યા કેટલી છે, અને

**જવાબ**

(૧)

| જિલ્લો | ૦ થી ૧૬ ગુણાંકવાળા પરિવારો | ૧૭ થી ૨૦ ગુણાંકવાળા પરિવારો |
|---|---|---|
| પાટણ | ૪૭૬૭૫ | ૫૪૩૭૦ |
| અમદાવાદ | ૭૭૦૯૦ | ૬૨૨૨૩ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર, જિલ્લાવાર ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારોમાં કેટલા પરિવારોનો વધારો કે ઘટાડો થયો ?

(૨)

| જિલ્લો | ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારોમાં થયેલ વધારો | | ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારોમાં થયેલ ઘટાડો | |
|---|---|---|---|---|
| | તા. ૧-૧-૨૦૨૧ થી ૩૧-૧૨-૨૦૨૧ | તા. ૧-૧-૨૦૨૨ થી ૩૧-૧૨-૨૦૨૨ | તા. ૧-૧-૨૦૨૧ થી ૩૧-૧૨-૨૦૨૧ | તા. ૧-૧-૨૦૨૨ થી ૩૧-૧૨-૨૦૨૨ |
| પાટણ | ૬ | ૦ | ૫ | ૦ |
| અમદાવાદ | ૧ | ૦ | ૧ | ૦ |

---------

# ૧૦૫

## પોરબંદર જિલ્લામાં માછીમારોના આવાસ માટેની યોજના

* ૨૦૯૬ **શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા** (પોરબંદર) : **માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યના માછીમારો માટે આવાસ યોજના અમલમાં છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કઈ યોજના હેઠળ આવાસદિઠ કેટલી રકમની સહાય પૂરી પાડવામાં આવે છે, અને

(૩) ઉક્ત યોજના અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર પોરબંદર જિલ્લામાં કેટલા માછીમારોને આવાસ માટે સહાય ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧) ના.

(૨) લાગુ પડતુ નથી.

(૩) લાગુ પડતુ નથી.

---------

# ૧૦૬

## પાકિસ્તાનની જેલમાં રખાયેલ માછીમારોના પરિવારોને આર્થિક સહાય

* ૩૩૫૬ **શ્રી જીગ્નેશ મેવાણી** (વડગામ) : **માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ગુજરાત સરકાર દ્વારા પાકિસ્તાનની જેલમાં બંધ હોય તેવા કેટલા માછીમારોના પરિવારોને કેટલી આર્થિક મદદ કરવામાં આવે છે,

(૨) ઉક્ત સ્થિતિએ રાજ્યના કેટલા માછીમારો પાકિસ્તાનની જેલમાં છે, અને

(૩) ઉક્ત માછીમારોને સ્વદેશ પરત લાવવા છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે શાં પ્રયાસો કર્યા ?

**જવાબ**

(૧) ૪૩૯ માછીમારોના પરિવારોને પ્રતિ દિવસ રૂ.૩૦૦/-

(૨) ૫૬૦

(૩) વર્ષ ૨૦૨૧માં ૧૧ રજૂઆતો અને વર્ષ ૨૦૨૨માં ૧૦ રજૂઆતો એમ કુલ ૨૧ રજૂઆતો દ્વારા માછીમારોની રાષ્ટ્રીયતા ખરાઈની વિગત ભારત સરકારશ્રીના ગૃહ મંત્રાલયને પૂરી પાડી તેમને છોડવાની વિનંતી કરવામાં આવેલ છે.

---------

# ૧૦૭

## અમરેલી અને ભરૂચ જિલ્લામાં ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારો બાબત

* ૩૨૯૭ **શ્રી અરવિંદભાઈ લાડાણી** (માણાવદર) : **માનનીય ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ અમરેલી અને ભરૂચ જિલ્લામાં જિલ્લાવાર ગરીબી રેખાથી નીચે જીવતા ૦ થી ૧૬ ગુણાંકવાળા અને ૧૭ થી ૨૦ ગુણાંકવાળા પરિવારોની સંખ્યા કેટલી છે, અને

**જવાબ**

(૧)

| જિલ્લો | ૦ થી ૧૬ ગુણાંકવાળા પરિવારો | ૧૭ થી ૨૦ ગુણાંકવાળા પરિવારો |
|---|---|---|
| અમરેલી | ૪૯૬૫૦ | ૪૪૬૧૨ |
| ભરૂચ | ૭૬૬૭૧ | ૪૮૨૬૩ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર, જિલ્લાવાર ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારોમાં કેટલા પરિવારોનો વધારો કે ઘટાડો થયો ?

(૨)

| જિલ્લો | ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારોમાં થયેલ વધારો | | ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારોમાં થયેલ ઘટાડો | |
|---|---|---|---|---|
| | તા. ૧-૧-૨૦૨૧ થી ૩૧-૧૨-૨૦૨૧ | તા. ૧-૧-૨૦૨૨ થી ૩૧-૧૨-૨૦૨૨ | તા. ૧-૧-૨૦૨૧ થી ૩૧-૧૨-૨૦૨૧ | તા. ૧-૧-૨૦૨૨ થી ૩૧-૧૨-૨૦૨૨ |
| અમરેલી | ૩૦૯ | ૧૧૬ | ૦ | ૩ |
| ભરૂચ | ૩ | ૦ | ૦ | ૦ |

---------

# ૧૦૮

## બનાસકાંઠા અને રાજકોટ જિલ્લામાં ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારો બાબત

* ૩૩૧૧ **ગેનીબેન ઠાકોર** (વાવ) : **માનનીય ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ બનાસકાંઠા અને રાજકોટ જિલ્લામાં જિલ્લાવાર ગરીબી રેખાથી નીચે જીવતા ૦ થી ૧૬ ગુણાંકવાળા અને ૧૭ થી ૨૦ ગુણાંકવાળા પરિવારોની સંખ્યા કેટલી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર, જિલ્લાવાર ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારોમાં કેટલા પરિવારોનો વધારો કે ઘટાડો થયો ?

**જવાબ**

(૧)

| જિલ્લો | ૦ થી ૧૬ ગુણાંકવાળા પરિવારો | ૧૭ થી ૨૦ ગુણાંકવાળા પરિવારો |
|---|---|---|
| બનાસકાંઠા | ૧૩૧૦૭૭ | ૧૦૬૦૦૦ |
| રાજકોટ | ૫૨૪૬૭ | ૫૧૧૬૨ |

(૨)

| જિલ્લો | ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારોમાં થયેલ વધારો | | ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારોમાં થયેલ ઘટાડો | |
|---|---|---|---|---|
| | તા. ૧-૧-૨૦૨૧ થી ૩૧-૧૨-૨૦૨૧ | તા. ૧-૧-૨૦૨૨ થી ૩૧-૧૨-૨૦૨૨ | તા. ૧-૧-૨૦૨૧ થી ૩૧-૧૨-૨૦૨૧ | તા. ૧-૧-૨૦૨૨ થી ૩૧-૧૨-૨૦૨૨ |
| બનાસકાંઠા | ૧૦૦ | ૯૯ | ૦ | ૦ |
| રાજકોટ | ૩ | ૧ | ૦ | ૦ |

---------

# ૧૦૯

## ગુજરાત આદિજાતિ સલાહકાર સમિતિની બેઠક

* ૩૩૦૧ **ડૉ. તુષાર ચૌધરી** (ખેડબ્રહ્મા) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગુજરાત આદિજાતિ સલાહકાર પરિષદ (સુધારા) નિયમો-૨૦૦૨ મુજબ ગુજરાત આદિજાતિ સલાહકાર સમિતિની બેઠક સામાન્ય રીતે દર ત્રણ મહિને એકવાર મળવી જોઈએ, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉક્ત સમિતિની બેઠકો ક્યારે મળેલ છે,

(૩) ઉક્ત સમિતિની બેઠક દર ત્રણ માસે મળેલ ન હોય તો તેના શાં કારણો છે, અને

**જવાબ**

(૧) હા, જી.

(૨) બેઠક મળેલ નથી.

(૩) કોવિડ-૧૯ની મહામારી તેમજ રાજ્ય સરકારના પ્રધાનમંડળમાં બદલાવ થતાં અને ગુજરાત વિધાનસભામાં અનુસૂચિત જનજાતિમાં પ્રતિનિધિઓ પૈકી ખાલી પડેલ જગ્યાઓના કારણે સમિતિની પુનઃરચના કરવાનું જરૂરી બનવાના કારણે.

(૪) ઉક્ત બેઠક સમયસર નિયમિત મળે તે માટે શાં પગલા લેવામાં આવ્યા ?

(૪) કોરોના અસર ઓછી થતા જ સરકારશ્રી દ્વારા તા.૨૪–૦૮–૨૦૨૧ના રોજ ગુજરાત આદિજાતિ સલાહકાર સમિતિની સ્થાયી સમિતિની બેઠક બોલાવેલ છે.
તાજેતરમાં તા.૧૦–૦૩–૨૦૨૩નાં રોજ સદરહું પરિષદ માટે વિધાનસભામાંથી અનુસૂચિત જનજાતિના ચૂંટાયેલા પ્રતિનિધિઓ પૈકી પંદર સભ્યશ્રીઓની ચૂંટણી કરવાનો પ્રસ્તાવ વિધાનસભામાં રજૂ કરવામાં આવેલ છે.

---------

# ૧૧૦

## રાજ્યમાં બીપીએલ યાદી માટેનો સર્વે બાબત

* ૨૭૨૭ **શ્રી અમીત ચાવડા** (આંકલાવ) : **માનનીય ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૧–૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લે બી.પી.એલ. યાદી માટે સર્વે ક્યારે કરવામાં આવ્યો.

(૨) ઉક્ત સ્થિતિએ ૦ થી ૨૦ સ્કોર ધરાવતા કેટલા બીપીએલ પરિવારો છે,

(૩) ઉક્ત સ્થિતિએ કઈ યોજનાઓનો લાભ મેળવવા માટે બીપીએલ યાદીનો સ્કોર ૦ થી ૨૦ માં હોવો જરૂર છે, અને

(૪) રાજ્યમાં નવા બીપીએલ યાદી માટેનો સર્વે કરાવવાનું સરકારનું શું આયોજન છે ?

**જવાબ**

(૧) રાજ્યમાં છેલ્લે બી.પી.એલ. યાદી માટે સર્વે વર્ષ ૨૦૦૨–૦૩ માં કરવામાં આવ્યો.

(૨) તા.૩૧–૦૧–૨૦૨૩ ની સ્થિતિએ રાજ્યમાં ૦ થી ૨૦ ધરાવતાં બીપીએલ પરિવારોની સંખ્યા કુલ ૩૧,૬૭,૨૧૧ છે.

(૩) રાજ્ય સરકારના અન્ય વિભાગો જેવા કે સામાજિક ન્યાય અને અધિકારિકતા વિભાગ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, મહિલા અને બાળ વિકાસ વિભાગ, આદિજાતિ વિકાસ વિભાગ, કૃષિ અને સહકાર વિભાગ, ઇત્યાદી હેઠળની જુદી જુદી યોજનાઓ હેઠળ પ્રવર્તમાન ધોરણો અને નિયમોનુસાર લાભો આપવાના રહેશે.

(૪) બીપીએલ યાદી માટેની સર્વેની કામગીરી ભારત સરકારશ્રી દ્વારા કરવાની હોઈ તો સદર બાબતનું આયોજન ભારત સરકારશ્રીની સૂચના મુજબ વખતોવખત કરવાની થાય.

---------

# ૧૧૧

## ધાનેરા અને દાંતીવાડા તાલુકામાં માધ્યમિક શાળાઓ

* ૨૪૮૬ **શ્રી માવજીભાઈ દેસાઈ** (ધાનેરા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા ૨ વર્ષમાં બનાસકાંઠા જિલ્લાના ધાનેરા અને દાંતીવાડા તાલુકામાં નવી ગ્રાન્ટેડ તથા નોન ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓ શરૂ કરવા માટે સરકારને કેટલી અરજીઓ/રજૂઆતો મળેલ છે, અને

**જવાબ**

(૧)

- તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા ૨ વર્ષમાં બનાસકાંઠા જિલ્લાના ધાનેરા અને દાંતીવાડા તાલુકામાં નવી ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓ શરૂ કરવા માટે એકપણ અરજી/રજૂઆત મળેલ નથી.
- તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા ૨ વર્ષમાં બનાસકાંઠા જિલ્લાના ધાનેરા અને દાંતીવાડા તાલુકામાં નવી નોન ગ્રાન્ટેડ માધ્યમિક શાળા શરૂ કરવા માટે નીચે મુજબ અરજી/રજૂઆત મળેલ છે.

| જિલ્લો | તાલુકો | તા.૦૧–૦૧–૨૦૨૧ થી તા.૩૧–૧૨–૨૦૨૨ |
|---|---|---|
| બનાસકાંઠા | ધાનેરા | ૦૨ |
| | દાંતીવાડા | ૦૦ |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત રજૂઆત/અરજીઓ અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી છે ?

(૨) ધાનેરા તાલુકામાં નવી નોન ગ્રાન્ટેડ શાળા શરૂ કરવા મળેલ કુલ ૦૨ અરજીઓ/રજૂઆતો પૈકીની એક અરજી/રજૂઆત મંજૂર કરવામાં આવેલ છે તથા એક અરજી/રજૂઆત નામંજૂર કરવામાં આવેલ છે.

---------

# ૧૧૨

## રાજ્યમાં એનીમલ વેલ્ફેર બોર્ડ

* ૩૩૧૦ **શ્રી દિનેશભાઈ ઠાકોર** (ચાણસ્મા) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં એનીમલ વેલ્ફેર બોર્ડની રચના તા.૩૦–૧૧–૨૦૧૩ના રોજ કરવામાં આવી, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ તેના સભ્યો કોણ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બોર્ડની મિટીંગ ક્યારે મળેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) પત્રક મુજબ

(૩)

- સામાન્ય બેઠક
  તા.૦૭/૦૪/૨૦૨૧ અને
  તા.૧૨/૧૦/૨૦૨૨
- કારોબારી સમિતિની બેઠક
  તા.૦૪/૧૨/૨૦૨૧ અને
  તા.૧૦/૦૧/૨૦૨૩
- લીગલ સમિતિની બેઠક
  તા.૦૪/૧૨/૨૦૨૧ અને
  તા.૧૦/૦૧/૨૦૨૩

**પત્રક**

| અ.નં. | સભ્યનું નામ | હોદ્દો |
|---|---|---|
| ૧ | માન. મંત્રીશ્રી (પશુપાલન) | અધ્યક્ષ (હોદ્દાની રૂએ) |
| ૨ | માન. રાજ્યકક્ષા મંત્રીશ્રી (પશુપાલન) | ઉપાધ્યક્ષ (હોદ્દાની રૂએ) |
| ૩ | શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા (ધારાસભ્ય–અબડાસા) | સભ્ય |
| ૪ | શ્રી ધનજીભાઇ પટેલ (ધારાસભ્ય–વઢવાણ સુરેન્દ્રનગર) | તા. ૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ જગ્યા ખાલી પડેલ છે. |
| ૫ | પશુપાલન નિયામકશ્રી, (ગુજરાત રાજ્ય) | સભ્ય સચિવ (હોદ્દાની રૂએ) |
| ૬ | મુખ્ય વન સંરક્ષક | સભ્ય (હોદ્દાની રૂએ) |
| ૭ | મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, જામનગર | સભ્ય (હોદ્દાની રૂએ) |
| ૮ | મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, અમદાવાદ | સભ્ય (હોદ્દાની રૂએ) |
| ૯ | પોલીસ મહાનિદેશક, ગુજરાત રાજ્ય | સભ્ય (હોદ્દાની રૂએ) |
| ૧૦ | જિલ્લા કલેક્ટર – બનાસકાંઠા | સભ્ય (હોદ્દાની રૂએ) |
| ૧૧ | શ્રી દિલીપ શાહ, અમદાવાદ. | એનીમલ વેલ્ફેર બોર્ડ ઓફ ઇન્ડીયાના પ્રતિનિધી તરીકે |
| ૧૨ | શ્રી પંકજભાઇ બુચ, એનીમલ વેલ્ફેર ફાઉન્ડેશન, ગાંધીનગર | સભ્ય |
| ૧૩ | શ્રી રાજેન્દ્ર શાહ, જીવદયા, રાજકોટ | સભ્ય |
| ૧૪ | શ્રી મયુરકુમાર ભરતભાઇ ઠક્કર, SPCA દિયોદર બનાસકાંઠા | સભ્ય |
| ૧૫ | ડૉ. ટી.કે.સંઘાણી, નવા દેવલીયા તા. હળવદ, જિ. મોરબી | સભ્ય |

| અ.નં. | સભ્યનું નામ | હોદ્દો |
|---|---|---|
| ૧૬ | શ્રી વિપુલભાઇ રસિકલાલ મહેતા, જીવદયા મંડળ, રાપર–કચ્છ | સભ્ય |
| ૧૭ | શ્રી રાજીવભાઇ શાહ, મિયાગામ, તા.કરજણ, વડોદરા | સભ્ય |
| ૧૮ | શ્રી સંજયભાઇ કોઠારી, નવકાર સારવાર સંસ્થા, એલિસબ્રિજ અમદાવાદ | સભ્ય |
| ૧૯ | શ્રી ચંદુભાઇ શીવાભાઇ મુંધલપરા, શ્રી મા દર્શન ગૌશાળા દરેડ, જામનગર | સભ્ય |
| ૨૦ | શ્રી ધીરુભાઇ શાહ, શ્રી પાટણ પાંજરાપોળ, ખલીપુર, તા. સરસ્વતી, જિ. પાટણ | સભ્ય |
| ૨૧ | શ્રી અરૂણી ભગત, BAPS ગૌશાળા સાળંગપુર, જિ. બોટાદ | સભ્ય |
| ૨૨ | શ્રી વિરજીભાઇ કેશવભાઇ રાદડીયા, શ્રી પુરષોતમ લાલજી ગૌસેવા સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ, માંડલીકપુર, તા. જેતપુર–રાજકોટ | સભ્ય |
| ૨૩ | શ્રી મહેન્દ્રભાઇ રતરસિંહ સંઘોઇ, ભગવાન મહાવીર પશુ રક્ષા કેન્દ્ર પ્રાગપર, તા. મુન્દ્રા, જિ. કચ્છ | સભ્ય |
| ૨૪ | શ્રી માધવ ચરણદાસજી સ્વામી, સ્વામિનારાયણ ગુરુકુલ ગૌશાળા, છારોડી, અમદાવાદ | સભ્ય |
| ૨૫ | શ્રી જયપ્રકાશ રાયચંદભાઇ ઠક્કર, જલારામ ગૌસેવા ટ્રસ્ટ, ભાભર, બનાસકાંઠા | સભ્ય |
| ૨૬ | શ્રી ગણેશ રઘુભાઇ મુંધારા, ચેરમેન, મહેતા લક્ષ્મીચંદ જેઠાભાઇ પરિવાર ગૌશાળા, લતીપુર, તા. ધ્રોલ, જિ. જામનગર | સભ્ય |
| ૨૭ | શ્રી રાજેશ હસ્તીમલ શાહ, શ્રી અજીત સેવા ટ્રસ્ટ, રતા, તા વાપી–જિ. વલસાડ | સભ્ય |
| ૨૮ | શ્રી જોષી ભાવેશભાઇ ડાહ્યાભાઇ, હરિઓમ ગૌશાળા, અનાવાડા, જિ. પાટણ | સભ્ય |
| ૨૯ | શ્રી હિતેશભાઇ મુલચંદભાઇ પટેલ, રાજારામ ગૌશાળા આશ્રમ પાંજરાપોળ, ટિંટોડા, તા. ડીસા, જિ. બનાસકાંઠા | સભ્ય |
| ૩૦ | શ્રી ભરતભાઇ પટેલ, શ્રી રામરોટી અન્નક્ષેત્ર આશ્રમ ગૌશાળા, કોઠારીયા, તા. વઢવાણ, જિ. સુરેન્દ્રનગર | સભ્ય |

---------

# ૧૧૩

## ગીર સોમનાથ જિલ્લામાં તાલુકાવાર સરકારી માધ્યમિક શાળાઓનું મહેકમ

* ૧૮૫૮ **શ્રી વિમલભાઇ ચુડાસમા** (સોમનાથ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૧–૨૦૨૩ની સ્થિતિએ ગીર સોમનાથ જિલ્લામાં તાલુકાવાર સરકારી માધ્યમિક શાળાઓમાં મંજૂર થયેલ શિક્ષકોના મહેકમ પર કેટલી જગ્યાઓ ખાલી છે,

**જવાબ**

(૧)

| સરકારી માધ્યમિક શાળા | | | |
|---|---|---|---|
| ક્રમ | તાલુકો | શિક્ષકોનું મંજૂર મહેકમ | શિક્ષકોની ખાલી જગ્યા |
| ૧ | વેરાવળ | ૨૭ | ૦૨ |
| ૨ | તાલાળા | ૦૯ | ૦૦ |
| ૩ | સુત્રાપાડા | ૧૭ | ૦૦ |
| ૪ | કોડીનાર | ૦૬ | ૦૦ |
| ૫ | ઉના | ૩૨ | ૦૬ |
| ૬ | ગીર ગઢડા | ૨૧ | ૦૪ |

(૨) આ જગ્યાઓ ખાલી રહેવાના કારણો શાં છે, અને

(૨) નિવૃત્તિ તથા બદલીના કારણોસર તેમજ નવા વર્ગ વધારા મંજૂર થવાથી નવી જગ્યાઓ ઉભી થવાના કારણોસર જગ્યાઓ ખાલી રહેલ છે.

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવાનું સરકારનું આયોજન છે ?

(૩) જેમ બને તેમ જલ્દી

---------

# ૧૧૪

## મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારો

* ૩૨૮૯ **શ્રી ગુલાબસિંહ ચૌહાણ** (લુણાવાડા) : **માનનીય ગ્રામ, ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં જિલ્લાવાર ગરીબી રેખાથી નીચે જીવતા ૦ થી ૧૬ ગુણાંકવાળા અને ૧૭ થી ૨૦ ગુણાંકવાળા પરિવારોની સંખ્યા કેટલી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર, જિલ્લાવાર ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારોમાં કેટલા પરિવારોનો વધારો કે ઘટાડો થયો ?

**જવાબ**

(૧)

| **જિલ્લો** | **૦ થી ૧૬ ગુણાંકવાળા પરિવારો** | **૧૭ થી ૨૦ ગુણાંકવાળા પરિવારો** |
|---|---|---|
| મહીસાગર | ૩૭૪૯૯ | ૪૪૬૧૭ |
| પંચમહાલ | ૬૬૮૫૬ | ૬૫૭૬૧ |

(૨)

| **જિલ્લો** | **ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારોમાં થયેલ વધારો** | | **ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારોમાં થયેલ ઘટાડો** | |
|---|---|---|---|---|
| | **તા. ૧–૧–૨૦૨૧ થી ૩૧–૧૨–૨૦૨૧** | **તા. ૧–૧–૨૦૨૨ થી ૩૧–૧૨–૨૦૨૨** | **તા. ૧–૧–૨૦૨૧ થી ૩૧–૧૨–૨૦૨૧** | **તા. ૧–૧–૨૦૨૨ થી ૩૧–૧૨–૨૦૨૨** |
| મહીસાગર | ૦ | ૧ | ૦ | ૦ |
| પંચમહાલ | ૦ | ૧ | ૦ | ૦ |

---------

# ૧૧૫

## શિક્ષક યોગ્યતા કસોટી ટેટ–૧ યોજવા બાબત

* ૩૩૦૪ **ડૉ. સી.જે.ચાવડા** (વિજાપુર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ રાજ્યની સરકારી પ્રાથમિક શિક્ષણમાં ધોરણ–૧ થી ધોરણ–૫ માટે શિક્ષક યોગ્યતા કસોટી–૧ (ટેટ–૧) લેવામાં આવતી પરીક્ષા છેલ્લે ક્યારે યોજવામાં આવેલ,

(૨) ઉક્ત પરીક્ષા લાંબા સમયથી યોજવામાં ન આવી હોય તો તેના કારણો શાં છે, અને

(૩) ઉક્ત પરીક્ષા આગામી સમયમાં ક્યારે યોજવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) માર્ચ–૨૦૧૮માં

(૨) (૧) કોવિડ–૧૯ની વૈશ્વિક મહામારી અંતર્ગત સામુહિક આરોગ્યના સંદર્ભમાં જનહિતને ધ્યાને લઈ, તદુપરાંત

(૨) રાષ્ટ્રીય શિક્ષણ નિતિ–૨૦૨૦ના સુચન અનુસાર પ્રાથમિક શિક્ષકોની ભરતી માટે ત્રિસ્તરીય પદ્ધતિનો અમલ કરવાની બાબત વિચારણા હેઠળ હોય, જેથી પરીક્ષાનું આયોજન થઈ શક્યુ નહોતું.

(૩) રાજ્ય પરીક્ષા બોર્ડના તા.૧૭–૧૦–૨૦૨૨ના જાહેરનામાં ક્રમાંક: રાપબો/TET-1/૨૦૨૨/૯૫૩૭–૯૬૨૨થી ટેટ–૧ પરીક્ષાનું જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. ટેટ–૧ પરીક્ષાના આવેદનપત્રો ભરાઇ ગયેલ છે. પરીક્ષા સંભવિત માસ મે/જુન–૨૦૨૩માં લેવાનું આયોજન છે.

---------

# ૧૧૬

## નર્મદા જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના-ગ્રામીણ

* ૨૭૩૮ **શ્રી ચૈતરભાઇ વસાવા** (દેડીયાપાડા) : **માનનીય ગ્રામ, ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) અંતર્ગત તાલુકાવાર કેટલી અરજીઓ મળી,

(૨) ઉક્ત સ્થિતિએ મળેલ અરજીઓમાંથી કેટલી અરજીઓનો નિકાલ કરેલ છે અને કેટલી અરજીઓ પડતર છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ અરજીઓ પડતર રહેવાના કારણો શાં છે ?

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | દેડીયાપાડા | ૪૦૦૩ |
| ૨ | ગરૂડેશ્વર | ૨૬૧૮ |
| ૩ | નાંદોદ | ૧૪૦૭ |
| ૪ | સાગબારા | ૨૫૦૬ |
| ૫ | તિલકવાડા | ૯૨૨ |

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ | નિકાલ | પડતર |
|---|---|---|---|---|
| ૧ | દેડિયાપાડા | ૪૦૦૩ | ૩૭૫૩ | ૨૫૦ |
| ૨ | ગરૂડેશ્વર | ૨૬૧૮ | ૨૪૫૬ | ૧૬૨ |
| ૩ | નાંદોદ | ૧૪૦૭ | ૧૩૦૪ | ૧૦૩ |
| ૪ | સાગબારા | ૨૫૦૬ | ૨૪૧૭ | ૮૯ |
| ૫ | તિલકવાડા | ૯૨૨ | ૮૪૨ | ૮૦ |

(૩) વહીવટી કારણોસર

---------

# ૧૧૭

## પાટણ અને અમદાવાદ જિલ્લામાં આર.ટી.ઇ. એક્ટ હેઠળ શાળાઓમાં પ્રવેશ

* ૩૩૦૭ **શ્રી કિરીટકુમાર પટેલ** (પાટણ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં રાઇટ ટુ એજ્યુકેશન એક્ટ-૨૦૦૯નો અમલ ક્યારથી કરવામાં આવ્યો છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર પાટણ અને અમદાવાદ શહેર/જિલ્લાવાર તે અન્વયે કેટલી ખાનગી શાળાઓમાં કેટલા બાળકોને પ્રવેશ મળવાપાત્ર થતો હતો,

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત વર્ષવાર ઉક્ત શહેર/જિલ્લાવાર કેટલી ખાનગી શાળાઓમાં કેટલા બાળકોને પ્રવેશ આપવામાં આવ્યો, અને

**જવાબ**

(૧) તા. ૦૧-૦૪-૨૦૧૦ થી

(૨)

| જિલ્લો | આર.ટી.ઇ. એક્ટ અન્વયે પ્રવેશ મળવાપાત્ર શાળાઓની સંખ્યા | | આર.ટી.ઇ. એક્ટ અન્વયે પ્રવેશ મળવાપાત્ર બાળકોની સંખ્યા | |
|---|---|---|---|---|
| | શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ | શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ | શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ | શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ |
| પાટણ | ૧૦૨ | ૧૦૭ | ૯૦૧ | ૭૭૨ |
| અમદાવાદ જિલ્લો | ૧૯૩ | ૧૯૪ | ૧૭૦૩ | ૧૬૫૮ |
| અમદાવાદ શહેર | ૧૩૮૪ | ૧૩૬૬ | ૧૨૩૧૪ | ૧૨૬૦૭ |

(૩)

| જિલ્લો | આર.ટી.ઇ. એક્ટ અન્વયે પ્રવેશ આપેલ શાળાઓની સંખ્યા | | આર.ટી.ઇ. એક્ટ અન્વયે પ્રવેશ આપેલ બાળકોની સંખ્યા | |
|---|---|---|---|---|
| | શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ | શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ | શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ | શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ |
| પાટણ | ૧૦૨ | ૧૦૭ | ૮૪૨ | ૬૯૭ |
| અમદાવાદ જિલ્લો | ૧૯૩ | ૧૯૪ | ૧૨૭૯ | ૧૨૬૩ |
| અમદાવાદ શહેર | ૧૨૭૯ | ૧૨૫૮ | ૧૧૦૯૩ | ૧૨૦૬૨ |

(૪) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાઓમાં ઉક્ત એક્ટની જોગવાઈનું પાલન ન કરનાર કઇ શાળાઓ સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

(૪) આર.ટી.ઇ ઓનલાઇન પ્રવેશ પ્રક્રિયા અંતર્ગત ઓનલાઇન પ્રવેશ ફાળવ્યા મુજબની તમામ શાળાઓએ વિદ્યાર્થીઓને પ્રવેશ આપેલ હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

# ૧૧૮

## પોરબંદર જિલ્લામાં સરકારી, અનુદાનિત અને બિન અનુદાનિત પ્રાથમિક અને માધ્યમિક શાળાઓની ખાલી જગ્યાઓ

* ૨૦૯૭ **શ્રી અર્જુનભાઇ મોઢવાડીયા** (પોરબંદર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ પોરબંદર જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી અનુદાનિત અને બિન અનુદાનિત પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ આવેલી છે ?

**જવાબ**

(૧) પ્રાથમિક શાળાઓની સંખ્યા

| જિલ્લો | સરકારી | અનુદાનિત | બિન અનુદાનિત |
|---|---|---|---|
| પોરબંદર | ૧૬૫ | ૦ | ૭૪ |
| રાણાવાવ | ૭૫ | ૦ | ૨૧ |
| કુતિયાણા | ૬૯ | ૦ | ૧૩ |

માધ્યમિક શાળાઓની સંખ્યા

| જિલ્લો | સરકારી | | અનુદાનિત | | બિન અનુદાનિત |
|---|---|---|---|---|---|
| | માત્ર માધ્યમિક શાળા | સળંગ એકમ હેઠળની માધ્યમિક શાળા | માત્ર માધ્યમિક શાળા | સળંગ એકમ હેઠળની માધ્યમિક શાળા | માધ્યમિક શાળા |
| પોરબંદર | ૦૮ | ૦૪ | ૧૧ | ૧૧ | ૩૨ |
| રાણાવાવ | ૦૨ | ૦૧ | ૦૫ | ૦૩ | ૦૭ |
| કુતિયાણા | ૦૪ | ૦૧ | ૦૪ | ૦૬ | ૧૦ |

(૨) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર સરકારી, અનુદાનિત અને બિન અનુદાનિત પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં સંવર્ગવાર કેટલા શિક્ષકો અને આચાર્યની જગ્યાઓ ખાલી છે, અને

(૨)

**પ્રાથમિક શાળા**

| તાલુકો | સરકારી શાળાઓની ખાલી જગ્યા | | અનુદાનિત શાળાઓની ખાલી જગ્યા | | બિન અનુદાનિત શાળાઓની ખાલી જગ્યા | |
|---|---|---|---|---|---|---|
| | શિક્ષક | આચાર્ય | શિક્ષક | આચાર્ય | શિક્ષક | આચાર્ય |
| પોરબંદર | ૧૮૭ | ૦૦ | પોરબંદર જિલ્લામાં એક પણ અનુદાનિત પ્રાથમિક શાળા આવેલ નથી. | | ૦૦ | ૦૦ |
| રાણાવાવ | ૬૨ | ૦૦ | | | ૦૦ | ૦૦ |
| કુતિયાણા | ૨૩ | ૦૦ | | | ૦૦ | ૦૦ |

**માધ્યમિક શાળા**

| તાલુકો | સરકારી માધ્યમિક શાળાની ખાલી જગ્યાઓ | | અનુદાનિત માધ્યમિક શાળાની ખાલી જગ્યાઓ | |
|---|---|---|---|---|
| | શિક્ષક | આચાર્ય | શિક્ષક | આચાર્ય |
| પોરબંદર | ૦૪ | ૦૦ | ૧૬ | ૦૬ |
| રાણાવાવ | ૦૨ | ૦૦ | ૦૧ | ૦૪ |
| કુતિયાણા | ૦૦ | ૦૨ | ૦૬ | ૦૬ |

બિન અનુદાનિત માધ્યમિક શાળાઓમાં શિક્ષકો અને આચાર્યની કોઇ જગ્યા ખાલી નથી.

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવાનું આયોજન છે ?

(૩) જેમ બને તેમ ઝડપથી.

---------

# ૧૧૯

## આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા પ્રસારિત કરાતી જાહેરાતો

* ૩૩૫૭ **શ્રી જીજ્ઞેશ મેવાણી** (વડગામ) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આદિજાતિ વિકાસ દ્વારા વર્તમાન પત્રો, ટેલિવિઝન, રેડિયો વગેરે જાહેર માધ્યમો દ્વારા કેટલી જાહેરાતો પ્રકાશિત કરવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જાહેરાતો માટે વર્ષવાર કેટલી રકમ ચૂકવવામાં આવી, અને

(૩) ઉક્ત રકમ વિભાગ દ્વારા કઇ યોજના અંતર્ગત ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં આદિજાતિ વિકાસ દ્વારા વર્તમાનપત્રો, ટેલિવિઝન, રેડિયો વગેરે જાહેર માધ્યમો દ્વારા પ્રકાશિત કરવામાં આવેલ જાહેરાતોની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | સમય | પ્રકાશિત કરેલ જાહેરાત |
|---|---|---|
| ૧ | તા.૦૧–૦૧–૨૦૨૧ થી તા. ૩૧–૧૨–૨૦૨૧ | ૦૧ (એક) |
| ૨ | (તા.૦૧–૦૧–૨૦૨૨ થી તા.૩૧–૧૨–૨૦૨૨) | ૦૨ (બે) |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જાહેરાતો માટે વર્ષવાર ચૂકવવામાં આવેલી રકમની માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | સમય | રકમ રૂ. |
|---|---|---|
| ૧ | તા.૦૧–૦૧–૨૦૨૧ થી તા. ૩૧–૧૨–૨૦૨૧ | ૪,૭૨,૦૦૦ /– |
| ૨ | તા.૦૧–૦૧–૨૦૨૨ થી તા.૩૧–૧૨–૨૦૨૨ | ૫,૭૭,૦૦૦ /– |

(૩) પ્રચાર–પ્રસાર યોજના (વિકેવાચ–૪૧)

---------

# ૧૨૦

## જૂનાગઢ અને રાજકોટ જિલ્લામાં શહેર/જિલ્લામાં આર.ટી.ઇ. એક્ટ હેઠળ શાળાઓમાં પ્રવેશ

* ૩૨૯૮ **શ્રી અરવિંદભાઇ લાડાણી** (માણાવદર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં રાઇટ ટુ એજ્યુકેશન એક્ટ–૨૦૦૯નો અમલ ક્યારથી કરવામાં આવ્યો છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જૂનાગઢ અને રાજકોટ શહેર/જિલ્લાવાર તે અન્વયે કેટલી ખાનગી શાળાઓમાં કેટલા બાળકોને પ્રવેશ મળવાપાત્ર થતો હતો,

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત વર્ષવાર ઉક્ત શહેર/જિલ્લાવાર કેટલી ખાનગી શાળાઓમાં કેટલા બાળકોને પ્રવેશ આપવામાં આવ્યો, અને

**જવાબ**

(૧) તા. ૦૧–૦૪–૨૦૧૦ થી

(૨)

| જિલ્લો | આર.ટી.ઇ. એક્ટ અન્વયે પ્રવેશ મળવાપાત્ર શાળાઓની સંખ્યા | | આર.ટી.ઇ. એક્ટ અન્વયે પ્રવેશ મળવાપાત્ર બાળકોની સંખ્યા | |
|---|---|---|---|---|
| | શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ | શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩ | શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ | શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩ |
| જુનાગઢ | ૩૬૮ | ૩૩૨ | ૧૭૬૭ | ૧૬૦૧ |
| રાજકોટ જિલ્લો | ૪૯૮ | ૪૯૭ | ૨૪૨૩ | ૨૧૬૮ |
| રાજકોટ શહેર | ૪૮૨ | ૪૯૭ | ૩૯૭૧ | ૩૪૫૮ |

(૩)

| જિલ્લો | આર.ટી.ઇ. એક્ટ અન્વયે પ્રવેશ આપેલ શાળાઓની સંખ્યા | | આર.ટી.ઇ. એક્ટ અન્વયે પ્રવેશ આપેલ બાળકોની સંખ્યા | |
|---|---|---|---|---|
| | શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ | શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩ | શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ | શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩ |
| જુનાગઢ | ૩૬૭ | ૩૩૨ | ૧૯૫૮ | ૧૭૬૪ |
| રાજકોટ જિલ્લો | ૪૩૨ | ૪૩૧ | ૨૨૭૭ | ૨૦૫૭ |
| રાજકોટ શહેર | ૪૮૨ | ૪૯૭ | ૩૨૧૩ | ૩૧૨૭ |

(૪) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાઓમાં ઉક્ત એક્ટની જોગવાઈનું પાલન ન કરનાર કઈ શાળાઓ સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

(૪) આર.ટી.ઇ ઓનલાઇન પ્રવેશ પ્રક્રિયા અંતર્ગત ઓનલાઇન પ્રવેશ ફાળવ્યા મુજબની તમામ શાળાઓએ વિદ્યાર્થીઓને પ્રવેશ આપેલ હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

# ૧૨૧

**રાજ્યમાં પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની મધ્યાહન ભોજન યોજના**

* ૩૩૧૩ **ગેનીબેન ઠાકોર** (વાવ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં ધોરણ–૧ થી ધોરણ–૫ અને ધોરણ–૬ થી ધોરણ–૮માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને મધ્યાહન ભોજન યોજના અન્વયે પ્રતિ બાળક દીઠ કેટલો ભોજનનો ખર્ચ આપવામાં આવે છે, અને

(૨) ઉક્ત ખર્ચના દરોમાં છેલ્લે ક્યારે અને કેટલી રકમનો વધારો કરવામાં આવે છે ?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં પી.એમ. પોષણ(મધ્યાહન ભોજન) યોજના અન્વયે ધોરણ–૧ થી ધોરણ–૫ માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને માટે દૈનિક રૂ.૫.૫૦ અને ધોરણ–૬ થી ધોરણ–૮ માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે દૈનિક રૂ.૭.૭૨ કુકિંગ કોસ્ટ(ભોજનનો ખર્ચ) મંજૂર કરવામાં આવેલ છે.

(૨) ઉક્ત દરમાં તા.૧૧/૦૫/૨૦૨૦ થી ધોરણ–૧ થી ધોરણ–૫ ના વિદ્યાર્થીઓ માટે દૈનિક રૂ.૦.૫૪ અને ધોરણ–૬ થી ધોરણ–૮ ના વિદ્યાર્થીઓ માટે દૈનિક રૂ.૦.૭૬ નો વધારો કરવામાં આવેલ છે.

---------

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

પંદરમી ગુજરાત વિધાનસભા

બીજું સત્ર, ૨૦૨૩

તારાંકિત પ્રશ્નોત્તરી

મંગળવાર, તા.૨૧મી માર્ચ, ૨૦૨૩

શુદ્ધિપત્રક

| અ. નં. | તારાંકિત પ્રશ્ન ક્રમાંક | અગ્રતા ક્રમ | પેજ નં. | વિગત | અશુધ્ધ | શુધ્ધ |
|---|---|---|---|---|---|---|
| ૧ | – | – | – | જવાબ આપનાર મંત્રીશ્રીઓ ક્રમાંક–(૨) | માધ્યમિક અને પૌઢ શિક્ષણ | માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ |
| ૨ | ૨૪૦૩ | ૧૬ | ૦૭ | જવાબ ખંડ–૨ના પત્રક–અ ની ૧૧મી લીટી | રાજ્યના તમાંમ | રાજ્યના તમામ |
| ૩ | ૨૩૮૯ | ૧૮ | ૦૯ | પ્રશ્ન ખંડ–૨ની પ્રથમ લીટી | શાં લાભા આપવામાં | શાં લાભ આપવામાં |
| ૪ | ૨૪૦૧ | ૫૫ | ૨૮ | જવાબ ખંડ–૨ના પત્રક–અ ની પાંચમી લીટી | અન્શ્યોરંસ | એશ્યોરંસ |
| ૫ | ૨૪૩૯ | ૬૩ | ૩૧ | પ્રશ્ન ખંડ–૧ની ચૌથી લીટી | ભાગ લીધો, અને | ભાગ લીધો, |
| ૬ | ૨૪૦૨ | ૬૮ | ૩૪ | જવાબ ખંડ–૨ના પત્રક–અ ની ૧૧મી લીટી | નેશનલ એજ્યુકેશન પ્રોલિસી–૨૦૨૦ | નેશનલ એજ્યુકેશન પોલિસી–૨૦૨૦ |
| | | | | જવાબ ખંડ–૨ના પત્રક–અ ની ૧૪મી લીટી | તા.૨૪/૦૧/૨૦૨૬ | તા.૨૪/૦૧/૨૦૨૩ |
| | | | | જવાબ ખંડ–૨ના પત્રક–અ ની ૩૭મી લીટી | સેલ કરૂ કર્યો છે. | સેલ શરૂ કર્યો છે. |
| ૭ | ૩૩૫૫ | ૭૭ | ૩૭ | પ્રશ્ન ખંડ–૨ની ત્રીજી લીટી | પ્રાથમિક શાળાઓના આરોડાઓ | પ્રાથમિક શાળાઓના ઓરડાઓ |
| | | | | જવાબ ખંડ–૧ | હા,જી. | હા. |
| ૮ | ૨૫૦૯ | ૯૮ | ૪૬ | જવાબ આપનાર મંત્રીશ્રી | માનનીય પશુપાલન મંત્રીશ્રી | માનનીય ગૌસંવર્ધન મંત્રીશ્રી |
| ૯ | ૨૦૯૭ | ૧૧૮ | ૫૬ | જવાબ ખંડ–૧ના પ્રથમ કોષ્ટકમાં પ્રથમ કોલમની પ્રથમ રો | જિલ્લો | તાલુકો |
| | | | | જવાબ ખંડ–૧ના બીજા કોષ્ટકમાં પ્રથમ કોલમની પ્રથમ રો | જિલ્લો | તાલુકો |
| ૧૦ | ૩૩૫૭ | ૧૧૯ | ૫૭ | પ્રશ્ન ખંડ–૧ની બીજી લીટી | આદિજાતિ વિકાસ દ્વારા | આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા |

---